દરરોજ સવારે રાજકોટ થી પ્રસિદ્ધ થતું

RNI Title Code No. GUJGUJ18141

દૈનિક

# મુંબઈ તરંગ

❖ વર્ષ - 2 ❖ અંક - 314 ❖ બુધવાર 14 મે 2025 ❖ તંત્રી : કાંતિલાલ એ પટેલ ❖ પાનાં 8 ₹3/-

www.mumbaitarang.com Email : mumbaitarangnews@gmail.com

**આજ નો સુવિચાર**

**જીવતર એ કળા છે, જે દરેક ક્ષણ આનંદ સાથે જીવવી જોઈએ.**

## સંક્ષિપ્ત સમાચાર

### પંજાબમાં લઠ્ઠાકાંડ: ઝેરી દારૂના કારણે 15ના મોત, 6ની હાલત ગંભીર

પંજાબના અમૃતસર જિલ્લાના મજીઠામાં સોમવારે (12મી મે) રાત્રે ઝેરી દારૂ પીવાથી 15 લોકોના મોત થયા છે. જ્યારે 5ની હાલત ગંભીર હોવાનું કહેવાય છે, જેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મોટાભાગના મૃતકો ભાંગલી અને મરારી કલાન ગામના રહેવાસી છે. મજીઠા પોલીસ સ્ટેશનના એસએચઓ અવતાર સિંહે જણાવ્યું હતું કે, 'ઝેરી દારૂ પીવાથી 10થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ મામલે વધુ તપાસ કરવામાં આવી રહી છે.' પાંચ લોકોની ધરપકડ કરાઈ અમૃતસરના એસએસપી મનિન્દર સિંહે જણાવ્યું હતું કે, 'ઝેરી દારૂ પીવાથી લોકોના મોત થયા છે. સમગ્ર મામલાની તપાસ કરવામાં આવી રહી છે. આ મામલે પ્રભજીત સિંહની ધરપકડ કરવામાં આવી છે. જે ઝેરી દારૂ સપ્લાય કરવા પાછળનો મુખ્ય સૂત્રધાર છે. તેમની સામે એક્સાઈઝ એક્ટની કલમ 105 BNS અને 61A હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. આ ઉપરાંત પ્રભજીતના ભાઈ કુલબીર સિંહ ઉર્ફે જગ્ગુ અને સાહિબ સિંહ ઉર્ફે સરાઈ, ગુરજંત સિંહ, નિંદર કૌરની પણ ધરપકડ કરવામાં આવી છે.

## ભારતે ચીનમાંથી આયાત થતા ઉત્પાદનો પર પાંચ વર્ષ માટે એન્ટિ ડમ્પિંગ ડ્યુટી લાદી



ભારતનો પાક. સાથે સરહદે તનાવ તો ખતમ થઈ ગયો, પરંતુ ભારતે પાક.ને સમર્થન આપનારા દેશોને લક્ષ્યાંક બનાવવા માંડયા છે. ભારતે ચીન પર ટેરિફ બોમ્બ ફોડતા ચીનમાંથી આયાત થતાં ટાઈટેનિયમ ડાયોક્સાઈડ પર એન્ટી ડમ્પિંગ ડ્યુટી લગાવી છે. આ ડ્યુટી આગામી પાંચ વર્ષ માટે લગાવાઈ છે. નાણા મંત્રાલયે પ્રતિ ટન ૪૬૦થી ૬૮૧ ડોલર વચ્ચેની એન્ટી ડમ્પિંગ ડ્યુટીને નોટિફાઈ કરી છે. આ નિર્ણય ભારતના ડાયરેક્ટર જનરલ ઓફ ટ્રેડ રેમેડીઝ (ડીજીટીઆર) દ્વારા લેવામાં આવ્યો છે. ટાઈટેનિયમ ઓક્સાઈડનો ઉપયોગ લગભગ બધા જ ઉદ્યોગોમાં કરવામાં આવે છે.

તેમા પેઈન્ટ, પ્લાસ્ટિક, કાગળ, ખાદ્ય ઉદ્યોગ સામેલ છે. આના પગલે તેની સાથે સંલગ્ન ભારતીય કંપનીઓ પર આ ચુકાદાની અસર જોવા મળશે. તેમા પણ ખાસ કરીને પેઈન્ટ્સ સાથે જોડાયેલી કંપનીઓ એશિયન પેઈન્ટ્સ, બર્જર પેઈન્ટ્સ, શાલિમાર પેઈન્ટ્સ સહિત અન્ય કંપનીઓ ફોકસમાં રહેશે. આ ઉપરાંત ગ્લોબલ ટ્રેડ વોરના મુદ્દે અમેરિકા અને ચીન વચ્ચે ચાલતી તનાતની પૂરી થઈ ગઈ છે. અમેરિકન ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટ મુજબ તેમણે ચીન સાથે બે દિવસની બેઠક બાદ સમજૂતી કરી છે. તેના લીધે અમેરિકાને ચીન સાથે ૧.૨ ટ્રિલિયન ડોલરની મહેસૂલી ખાધ ઘટાડવા માટે મદદ મળશે. જો કે તેના કારણે વેપાર ખાધમાં ઘટાડો થશે કે નહીં તેનો ખુલાસો કર્યો નથી. આ ઉપરાંત ટેરિફમાં ઘટાડા અંગે પણ કોઈ સ્પષ્ટ જાહેરાત કરી નથી. આમ સરહદ પર પાકિસ્તાન સાથેનો તનાવ ખતમ થયા પછી ભારતે તેને સમર્થન આપનારા દેશોને લક્ષ્યાંક બનાવવાનું શરૂ કરી દીધું છે. ભારતનું આગામી લક્ષ્યાંક તુર્કી હોય તો કોઈને આશ્ચર્ય નહીં થાય.

## પંજાબમાં લઠ્ઠાકાંડ: ઝેરી દારૂના કારણે 15ના મોત, 6ની હાલત ગંભીર


નૂરખાન-બેઝ પર હુમલો કરી ભારતે માત્ર પાકિસ્તાનની સૈન્ય અને પરમાણુ તાકાત ઉપર માત્ર તીવ્ર પ્રહાર કર્યો નથી, પરંતુ તે સાથે દર્શાવી દીધું છે કે ભારત આતંકવાદ અને તેને પુષ્ટિ આપનારાઓ સામે અમે નિર્ણાયક કાર્યવાહી કરવા સક્ષમ છીએ.૨૨ એપ્રિલે પહેલગાંવમાં ૨૬ નિર્દોષ પર્યટકોની આતંકીઓએ કરેલી હત્યાએ બંને દેશો વચ્ચેની તંગદિલીને ચરમ સીમાએ પહોંચાડી છે.ભારતે વળતા પ્રહારમાં ૭ મેના દિને ઓપરેશન-સિંદૂર શરૂ કર્યું. કેટલાએ આતંકી મથકો સાફ કરી નાખ્યાં. તે દિવસે સાંજે પાકિસ્તાનના નૂરખાન બેઝને તોડી નાખ્યું. આ બેઝથી માત્ર થોડે જ દૂર પાકિસ્તાને તેનાં ૧૭૦ પરમાણુ શસ્ત્રો રાખ્યા છે. જો આ મથક તૂટે તો વ્યાપક કિરણોત્સર્ગ થઈ જાય. અમેરિકા તે પરમાણુ શસ્ત્ર-ભંડાર વિષે માહિતગાર છે.



તેને તેની ઉડતી જાણ થતાં ડોનાલ્ડ ટ્રમ્પે નરેન્દ્ર મોદીને ફોન કરી, સીઝ-ફાયર માટે સંમત થવા અનુરોધ કર્યો. તે પૂર્વે પાક. સૈન્યે તો યુદ્ધ વિરામ માટે દરખાસ્ત રજૂ કરી જ હતી. જે સ્વીકારી લેવા ટ્રમ્પે વડાપ્રધાનને ભારપૂર્વક અનુરોધ કર્યો. સંભવ તે પણ છે કે તે ટ્રંક-કોલમાં તેઓએ નૂરખાન-એરબેઝ નજીક રહેલા પાક.નાં પરમાણુ શસ્ત્રો ફાટે તો શી તબાહી થઈ શકે તે વિષે પણ મોદીને કહ્યું હતું. મોદી સીઝ ફાયર માટે સહમત થયા. આમ તે સીઝ ફાયર પાછળ નૂરખાન-એરબેઝની નજીક જ રહેલાં પાકિસ્તાનનાં પરમાણુ શસ્ત્રો બચાવવાની કથની છુપાયેલી છે.આ નૂરખાન એર-બેઝ પહેલા ચકલા-એરબેઝ કહેવાતું હતું. જે ઈસ્લામાબાદથી માત્ર ૧૦ કિ.મી. દૂર જ રાવલપિંડી સ્થિત છે. તે પાકિસ્તાન વાયુસેનાનું મુખ્ય લોજિસ્ટિક હબ છે. જે વીઆઈપી મુવમેન્ટ,રોહી-મિશન અને લાંબા અંતરના મિસાઈલ્સનું સંચાલન કેન્દ્ર પણ છે.સૌથી મહત્વની વાત તે છે કે, આ એરબેઝ પાકિસ્તાનનાં સ્ટ્રેટેજિક પ્લાન્સ ડીવીઝન (એસપીડી) અને નેશનલ કમાન્ડ ઓથોરિટી (એનસીએ)નાં મુખ્ય મથકની તદ્દન નજીક છે. આ એજન્સીએ દેશનાં આશરે ૧૭૦ પરમાણુ શસ્ત્રોની સુરક્ષા અને સંચાલનની જવાબદારી સંભાળે છે.૧૦મી મેની સાંજે ભારતે બ્રહ્મોસ, હેમર અને સ્કાલ્પ મિસાઈલ્સથી નૂરખાન એરબેઝ ઉપર પ્રચંડ હુમલો કર્યો. ન્યૂયોર્ક ટાઈમ્સે જણાવ્યું હતું કે, આ હુમલો એટલો ઝડપી અને ઘાતક હતો કે, પાકિસ્તાનની એર ડીફેન્સ સીસ્ટીમ તે ટ્રેક કરી ન શકી. તે હુમલામાં એર બેઝની પાયાની સુવિધાઓ નષ્ટ ભ્રષ્ટ થઈ ગઈ. પાકિસ્તાન સેનામાં હાહાકાર થઈ ગયો. તેને ખાતરી થઈ ગઈ કે ભારતની મિસાઈલ્સ તેમનાં સંવેદનશીલ સૈન્ય-સ્થાનો સુધી પહોંચી શકે છે. પાકિસ્તાનના વડેરાઓને ખાતરી થઈ ગઈ કે, ભારત પરમાણુ કમાન્ડ સેન્ટર સુધી પહોંચી શકે છે. નૂરખાન એર બેઝ થી માત્ર થોડા જ કિ.મી. ઉપર પાકિસ્તાનનું પરમાણુ કમાન્ડર સેન્ટર ભારતની પ્રહાર ત્રિજ્યામાં આવી ગયું હતું.

## સલામ સેનાને, યશસ્વી કામગીરી: દુનિયામાં ડંકો વગાડયો

ભારત અને પાકિસ્તાન વચ્ચે લાંબા ઘર્ષણ બાદ શસ્ત્રવિરામ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશને સંબોધન કર્યું હતું, જેમાં મોદીએ પાકિસ્તાનને આડેહાથ લીધુ હતું સાથે જ આતંકવાદ, પરમાણુ હુમલાની પાક.ની ધમકીઓ વગેરેને લઈને આકરો સંદેશો આપ્યો હતો. મોદીએ જમ્મુ કાશ્મીરના પહલગામમાં આતંકી હુમલાને પણ યાદ કર્યો હતો. તેમણે કહ્યુ હતું કે કોઈ પણ પ્રકારનું પરમાણુ બ્લેકમેલ ભારત નહીં ચલાવી લે. આ સાથે જ મોદીએ ઓપરેશન સિંદૂરની સફળતા બદલ ભારતીય શસ્ત્ર સેનાના વખાણ કર્યા હતા અને કહ્યું હતું કે ભારત પરમાણુ યુદ્ધથી નહીં ડરે, આતંક સામે ઓપરેશન શરૂ જ રહેશે. પાક. સાથેની સિંધુ જળસંધિ અને આતંકવાદ પર વાત કરતા મોદીએ સ્પષ્ટ કહી દીધુ હતું કે પાણી અને લોહી સાથે ના વહી શકે. મોદીએ સોમવારે રાત્રે આઠ વાગ્યે દેશને સંબોધન કર્યું હતું, જેમાં તેમણે ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતે પાકિસ્તાનના આતંકી વડામથકો બહાવલપુર અને મુરીદકેને ઉડાવ્યા તેનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે ભારતનું ઓપરેશન સિંદૂર પુરુ નથી થયું, ભારત આતંકવાદ અને તેના સમર્થકોને તેમની જ ભાષામાં જવાબ આપશે. ૨૨મી એપ્રીલે જમ્મુ કાશ્મીરના પહલગામમાં આતંકીઓએ ઘાતકી હુમલો કર્યો હતો, જેનાથી સમગ્ર દેશ અને વિશ્વ સ્તબ્ધ થઈ ગયું હતું. પોતાની રજાઓની મજા માણી રહેલા નિર્દોશ લોકોને તેમનો ધર્મ પૂછી પૂછીને પરિવારની સામે જ આતંકીઓએ હત્યા કરી હતી. જ્યારે ભારતે પાકિસ્તાન પર હુમલો કર્યો ત્યારે ન માત્ર આતંકી વડામથકોને ઉડાવ્યા સાથે જ આતંકીઓની હિમ્મતને પણ હચમચાવી નાખી હતી. બહાવલપુર અને મુરીદકે જેવા વડામથકોનો ઉપયોગ ભારત સહિત વિશ્વમાં અનેક આતંકી હુમલા માટે થતો રહ્યો છે. પાકિસ્તાનને આતંકવાદીઓની મદદ કરવા બદલ આડેહાથ લીધુ હતું, મોદીએ કહ્યુ હતું કે જે રીતે પાકિસ્તાન અને તેમની સરકાર આતંકવાદને મદદ કરી રહી છે તે જોતા લાગી રહ્યું છે કે એક દિવસ પાકિસ્તાન ખતમ થઈ જશે. જો પાકિસ્તાન ઈચ્છતુ હોય કે તેને બક્ષી દેવામાં આવે તો સૌથી પહેલા આતંકી સ્થળોનો નાશ કરવો પડશે. જો ભારત અને પાકિસ્તાન વચ્ચે હવે કોઈ વાતચીત થશે તો તે માત્ર આતંકવાદ અને પીઓકે પર જ હશે. ભારતની સ્થિતિ બહુ જ સ્પષ્ટ છે કે આતંકવાદ અને વેપાર એક સાથે ના ચાલી શકે. ભારત હુમલો કરનારા આતંકીઓને આકરો જવાબ અપાશે. ઓપરેશન સિંદૂર માત્ર નામ જ નથી પણ કરોડો ભારતીયોની લાગણીને દર્શાવે છે, આ ઓપરેશન ન્યાય માટેની શપથ છે જે ક્યારેય નહીં તુટે. છેલ્લા કેટલાક દિવસમાં આપણે દેશની સહનશીલતા અને તાકાતનો પરચો કર્યો છે, હું આપણા શસ્ત્ર દળો અને સૈન્યને તેમજ ઈન્ટેલિજન્સ એજન્સીઓ અને વિજ્ઞાનિકોને સલામ કરું છું. સૈન્યને સલામ કરતા મોદીએ કહ્યું હતું કે હું આજે આપણા દેશની તમામ માતાઓ અને બહેનોને આપણા દેશની સેનાની બહાદુરી, હિમ્મતને અર્પણ કરું છું. ભારતીય સૈન્યની મિસાઈલોએ



માત્ર આતંકીઓના સ્થળો જ નહીં તેમની હિમ્મતને પણ ધ્વસ્ત કરી નાખી છે. આતંકના સફાયા માટે ભારતીય સૈન્યને પુરી સ્વતંત્રતા આપી હતી, ભારતની માતાઓ, બહેનોના સિંદૂર હટાવવાનું પરીણામ શું આવશે તે આજે તમામ આતંકીઓ અને તેમના સંગઠનોને સમજાઈ ગયું છે. ભારતીય નેવી, આર્મી, બીએસએફ અને મિલિટરી દળો એલર્ટ પર છે, સર્જિકલ સ્ટ્રાઈક, એર સ્ટ્રાઈક બાદ ઓપરેશન સિંદૂર આતંકવાદ સામેની ભારતની નીતિ છે. આ ઓપરેશને આતંકવાદ સામે એક નવી રેખા ખેંચી નાખી છે. દિવસે બંને દેશોના ડીજીએમઓની વાતચીતમાં શાંતિનું પાક.નું વચન, રાત્રે અટકચાળોમોદીનું ભાષણ પુરું થતા જ પાકિસ્તાને શસ્ત્રવિરામનો ભંગ કરી ડ્રોન છોડયા* સાંબા પાસે અનેક ડ્રોન દેખાયા, જેને ભારતની ડિફેન્સ સિસ્ટમે તોડી પાડયાની શક્યતા, કેટલાક સરહદી વિસ્તારોમાં બ્લેકઆઉટશ્રીનગર : સોમવારે રાત્રે આઠ વાગ્યે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશને સંબોધન કર્યું, મોદીનું સંબોધન પૂર્ણ થતા જ પાકિસ્તાને ફરી સરહદે અટકચાળો શરૂ કરી દીધો હતો.

## ચેન્નાઈમાં ૧૩ વર્ષની કિશોરી પર ૧૨ લોકોનો બળાત્કાર




ચેન્નાઈના પલ્લવરમની પાસે ૧૩ વર્ષની કિશોરીની સાથે અનેક વખત બળાત્કાર કરવાના આરોપમાં ૧૨ લોકોની ધરપકડ કરવામાં આવી છે. તેમાં ૬ સગીર કિશોર પણ સામેલ છે.આ કૃત્ય એ સમયે સામે આવ્યું જ્યારે પેટમાં દુઃખાવાની ફરિયાદ પર છોકરીની માતા તેને ચેંગલપટ્ટુ સરકારી હોસ્પિટલમાં લઈ ગઈ હતી. ત્યાં જાણવા મળ્યું કે તે ગર્ભવતી છે. ત્યારબાદ પીડિતાએ સમગ્ર વાત જણાવી હતી.ત્યારબાદ હોસ્પિટલ વહીવટીતંત્રની તરફથી પલ્લવરમ પોલિસને જાણ કરવામાં આવી હતી. પોલિસે પીડિતાની ફરિયાદને આધારે આરોપીઓની વિરુદ્ધ આઈપીસી અને પોક્સો એક્ટની સંબધિત કલમો હેઠળ કેસ દાખલ કરી તપાસ શરૂ કરી હતી.પોલીસે આ કેસમાં પીડિતાની માતાને તેની સંડોવણીના આધારે તેની વિરુદ્ધ પણ કેસ દાખલ કર્યા પછી ધરપકડ કરી લીધી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર કિશોરી પોતાના ઘરમાં એકલી રહેતી હતી.

તેના માતા-પિતા બંને કામના સંદર્ભમાં ઘરની બહાર જતા રહેતા હતાં. આ દરમિયાન એક સગીર આરોપી તેના ઘરે પાણીની બોટલ આપવા આવતો હતો. તેણે બાળકીને ઘરમાં એકલી જોઈને તેના પર બળાત્કાર ગુજાર્યો હતો.પીડિતાએ પોતાની માતાને આ ઘટનાની જાણ કરી પણ તે ચૂપ રહ્યાં હતાં. જેના કારણે આરોપીનું મનોબળ વધી ગયું હતું. કેટલાક દિવસ પછી તે પોતાના એક મિત્રને લઈને તેના ઘરે આવ્યો હતો. બંનેએ સાથે મળીને તેના પર બળાત્કાર ગુજાર્યો હતો.પીડિતા સતત પોતાની માતાને ફરિયાદ કરતી રહી પણ તેની માતા ધ્યાન આપતી ન હતી. જ્યારે કિશોરી ગર્ભવતી બની ત્યારે બળાત્કારની ઘટના સામે આવી હતી.આરોપીઓની ઓળખ ૧૯ વર્ષીય નંદકુમાર, ૧૮ વર્ષીય સંજયકુમાર, ૧૮ વર્ષીય સંજય, ૨૨ વર્ષીય મુદ્દિયુર સૂર્યા, ૨૨ વર્ષીય ઈસા પલ્લવરમ નિકસન અને સાત સગીર કિશોરો તરીકે કરવામાં આવી છે.

## મહારાષ્ટ્રના વાશીમમાં અજંપો: બે જૂથ વચ્ચે હિંસા, ઘરો અને વાહનો પર પથ્થરમારો

મહારાષ્ટ્રના વાશીમ જિલ્લામાં ગઈકાલે રાત્રે 9 થી 10 વાગ્યાની વચ્ચે બે જૂથો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી, જેના કારણે વિસ્તારમાં તણાવ ફેલાયો હતો. આ ઘટના બાદ કેટલીક જગ્યાએ પથ્થરમારા થયાની માહિતી પણ સામે આવી છે. મોટી સંખ્યામાં લોકો રસ્તાઓ પર ખૂબ જ ઝડપે બાઈક ચલાવતા જોવા મળ્યા હતા અને પોલીસ વાન તેમનો પીછો કરતી જોવા મળી હતી.જૂથો વચ્ચેની લડાઈ પાછળના કારણ હજુ સુધી સામે નથી આવ્યું જોકે પોલીસે હજુ સુધી આ મામલે સત્તાવાર રીતે કોઈ માહિતી શેર કરી નથી,



પરંતુ તેમનું કહેવું છે કે હાલમાં પરિસ્થિતિ નિયંત્રણમાં છે. પોલીસ સતત પેટ્રોલિંગ કરી રહી છે અને શંકાસ્પદોની ધરપકડ કરી રહી છે. જૂથો વચ્ચેની લડાઈ પાછળનું કારણ શું હતું તે અંગે પોલીસ વહીવટીતંત્ર દ્વારા હજુ સુધી કોઈ પુષ્ટિ કરવામાં આવી નથી. બે જૂથો વચ્ચેના વિવાદ બાદ પરિસ્થિતિ વધુ વણસીવાશીમ શહેરના પટણી ચોક વિસ્તારમાં બે જૂથો વચ્ચે થયેલા વિવાદ બાદ પરિસ્થિતિ વધુ વણસી ગઈ હતી. તેની અસર બગવાનપુરા, દાંડે ચોક અને ગણેશપેઠ જેવા વિસ્તારોમાં પણ જોવા મળી હતી. રાત્રે 11 વાગ્યાની આસપાસ, કેટલાક અસામાજિક તત્વોએ ત્યાંના કેટલાક ઘરો અને વાહનો પર પથ્થરમારો કર્યો.આ પથ્થરમારામાં ઘણા લોકો ઘાયલ થયા હતા, જેમને જિલ્લા હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. આ ઉપરાંત ઘણા ટુ-વ્હીલરમાં પણ તોડફોડ કરવામાં આવી હતી.આ પણ વાંચો: પહલગામ હુમલાથી લઈને સીઝફાયર સુધી... ભારત-પાકિસ્તાન સંઘર્ષ પર સંસદીય સમિતિને જાણકારી આપશે વિદેશ સચિવપોલીસે ઘટનાસ્થળે પહોંચી પરિસ્થિતિ કાબુમાં લીધીઘટનાની માહિતી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને પરિસ્થિતિને કાબૂમાં લીધી. હાલમાં સમગ્ર વિસ્તારમાં ભારે પોલીસ બંદોબસ્ત તૈનાત છે. વહીવટીતંત્રે નાગરિકોને અફવાઓ પર ધ્યાન ન આપવા અને શાંતિ જાળવવા અપીલ કરી છે. શહેરમાં હાલમાં તણાવપૂર્ણ શાંતિનું વાતાવરણ છે.

## યુદ્ધવિરામ થતાં બંધ 32 એરપોર્ટ ફરીથી શરૂ કરાયા



પાક. સાથેના સંઘર્ષના પગલે ભારતે ૧૫ મે સુધી ૩૨ એરપોર્ટ બંધ રાખવાની જાહેરાત કરી હતી, પરંતુ યુદ્ધવિરામના પગલે ભારતે સોમવારે જ બધા બંધ કરેલા એરપોર્ટ ખોલી દીધા હતા. ભારત અને પાકિસ્તાન બંને શનિવારે સરહદ પર સ્થિતિ વણસતી અટકાવવા માટે સંમત થયા પછી ચંદીગઢ અને અમૃતસર સહિતના અસરગ્રસ્ત વિસ્તારોમાં એરપોર્ટ ફરીથી શરૂ કરવામાં આવ્યા છે. ભારતીય હવાઈદળની સૂચનાના પગલે આ એરપોર્ટ બંધ કરવામાં આવ્યા હતા. આ બતાવે છે કે અગાઉ જે પણ વિસ્તારોમાં બધી પ્રવૃત્તિઓ અટકાવી દેવાઈ હતી તે હવે ફરીથી શરૂ કરી શકાશે. એર ટ્રાફિકમાં ગીચતા ટાળવા અને સ્થાનિક તથા આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓને ફાયદો થાય તે હેતુથી આ પગલું લેવામાં આવ્યું છે.એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ જણાવ્યું હતું કે ૩૨ એરપોર્ટ ૧૫મી જુનના સાડા પાંચ વાગ્યા સુધી બંધ રાખવામાં આવનાર હતા તે હવે સ્થિતિમાં સુધારો થતાં આજથી જ ખોલી દેવાયા છે. આમ હવે પ્રવાસીઓ આ બધા એરપોર્ટ પર તેમની એરલાઈન્સ પાસેથી તેમનું ફ્લાઈટ સ્ટેટસ ચેક કરી શકશે. પ્રારંભમાં ૨૪ એરપોર્ટ બંધ કરવામાં આવ્યા હતા, પછી આ આંકડો વધારીને ૩૨ એરપોર્ટનો કરવામાં આવ્યો હતો. આજે ફરીથી ખૂલેલા ૩૨ એરપોર્ટમાં જૈસલમેર, જામનગર, જોધપુર, ઉધમપુર, અંબાલા, અવંતીપુર, ભટિંડા, ભુજ, બિકાનેર, હલવારા, હિંડોન, કંડલા, કાગરા, કેશોદ, કિશનગઢ, કુલુમનાલી, લેહ, લુધિયાણા, મુંદ્રા, નલિયા, પઠાણકોટ.

## તંત્રી લેખ



### યુદ્ધ જેવી પરિસ્થિતિઓમાં શાંતિની વાહિયાત વાતો, સૌથી ખરાબ દુશ્મન સામે શાંતિની વિનંતી કરવી એ એક પ્રકારની આત્મહત્યા છે.

કટોકટીના સમયમાં જ રાષ્ટ્ર, સમાજ અને વ્યક્તિનું સાચું પાત્ર પ્રગટ થાય છે. ભારતીય સેના અને નેતૃત્વએ પાકિસ્તાનની હિંમત અને આતંકવાદી કૃત્યોનો જે હિંમતથી જવાબ આપ્યો તે માત્ર પ્રશંસનીય જ નહીં પણ ગર્વની વાત પણ છે. પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં નિર્દોષ લોકોના મોતથી દેશની સામાન્ય જનતા રોષે ભરાઈ ગઈ હતી. તેના મનમાં બદલાની ભાવના હતી.દુનિયા જાણે છે કે પાકિસ્તાન શરૂઆતથી જ આતંકવાદનું પ્રાયોજક રહ્યું છે. તેને પાઠ ભણાવવા માટે, ભારતે તેના પર એટલો જોરદાર હુમલો કર્યો કે તે ગભરાઈ ગયો. તેણે આપણા નિર્દોષ પ્રવાસીઓને મારી નાખ્યા, ભારતે તેના ઘરમાં ઘૂસીને તેના આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો. આ સમયની માંગ હતી, જે કોઈપણ કિંમતે પૂર્ણ થવી જોઈતી હતી. આપણી સરકાર અને સેનાએ આ સિદ્ધ કર્યું, ભલે આપણે જાણીએ છીએ કે મુંબઈ હુમલા પછી આપણે કંઈ ન કરવાની નીતિ અપનાવી અને પરિણામે આપણને કાયર કહેવામાં આવ્યા.આના કારણે પાકિસ્તાનની હિંમત વધુ વધી ગઈ. જ્યારે બહાદુરીના અભૂતપૂર્વ લશ્કરી ઓપરેશન, ઓપરેશન સિંદૂરમાં તેના આતંકવાદી ઠેકાણાઓના વિનાશથી ગુસ્સે ભરાયેલા પાકિસ્તાને ભારત પર ડ્રોન હુમલા શરૂ કર્યા, ત્યારે ભારતીય સેનાએ તેને કહેવાનું શરૂ કર્યું કે તે હવે મુશ્કેલીમાં છે. આવા સમયે, કહેવાતા નકલી શાંતિપ્રેમીઓ અને ઉદારવાદીઓનું એક જૂથ સક્રિય થયું. તેણે શાંતિનું ગીત ગાવાનું શરૂ કર્યું અને 'યુદ્ધને ના કહો' ના નારા લગાવ્યા. હમાસ જેવા દુષ્ટ પાકિસ્તાની દળોને પાઠ ભણાવવાની જરૂરિયાત પર ભાર મૂકવાને બદલે, તેમણે ભારતને તણાવ ઓછો કરવાની સલાહ આપવાનું શરૂ કર્યું. તેને અચાનક યુદ્ધથી થયેલી તબાહી યાદ આવવા લાગી.જે લોકો પહેલગામ હુમલા બાદ ભારત સરકારને કડક પગલાં લેવાનું કહી રહ્યા હતા, તેમણે અચાનક સંયમનો ઉપદેશ આપવાનું શરૂ કરી દીધું. પહેલગામના પીડિતોને ભૂલીને, તેમને પાકિસ્તાનના સામાન્ય નાગરિકો યાદ આવવા લાગ્યા. આવા લોકોની લાગણીઓ પસંદગીયુક્ત કેમ હોય છે? એ યાદ રાખવું જોઈએ કે ભૂતકાળમાં ભારતે વિદેશી આક્રમણકારો કે બહારના લોકોથી એટલું સહન કર્યું ન હતું જેટલું તેના પોતાના લોકોની મૂંઝવણ અને પ્રતિકૂળ પરિસ્થિતિઓનો હિંમતભેર સામનો ન કરવાની તેમની વૃત્તિથી થયું હતું. શું એ સાચું નથી કે અંગ્રેજોએ ભારત સામે એવી કોઈ લડાઈ જીતી નથી જેમાં ભારતીય સૈનિકો સામેલ ન હોય?તે સૈનિકો કોઈ મજબૂરીમાં હશે, પણ આપણા આજના દંભી ઉદારવાદી વર્ગને કોઈ મજબૂરી નહોતી. છેવટે, તેમણે રાષ્ટ્રીય હિતને બીજા બધા કરતા ઉપર કેમ ન રાખ્યું? જ્યારે આપણે આપણી સામે ઉભેલા શૈતાની દુશ્મનને પાઠ ભણાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ ત્યારે શાંતિ વિશે વાત કરવી એ સેનાના મનોબળને નબળો પાડવા સિવાય બીજું કંઈ નથી.આવા તત્વોની સમસ્યા એ છે કે ભારત તરફથી અતાંકિસ્તાન એટલે કે પાકિસ્તાન વિરુદ્ધ તીવ્ર પ્રતિક્રિયા આવતાની સાથે જ તેઓ અવતરણો અને કવિતાઓ યાદ રાખવા લાગે છે. કોઈએ આ તકવાદી ઉદારવાદી તત્વો અને નકલી શાંતિ પ્રેમીઓને સમજાવવું જોઈએ કે તેઓ જે કહેવાતી સ્વતંત્રતા, ઉદારવાદ અને બિનસાંપ્રદાયિકતાનો પ્રચાર કરે છે.

-દિલીપ નાનજીભાઈ પટેલ

# ભારતીયો માટે પ્લાસ્ટિક 'ફાંસીનો ફંદો!':વર્ષમાં એક લાખ લોકોએ જીવ ગુમાવ્યા, રોજિંદા વપરાશમાં આવતી વસ્તુઓમાં ખતરનાક કેમિકલ સામેલ

આપણા રોજિંદા જીવનમાં પ્લાસ્ટિકનો ઉપયોગ ખૂબ જ વધારે છે. લંચ બોક્સ અને પાણીની બોટલોથી લઈને શેમ્પૂની બોટલ અને રસોડાના કન્ટેનર સુધી, આપણે પ્લાસ્ટિકની બનેલી ઘણી બધી વસ્તુઓનો ઉપયોગ કરીએ છીએ પરંતુ શું તમે જાણો છો કે, પ્લાસ્ટિકમાં રહેલા કેટલાક કેમિકલ આપણા સ્વાસ્થ્ય માટે ખતરનાક બની શકે છે.તાજેતરમાં, 'ધ લેન્સેટ ઈ-બાયોમેડિસિન' જર્નલમાં પ્રકાશિત થયેલા એક અભ્યાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. જે મુજબ, પ્લાસ્ટિકને નરમ કરવા માટે Di(2-ethylhexyl) phthalate (DEHP) નામના એક ખાસ કેમિકલનો ઉપયોગ કરવામાં આવે છે. આ કેમિકલ હૃદય રોગથી થતાં મૃત્યુ સાથે જોડાયેલું છે. DEHP સામાન્ય વસ્તુઓ જેમ કે, ફૂડ કન્ટેનર, તબીબી સાધનો, રમકડાં અને સૌંદર્ય પ્રસાધનોમાં જોવા મળે છે.અભ્યાસ મુજબ, DEHPના સંપર્કમાં આવવાના કારણે વર્ષ 2018માં 55-64 વર્ષના લગભગ 3.5 લાખ લોકોના મૃત્યુ થયા. આ તમામ મૃત્યુ હૃદયરોગ સાથે સંકળાયેલા હતા. તેમાંથી ફક્ત ભારતમાં 1 લાખ 3 હજારથી વધુ મૃત્યુ નોંધાયા હતા, જે વિશ્વમાં સૌથી વધુ છે. ચીન અને ઈન્ડોનેશિયા જેવા પ્લાસ્ટિકના મોટા ઉત્પાદક દેશોમાં પણ તેના કારણે હજારો લોકોના મોત થયા.આ સ્ટડી ન્યૂયોર્ક યુનિવર્સિટીના સંશોધકો દ્વારા વિશ્વના 200 દેશોમાં કરવામાં આવ્યો છે. અભ્યાસ દર્શાવે છે કે, પ્લાસ્ટિકમાં રહેલું આ કેમિકલ આપણા સ્વાસ્થ્ય માટે ગંભીર જોખમ છે અને તેના પર ધ્યાન આપવું ખૂબ જ જરૂરી છે.તો, આજે 'ફિઝિકલ હેલ્થ' કોલમમાં આપણે DEHPના સંભવિત જોખમો વિશે વાત કરીશું. સાથે એ પણ જાણીશું કે-DEHP શું છે અને તે આપણા શરીરમાં કેવી રીતે પહોંચે છે?આ સંભવિત જોખમથી બચવા માટે શું કરવું જોઈએ?DEHP એટલે શું?DEHP- Di(2-ethylhexyl) phthalate (DEHP), એક પ્રકારનું કેમિકલ છે, જેનો ઉપયોગ પ્લાસ્ટિકને નરમ કરવા માટે થાય છે. તેને પ્લાસ્ટિસાઈઝર પણ કહેવામાં આવે છે. તે પર્યાવરણના લગભગ તમામ ભાગોમાં હાજર છે. ઔદ્યોગિક વિસ્તારોમાં તેનું પ્રમાણ વધુ છે. સામાન્ય લોકો અને કારખાનાઓમાં કામ કરતા લોકો બંને તેના સંપર્કમાં આવી શકે છે.તેનો ઉપયોગ મોટે ભાગે પોલીવિનાઈલ ક્લોરાઈડ (PVC) પ્લાસ્ટિકથી બનેલી વસ્તુઓમાં થાય છે. જોકે, દરેક ઉત્પાદનમાં તેની માત્રા અલગ અલગ હોઈ શકે છે. DEHPનો ઉપયોગ કયા પ્રકારના ઉત્પાદનોમાં સૌથી વધુ થાય છે? નીચે આપેલા ગ્રાફિક પરથી જાણીએ-DEHP શરીરની અંદર કેવી રીતે પહોંચે છે?આ કેમિકલ ખોરાક, પાણી, ત્વચાના સંપર્ક અને હવામાં શ્વાસ લેવા મારફતે શરીરમાં પ્રવેશી શકે છે. ઉદાહરણ તરીકે, ગરમ ખોરાકને પ્લાસ્ટિકના ફૂડ કન્ટેનરમાં પેક કરીને માઈક્રોવેવમાં ગરમ કરવાથી DEHP ખોરાકમાં પ્રવેશી શકે છે. ઉપરાંત, તેના નાના કણો હવામાં હાજર રહે છે, જે શ્વાસ મારફતે શરીરમાં પ્રવેશી શકે છે.આ કેમિકલ્સ લોશન અને ક્રીમ જેવા કૉસ્મેટિક પ્રોડક્ટ્સના ઉપયોગથી પણ શરીરમાં પ્રવેશી શકે છે. ઉપરાંત, તે લોહી ચઢાવવા અને ડાયાલિસિસ જેવી તબીબી પ્રક્રિયાઓ દરમિયાન પણ શરીરમાં પ્રવેશી શકે છે.DEHP સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમીઆ કેમિકલ શરીરના હોર્મોનલ સંતુલનને ખલેલ પહોંચાડી શકે છે. તેનાથી સ્વાસ્થ્ય પર ખરાબ અસર પડી શકે છે. લાંબા સમય સુધી તેના સંપર્કમાં રહેવાથી શરીરમાં ઈમ્ફ્લેમેશન




(સોજા સાથે બળતરા) વધી શકે છે, જેનાથી હૃદય રોગનું જોખમ વધી શકે છે. ઉપરાંત, આ કેમિકલ્સ શરીરમાં ચરબીને યોગ્ય રીતે પચવા દેતા નથી, જેનાથી મેદસ્વિતા, ડાયાબિટીસ અને અન્ય ગંભીર બીમારીઓ થઈ શકે છે.ચિંતાજનક બાબત એ છે કે, દરરોજ ઓછી માત્રામાં ઉપયોગ કરવાથી પણ, આ ધીમે ધીમે શરીરમાં જમા થાય છે, જે લાંબા ગાળે જોખમ વધારે છે. તેનાથી અનેક પ્રકારની સ્વાસ્થ્ય સમસ્યાઓ થઈ શકે છે. નીચે આપેલા ગ્રાફિક પરથી આ સમજીએ-ફૂડ કોન્ટેક્ટ પ્લાસ્ટિકમાં DEHPના ઉપયોગ પર મર્યાદા નક્કી કરાઈ છેભારતમાં ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI)એ ફૂડ કૉન્ટેક્ટ પ્લાસ્ટિકમાં DEHP માટે માઈગ્રેશન લિમિટ નક્કી કરી છે. FSSAIએ તેની મર્યાદા 1.5 મિલિગ્રામ/કિલો નક્કી કરી છે. આ નિયમ 31 ઓગસ્ટ 2022થી લાગુ થશે. તેનો હેતુ ખોરાકના સંપર્કમાં આવતા પ્લાસ્ટિકને સુરક્ષિત રાખવાનો છે. જોકે, તેનો ઉપયોગ હજુ પણ નૉન-ફૂડ પ્લાસ્ટિક પ્રોડક્ટ્સ અને તબીબી સાધનોમાં વ્યાપકપણે થાય છે.DEHPના જોખમને ટાળવું જરૂરીDEHP આપણા રોજિંદા જીવનમાં વપરાતા ઘણા ઉત્પાદનોમાં હાજર છે. તેથી તેને ટાળવું થોડું પડકારજનક છે. જોકે, આ જોખમથી બચવા માટે કેટલાક મહત્વપૂર્ણ પગલાં લઈ શકાય છે. તેમાં સૌથી મહત્વપૂર્ણ પગલું એ છે કે, શક્ય તેટલો પ્લાસ્ટિક ઉત્પાદનોનો ઉપયોગ ટાળવો. આ ઉપરાંત, કેટલીક અન્ય બાબતોનું પણ ધ્યાન રાખવું જરૂરી છે. નીચે આપેલા ગ્રાફિક પરથી જાણીએ-DEHP અને પ્લાસ્ટિકના નુકસાન સંબંધિત સામાન્ય પ્રશ્નો અને જવાબોપ્રશ્ન- શું બધા પ્રકારનાં પ્લાસ્ટિક ખતરનાક હોય છે?જવાબઃ બધા પ્રકારના પ્લાસ્ટિક સમાન રીતે ખતરનાક નથી હોતા પરંતુ કેટલાક અન્ય કરતાં વધુ હાનિકારક કેમિકલ્સ છોડે છે. પ્લાસ્ટિક ઉત્પાદનો પર આપેલા 1, 2, 4, 5 જેવા રેઝિન આઈડેન્ટિફિકેશન કોડ્સ (RIC) તેમની પૉલિમર રચના વિશે માહિતી આપે છે. સામાન્ય રીતે આ ખાદ્ય પદાર્થો માટે સલામત માનવામાં આવે છે પરંતુ તેનો ઉપયોગ મર્યાદિત માત્રામાં કરવો વધુ સારું છે.પરંતુ દરેક કોડ સુરક્ષિત નથી. નંબર 3 (પૉલિવિનાઈલ ક્લોરાઈડ), 6 (પોલિસ્ટીરીન) અને 7 (અન્ય પ્લાસ્ટિક, જેમાં BPA જેવા કેમિકલ હોઈ શકે છે) માંથી બનેલા પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવાની સલાહ આપવામાં આવે છે, કારણ કે તેમાં હાનિકારક કેમિકલ્સ હોઈ શકે છે.પ્રશ્નઃ શું બાળકોને DEHPથી વધુ જોખમ છે?જવાબઃ હા, બાળકોને DEHPથી વધુ જોખમ હોઈ શકે છે, કારણ કે તેમનું શરીર હજુ વિકાસશીલ છે અને તેઓ પુખ્ત વયના લોકો કરતાં કેમિકલ પ્રત્યે વધુ સંવેદનશીલ હોય છે. બાળકો પ્લાસ્ટિકના રમકડાં મોંમાં નાખી શકે છે, જેના કારણે DEHP સીધા તેમના શરીરમાં પ્રવેશી શકે છે. આ ઉપરાંત, ગર્ભાવસ્થા દરમિયાન DEHPના સંપર્કમાં આવવાથી બાળકોમાં વિકાસલક્ષી સમસ્યાઓ થઈ શકે છે.પ્રશ્નઃ શું બધા પ્રકારનાં નરમ પ્લાસ્ટિકમાં DEHP હોય છે?જવાબઃ ના, બધા નરમ પ્લાસ્ટિકમાં DEHP હોતું નથી. આ ઉપરાંત, થેલેટ એસ્ટર, એડિપેટ્સ, સાઇટ્રેટ્સ અને બાયો-બેસ્ડ પ્લાસ્ટિસાઇઝર્સનો પણ ઉપયોગ થાય છે. ઉત્પાદન પરના લેબલ જોઈને તમે જાણી શકો છો કે તેમાં કયા કેમિકલનો ઉપયોગ કરવામાં આવ્યો છે.પ્રશ્ન-શરીરમાં DEHP છે કે નહીં એ શોધવા માટે કોઈ મેડિકલ ટેસ્ટ છે?જવાબઃ હા, DEHP મેટાબોલાઇટ્સની માત્રા માપવા માટે યુરિન ટેસ્ટ ઉપલબ્ધ છે.

# શું તમારું જીવન નકારાત્મક બની ગયું છે?:કૃતજ્ઞતાનો અભિગમ અપનાવતા જ નસીબ બદલાઈ જશે! સફળતા સુધી પહોંચવાના 4 સરળ સ્ટેપ

અમેરિકાના ફેમસ મીડિયા આઈકોન ઓપ્રાહ વિન્ફ્રેનું જીવન મુશ્કેલ સંઘર્ષોથી ભરેલું રહ્યું છે. બાળપણમાં ગરીબી, શોષણ અને અપમાનનો સામનો કરવા છતાં, તેમણે ક્યારેય હાર માની નહીં. જ્યારે ઓપ્રાહને એક ઈન્ટરવ્યૂમાં પૂછવામાં આવ્યું કે- તે આ મુશ્કેલ જીવનથી કેવી રીતે આગળ વધી અને આટલી સફળ થઈ, ત્યારે ઓપ્રાહ હસીને બોલી-QuoteImageમેં દરરોજ રાત્રે સૂતા પહેલા એવી બાબતોની યાદી બનાવવાનું શરૂ કર્યું જેના માટે હું આભારી હતી. ધીમે ધીમે મારું ધ્યાન દુઃખોથી તકો તરફ સરક્યું. આ મારી શક્તિ બની ગઈ.QuoteImageઓપ્રાહ કહે છે કે- ગ્રેટિટ્યુડ જર્નલ લખવી એ તેમના જીવનનો એક વળાંક હતો. આજે, ભલે તે વૈશ્વિક પ્રતિષ્ઠા ધરાવે છે, તે હજુ પણ દરરોજ કૃતજ્ઞતાનો અભ્યાસ કરે છે. કેટલાક લોકો આભાર માનવામાં કે કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં અચકાય છે, જ્યારે કૃતજ્ઞતા એ નબળાઈ નથી પણ તમારી સૌથી મોટી તાકાત હોઈ શકે છે.આજના 'સક્સેસ મંત્ર' કોલમનો વિષય 'કૃતજ્ઞતા' છે. આપણે સમજીશું કે કૃતજ્ઞતા આપણને સફળતાના માર્ગ પર કેવી રીતે દોરી જાય છે. આ આપણા માટે કેવી રીતે તકો ઊભી કરે છે?કૃતજ્ઞતા શું છે? કૃતજ્ઞતા એ એવી લાગણી છે જ્યારે આપણે કોઈ સારા અનુભવ, કોઈ મદદ અથવા કોઈના નાના યોગદાન માટે હૃદયપૂર્વક આભાર અનુભવીએ છીએ. તે ફક્ત 'આભાર' નથી. આ એક એવી માનસિકતા છે જે જીવન પ્રત્યેના આપણા દૃષ્ટિકોણને ફરીથી સેટ કરે છે.શું કૃતજ્ઞતા તમને ઊર્જા આપે છે? કૃતજ્ઞતા એ દિલમાંથી નીકળેલી લાગણી છે. જ્યારે આપણે આભારી હોઈએ છીએ, ત્યારે આપણે ફરિયાદ કરવાને બદલે કદર કરવાનું શીખીએ છીએ. આપણી અંદર એક નવી ઊર્જાનો સંચય થાય છે, જે આપણને સમસ્યાઓને તકમાં પરિવર્તન કરવાની શક્તિ આપે છે.સફળતાનું મૂળઃ કૃતજ્ઞતા1. દ્રષ્ટિકોણમાં ફેરફાર જ્યારે તમે કૃતજ્ઞતા વ્યક્ત કરો છો, ત્યારે




તમારું ધ્યાન તમારી પાસે શું છે તેના પર હોય છે, તમારી પાસે શું નથી તેના પર નહીં. આ દ્રષ્ટિકોણ તમને ખુશી અને ઉત્સાહ સાથે આગળ વધવાની શક્તિ આપે છે.2. પડકારો સાથે મિત્રતા કૃતજ્ઞતા શીખવે છે કે દરેક હાર, દરેક દુઃખ તમને કંઈક શીખવવા માટે આવ્યું છે, પછી મુશ્કેલીઓ તમને તોડી શકતી નથી, પરંતુ તમને સુધારે છે.3. સંબંધોને વેગ આપે છે કૃતજ્ઞતા વ્યક્ત કરવાથી સંબંધો મધુર બને છે અને સફળ લોકો જાણે છે કે 'સંબંધો જ ખરી મૂડી છે.'4. માનસિક સ્વાસ્થ્ય સુધારે છે ઘણા અભ્યાસોમાં જાણવા મળ્યું છે કે જે લોકો કૃતજ્ઞતાનો અભ્યાસ કરે છે તેમનામાં હતાશા, ચિંતા અને તણાવના 30-40% ઓછા લક્ષણો જોવા મળે છે. જ્યારે મન સ્વસ્થ હોય છે, ત્યારે સફળતાનો માર્ગ પણ સરળ બને છે.કૃતજ્ઞતાને આદત કેવી રીતે બનાવવી? ફક્ત તેને જાણવું કે સમજવું પૂરતું નથી. તમારા જીવનમાં કૃતજ્ઞતાનો સમાવેશ કરવો પણ મહત્વપૂર્ણ છે. હવે પ્રશ્ન એ છે કે કેવી રીતે?આ 4 કામ કરો-1. ગ્રેટિટ્યુડ જર્નલ લખો દરરોજ રાત્રે સૂતા પહેલા, ત્રણ એવી બાબતો લખો જેના માટે તમે ખૂબ આભારી છો. ભલે તે ખૂબ નાના હોય, જેમ કે આજનું સુંદર હવામાન કે મિત્રનું હાસ્ય.2. દિલથી 'આભાર' માનો શું



કોઈએ તમને મદદ કરી? શું કોઈએ સારું વર્તન કર્યું? ખચકાટ વિના, તમારા દિલથી તેમનો તરત જ આભાર માનો.3. મુશ્કેલીઓમાંથી શીખો જ્યારે તમે દરેક મુશ્કેલ સમયનો સામનો કરો છો, ત્યારે તમારી જાતને આ પૂછોઃ 'આમાંથી મેં શું શીખ્યા?' તમને ખબર પડશે કે દુઃખ પાછળ પણ એક ગિફ્ટ છુપાયેલી છે.4. બીજાઓ પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવો મમ્મીના હાથનું જમવાનું, ડ્રાઈવરની મહેનત, શિક્ષકની સલાહ - દરેક પ્રત્યે પ્રેમ અને કૃતજ્ઞતાના નાના-નાના હાવભાવ તમારા જીવનને પણ ઉજ્જવળ બનાવશે.આ વાર્તા પરથી સમજો કે કૃતજ્ઞતા માટે વિચારસરણીમાં પરિવર્તન શા માટે જરૂરી છે કલ્પના કરો - એક માણસ રણમાં ભટકતો હતો. તેની પાસે પાણીની એક નાની બોટલ હતી. તે બોટલ આટલી નાની હોવા અંગે ફરિયાદ કરી શક્યો હોત, પણ તે આભારી હતો કે ઓછામાં ઓછું થોડું પાણી તો હતું.

તે હકારાત્મક વિચારસરણીએ તેને જીવવાની શક્તિ આપી અને આખરે તે બચી ગયો. જીવન પણ કંઈક આવું જ છે. આપણી પાસે કેટલું બધું છે તે જોવા માટે કૃતજ્ઞ આંખની જરૂર પડે છે.કૃતજ્ઞતાએ ઓપ્રાહ વિન્ફ્રેને શક્તિશાળી બનાવી ઓપ્રાહ વિન્ફ્રે આજે જે કંઈ છે તેનું કારણ તેનું કૃતજ્ઞ હૃદય છે. કૃતજ્ઞતાના કારણે તેને દુઃખો સામે જીત મેળવી, જીવન જીવવાની નવી શક્તિ મળી અને આખરે તેને સફળતાની ઊંચાઈઓ સુધી પહોંચાડી.તમે પોતે વિચાર કરો કે - આજે હું કઈ બાબતો માટે આભારી છું? તમને ખ્યાલ આવશે કે આજે પણ તમારી પાસે ઘણું બધું છે અને એ જ 'ઘણું' તમને કાલે વધુ ઊંચાઈ સુધી પહોંચાડી શકે છે. તો ચાલો કૃતજ્ઞતાથી જીવનને વધુ સુંદર બનાવીએ.7 દિવસનો ગ્રેટિટ્યુડ ચેલેન્જ અમે તમને 7 દિવસનો ગ્રેટિટ્યુડ ચેલેન્જ આપી રહ્યા છીએ.

તેની મદદથી તમે કૃતજ્ઞતાનો સ્વભાવ વિકસાવી શકો છો.એક અઠવાડિયામાં તમને ફેરફારો જોવા મળશે જો તમે આ ચેલેન્જને 7 દિવસ સુધી ફોલો કરશો, તો માત્ર એક અઠવાડિયામાં તમને તમારી અંદર પરિવર્તન જોવા મળશે. તમને લાગશે કે દુનિયાને જોવાની તમારી રીત અને તમારી વિચારસરણીમાં હકારાત્મકતા છે. તમે પહેલા કરતાં વધુ ખુશ અનુભવશો.

## વડોદરાના છાણી અને આજવા રાત્રિ બજારમાં દુકાનો ભાડે લેવા કોઈ તૈયાર નથી : દુકાનો ભાડે આપવા ફરી જાહેરાત




વડોદરા શહેરના ઉત્તર છેવાડે છાણી ગામના પ્રવેશ દ્વાર નજીક બનાવવામાં આવેલી ફુડ શોપ અને રાત્રી બજારની દુકાન છેલ્લા કેટલાય સમયથી ખાલી પડી છે. આ દુકાનો અંગે પાલિકા તંત્ર દ્વારા વારંવાર જાહેરાતો આપવા છતાં કોઈ ભાડુઆત દુકાન ભાડે લેવા તૈયાર થતા નથી. શહેરના ઉત્તર છેવાડે છાણી ગામના પ્રવેશદ્વાર પાસે બનાવવામાં આવેલી 10 અને સયાજીપુરા આજવા રોડ બાયપાસ ખાતે રાત્રી બજારની 18 દુકાનો ત્રણ વર્ષની મુદત માટે જાહેર હરાજીથી આપવાની છે. આ અંગેની વધુ વિગત જમીન મિલકત શાખા કોમર્શિયલ ખાતેથી કામકાજના દિવસો દરમિયાન મળી શકશે. છાણીની દુકાનો માટે પ્રત્યેક દુકાનની ડિપોઝિટની રકમ 84 હજાર અને રાત્રી બજારની પ્રત્યેક દુકાન માટે ડિપોઝિટની રકમ રૂપિયા 1 લાખ રાખવામાં આવી છે. અરજી પત્રકો પાલીતાની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરીને ભર્યા બાદ આગામી તા.25 મે સુધીમાં પાલિકાની કચેરીએ જમા કરાવવાના રહેશે. આ અંગેની વધુ વિગત જમીન મિલકત શાખા વડોદરા મહાનગરપાલિકા ખંડેરાવ માર્કેટ બિલ્ડિંગ રાજમહેલ રોડ ખાતેથી મળી શકશે.

## વડોદરાના નવાયાર્ડ વિસ્તારમાં દૂષિત પાણીને સમસ્યાથી લોકો હેરાન



વડોદરા શહેરના નવાયાર્ડ વિસ્તારમાં દૂષિત પાણીના પ્રશ્નથી લોકો પરેશાન છે. પીવાનું પાણી ચોખ્ખું નહીં મળતું હોવાથી લોકો અવારનવાર કોર્પોરેશનના રજૂઆત કરવા આવે છે. સરસ્વતીનગરમાં છેલ્લા 15 દિવસથી પીવાનું ગંદુ પાણી આવતા લોકોમાં રોગ ચાળાનો ભય ફેલાયો છે. વર્ષો જૂની લાઈન હોવાથી તે જર્જરિત બનતા પાણી ગંદુ મળે છે. આ લાઈન બદલવા માટે પણ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. બીજી બાજુ ગટર લાઈનો લીકેજ હોવાથી અને પાણીની લાઈન જર્જરિત હોવાથી બંને પાણી મિક્સ થઈને લોકોના ઘર સુધી પહોંચે છે. હજુ તાજેતરમાં મુખ્યમંત્રી વડોદરા આવ્યા ત્યારે તેમની સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી કે શહેરના ચારેય ઝોનમાં સોસાયટી વિસ્તારોમાં ગંદુ પાણી મળે છે, આ સમસ્યા હલ કરવાની જરૂર છે.

## અમદાવાદમાં પાલતૂ શ્વાને 4 માસની બાળકીને બચકાં ભરી ફાડી ખાધી, સીસીટીવીમાં કેદ થયા દ્રશ્યો



આજકાલ મોટા શહેરોમાં કૂતરાં પાળવાનો ટ્રેન્ડ વધ્યો છે. પાલતૂ શ્વાનના ત્રાસના લીધે ફ્લેટના રહીશો વચ્ચે વારંવાર માથકૂટ સર્જાતી હોય છે.

ત્યારે અમદાવાદના હાથીજણ સર્કલ પાસે આવેલી રાધે રેસિડેન્સીમાં પાલતૂ શ્વાને 4 મહિનાની બાળકીને બચકાં ભરતાં તેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જ્યાં ડોક્ટરોની ટીમે બાળકીને મૃત જાહેર કરી હતી. પાલતૂ શ્વાને બચકાં ભરી ફાડી નાખતાં આસપાસના વિસ્તારોમાં અરેરાટી વ્યાપી જવા પામી છે અને પાલતૂ શ્વાનોને લઈને ભારે ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદના હાથીજણ વિસ્તારમાં આવેલી રાધે રેસિડેન્સીમાં રહેતી એક યુવતી સોમવારે રાત્રે પાલતૂ શ્વાન રોટવીલર લઈને નીકળી હતી. આ દરમિયાન તે ફોન પર વાતચીત કરી રહી હતી તે સમયે અચાનક શ્વાન હાથમાંથી છટકી ગયું હતું અને તેણે યુવતી અને ચાર મહિનાની બાળકી પર જીવલેણ હુમલો કરી બચકાં ભર્યા હતા.

આ પણ વાંચો: નખત્રાણાના સમૂહલગ્નમાં આમંત્રિત મહંત પર હિચકારો હુમલો, સાત લોકો સામે ફરિયાદ ત્યારબાદ બાળકીને હોસ્પિટલ લઈ જવામાં આવી હતી, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી.

આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થ હતી. જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. આ મામલે વિવેકાનંદ પોલીસ મથકે ફરિયાદ નોંધવામાં આવી છે.

## અમરેલીના હિમખીમડીપરામાં મદરેસા પર બુલડોઝર ચાલ્યું, મૌલાનાનું પાકિસ્તાન સાથે કનેક્શન



અમરેલી જિલ્લાના હિમખીમડીપરા વિસ્તારમાં આવેલી મદરેસાના મૌલાના મોહમ્મદઝલ અબ્દુલઅઝીઝ શેખનું પાકિસ્તાન કનેક્શન મળી આવ્યું હતું. મૌલાનાના મોબાઈલમાંથી પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના સોશિયલ મીડિયામાં ગ્રૂપ મળી આવ્યા હતા. ત્યારે મંગળવારે (13મી મે) વહીવટી તંત્ર દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે હિમખીમડીપરામાં આવેલી ગેરકાયદે મદરેસામાં પર બુલડોઝર ફેરવી દીધુ હતું. સરકારી જમીન પર મદરેસા ઊભી કરાઈ હતી મળતી માહિતી અનુસાર, હિમખડીપરામાં ગેરકાયદે મદરેસા પર બુલડોઝર ચલાવવામાં આવ્યું છે. જ્યા મૌલાના મોહમ્મદઝલ અબ્દુલઅઝીઝ શેખ રહેતો હતો. આ મૌલાનાની ધરપકડ બાદ રેવન્યુ વિભાગને તપાસ સોંપવામાં આવી હતી. જેમાં સામે આવ્યું હતું કે, મફત ફાળવેલા પ્લોટમાં મદરેસા ઊભી કરવામાં આવી હતી જે અગાઉ સરકારે લાભાર્થીઓને મફત પ્લોટ ફાળવ્યા હતા. આ સરકારી જમીન પર ગેરકાયદે મદરેસા ઊભું કરી દેવાયું હતું. ત્યારે આજે તંત્ર દ્વારા ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરી હતી. ડિમોલિશન સ્થળે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ખડકી દેવાયો હતો. ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લાના હિમખીમડીપરા વિસ્તારમાં આવેલી મદરેસાના મૌલાના મોહમ્મદઝલ અબ્દુલઅઝીઝ શેખનું પાકિસ્તાન કનેક્શન મળી આવ્યું હતું. મૌલાનાના મોબાઈલમાંથી પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના સોશિયલ મીડિયામાં ગ્રૂપ મળી આવતાં એસઓજીની ટીમ ચોંકી ઉઠી હતી. હાલ ગુજરાત A T S મૌલાનાની તપાસ કરી રહી છે.

## પ્રિ-મોન્સૂન કાર્યવાહીમાં ફરી નિષ્ફળતા: શહેરમાં 62000 કેચપીટની સફાઈ પછી પણ વરસાદી પાણી ભરાયા



અમદાવાદના 48 વોર્ડમાં વરસાદી પાણીના ઝડપી નિકાલ માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 67 હજાર પૈકી 62 હજાર કેચપીટ પહેલા તબક્કામાં સાફ કરાઈ હોવાનો દાવો કર્યો છે. તંત્રના દાવા છતાં શહેરમાં પડેલા વરસાદના કારણે પૂર્વ અમદાવાદના અનેક વોર્ડ વિસ્તાર ઉપરાંત બોડકદેવ વોર્ડમાં આવેલા IIM વિસ્તારમાં કલાકો સુધી વરસાદી પાણીનો નિકાલ મ્યુનિસિપલ તંત્ર કરી શક્યું નહતું. મ્યુનિ. હદમાં સમાવાયેલા શેલા વિસ્તારમાં પણ કલાકો સુધી વરસાદી પાણી ઓસરી શક્યા નહતા. કેચપીટ સફાઈનો 92 લાખનો ખર્ચ વેડફાયો શહેરમાં દર વર્ષે પ્રિ-મોન્સૂન ઍક્શન પ્લાન હેઠળ કેચપીટ સફાઈથી લઈ ગટરોમાંથી શિલ્ટ કાઢવા સુધીની કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. આમ છતાં સામાન્ય એક ઈંચ જેવા વરસાદમાં પણ શહેરના અનેક નિચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ફરી વળે છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રિ-મોન્સૂન કામગીરી અંતર્ગત 48 વોર્ડમાં 67,851 પૈકી 62,910 કેચપીટ પહેલા તબક્કામાં સાફ કરાયા હોવાની વિગત પાણી સમિતિની બેઠકમાં આપવામાં આવી હતી. આ પણ વાંચો: રાજકોટમાં નર્સની છરીના ઘા ઝીંકી હત્યા, પોલીસે પાડોશમાં રહેતા શખસની ધરપકડ કરી એક કેચપીટ એક વખત સાફ કરવા મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી કોન્ટ્રાકટર કે એજન્સીને 147 રૂપિયા ભાવ ચૂકવવામાં આવે છે.

તંત્ર તરફથી એવો દાવો કરાયો છે કે, શહેરમાં ગત વર્ષ સુધીમાં કુલ 63523 કેચપીટ હતી. એક વર્ષમાં નવી 4328 કેચપીટ બનાવવામાં આવી છે. સરકારી ગાઈડલાઈન મુજબ, દર વર્ષે 15 જૂનથી ચોમાસાની શરુઆત થતી હોય છે. આ પરિસ્થિતિમાં હજુ બે તબકકામાં 7 ઝોનના 48 વોર્ડમાં આવેલી 67851 કેચપીટ બે વખત સાફ કરાવવાની છે. જે દેખીતી રીતે શક્ય બને એમ જ નથી. શહેરમાં નિકોલ, બકેરી સિટી સહિતના 36 સ્થળોએ આ વર્ષે વરસાદી પાણી ભરાશે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રિ-મોન્સૂન ઍક્શન પ્લાન હેઠળ કેચપીટ સાફ કરાઈ હોવાના દાવા છતાં પૂર્વ ઝોનમાં આવેલા નિકોલ વોર્ડમાં આવેલા મધુમાલતી આવાસ ઉપરાંત વેજલપુરમાં આવેલા બકેરી સિટી સહિત અલગ અલગ કુલ 36 સ્પોટ ઉપર વરસાદી પાણી ભરાશે. નિકોલ વિસ્તારમાં સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઇન નાખવાની કામગીરી માટે મંજૂરી અપાઈ છે. બકેરી સિટી વિસ્તારમાં પણ વરસાદી પાણી નિકાલ માટે ચોમાસા પહેલા સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઇન નાખવાની કામગીરી પૂરી થઈ શકે એમ નથી.

## વડોદરાના નિઝામપુરા વિસ્તારમાં દોઢ મહિનાથી ડ્રેનેજ લાઈનની કામગીરીથી લોકો પરેશાન



વડોદરા શહેરના નિઝામપુરા વિસ્તારમાં અશોક સોસાયટી અને સત્કાર સોસાયટીની પાસે કોર્પોરેશન દ્વારા છેલ્લા દોઢ મહિનાથી ડ્રેનેજ લાઈનનું કામ ચાલુ કર્યું છે જે ગોકળ ગાયની ગતિથી ચાલતા લોકો હેરાન પરેશાન થઈ ગયા છે. વારંવાર રજૂઆત કરવા છતાં કામ ઝડપથી પૂર્ણ કરવામાં આવતું નથી. વોર્ડ નંબર એકના કોંગ્રેસના સિનિયર મહિલા કોર્પોરેટરના કહેવા મુજબ અહીં ગટરની સમસ્યા હોવાથી મોટા ડાયા મીટરની ગટર લાઈન નાખવાની કામગીરી ચાલુ થઈ છે. સબ કોન્ટ્રાક્ટર દ્વારા આડેધડ ખોદકામ કરી નાખવામાં આવ્યું છે, અને ગટર લાઈનના મેન ચેમ્બર માટે પાંચ સાત ફૂટ ઊંડા ખાડા કર્યા છે. લોકોના ઘર સુધી ખોદકામ થયું છે. હાલ વરસાદી માહોલ છે અને રાત્રે અંધારામાં કોઈ પડે તો બહાર પણ નીકળી ન શકે તેવી સ્થિતિ છે. બીજું, ખોદકામ કર્યા બાદ આજુબાજુમાંથી લાઈન લીકેજ હોવાના કારણે તેનું ગંદુ પાણી સતત આવતું રહે છે, એટલે ખાડો ભરાયેલો જ રહે છે. પરિણામે કામગીરી પણ થઈ શકતી નથી. આજુબાજુની લાઈનો બંધ કરી પંપીંગથી પાણી ઉલેચી ખોદકામવાળી જગ્યા ખાલી થાય તો કામ થઈ શકે તેવી પરિસ્થિતિ છે.

## સાયબર એટેક ઈફેક્ટ : વડોદરા કોર્પોરેશને ફાયર વોલ ચેક કરાવ્યું, બધા સોશિયલ પ્લેટફોર્મ સુરક્ષિત




ભારત અને પાકિસ્તાન વચ્ચે સર્જાયેલા યુદ્ધ બાદ બંને દેશો દ્વારા થઈ રહેલા સાયબર એટેક અને તેના પ્રયાસ પછી વિવિધ એજન્સી અને સરકારી તંત્ર એલર્ટ બન્યું છે. ત્યારે વડોદરા કોર્પોરેશને પણ આ બાબતે તકેદારી લઈ ₹ફાયર વોલ₹ ચેક કરાવી છે અને પાલિકાની વેબસાઈટ તથા અન્ય સોશિયલ પ્લેટફોર્મ સંપૂર્ણ સુરક્ષિત હોવાનો દાવો કરવામાં આવ્યો છે. પહેલગામમાં થયેલ આતંકવાદી હુમલા બાદ ભારતે કડક પગલાં લઈ પાકિસ્તાનના વિવિધ આતંકવાદી કેમ્પ પર હુમલા કર્યા હતા. જેના બીજા દિવસે ભારતે પાકિસ્તાનની એર ડિફેન્સ સિસ્ટમ વ્યસ્ત કરી દીધી હતી.

તે પછી ભારતમાં ખાસ કરીને સાયબર એટેક થાય તે દ્રષ્ટિએ ડિફેન્સ સહિત અનેક સરકારી વેબસાઈટ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ બાબતે ખાસ સતર્કતા દાખવવામાં આવી રહી છે. ભારત-પાકિસ્તાન યુદ્ધ વચ્ચે સાયબર એટેક પણ એક મહત્વનો હુમલો હોઈ શકે છે. જેથી કોર્પોરેશનનું આઈટી વિભાગ પણ સજાગ છે. પાલિકાના આઈટી ડાયરેક્ટર મનીષ ભટ્ટે જણાવ્યું હતું કે, અમે કોર્પોરેશનની વેબસાઈટ અને તેના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર સતત નજર રાખી રહ્યા છે અને યુદ્ધ બાદ અમે ₹ફાયર વોલ₹ પણ ચેક કરાવ્યું છે.

જેમાં કોઈ કન્ટેન્ટ વર્ચ્યુઅલથી કે બહારથી આવે તેને ચેક કરીએ છીએ અને પછી તેને એક્સેસ કરવું કે નહીં? તે જોયા પછી આગળની પ્રક્રિયા કરવામાં આવે છે. જે લોકો વેબ એક્સેસ અને સર્વર ક્લાઉડ ઉપર હોય તેઓએ ખાસ એલર્ટ રહેવું જોઈએ. આપણે ₹ફાયર વોલ₹ ચેક કરાવ્યું એવું સામાન્ય રીતે રાજ્યની તમામ મહાનગર પાલિકા પણ કરતી હશે અને દર 90 દિવસે આપણે આપણા બધા પાસવર્ડ બદલી નાખીએ છીએ. મનીષ ભટ્ટે એમ પણ જણાવ્યું કે, ₹બને ત્યાં સુધી પોતાના પાસવર્ડ સરળ ન રાખો, કેપિટલ, સેકન્ડ લેટર, નંબર અને સ્પેશિયલ કેરેક્ટર રાખવાથી આવા પાસવર્ડ વધુ સેફ રહે છે.₹ હાલ આપણે જે ક્રોસ ચેક કરવાનું હતું એ જરૂરી તપાસ કરી લીધી છે અને હાલ વધારે કશું કરવાની જરૂર જણાતી નથી.


## ગુજરાતના રાજકારણમાં માહોલ ઠંડો: કમલમ્-કોંગ્રેસ કચેરીઓ સૂમસામ : નેતાઓ નવરાધૂપ



ભારત અને પાકિસ્તાન વચ્ચે સરહદે ઉભી થયેલી તણાવભરી સ્થિતીને પગલે ગુજરાતના રાજકારણનું ચિત્ર બદલાયુ છે. ગમે તે ઘડીએ ગુજરાતના મંત્રીમંડળમાં વિસ્તરણ થાય તે વાત હાલ પડતી મૂકાઇ છે. સાથે સાથે ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખની નિમણૂંક પણ અનિશ્ચિત બની છે. આ ઉપરાંત મૃતપ્રાય ગુજરાત કોંગ્રેસમાં પ્રાણ ફૂંકવા હાઇકમાન્ડે નવુ જીલ્લા માળખુ બનાવવા પૂરજોશમાં તૈયારીઓ આદરી હતી પણ આ મુદ્દો યુદ્ધને કારણે રખડી પડ્યો છે. ટૂંકમાં, ભારત-પાકિસ્તાનના યુદ્ધમાં ગુજરાતનું રાજકારણ પણ ઘવાયું હોય તેવી સ્થિતી પરિણમી છે. અત્યારે કમલમ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતી પણ સૂમસામ ભાસી રહી છે. કાર્યકરો પણ હાલ નવરાધૂપ બન્યાં છે. હાલ માત્ર ચોરે ને ચૌટે યુદ્ધની ચર્ચા ચાલી રહી છે જેથી ગુજરાતનું રાજકારણ કોરાણે મૂકાયુ છે. મંત્રીમંડળનું વિસ્તરણ ઘોંચમાં, કોંગ્રેસનું જીલ્લા માળખું રખડી પડ્યુંયુદ્ધ પહેલાં ગુજરાતમાં રાજકારણ હોટ ટોપિક બની રહ્યું હતું કેમ કે, ખુદ મુખ્યમંત્રી દિલ્હી આંટો મારી આવ્યા હતાં અને વડાપ્રધાન સાથે મુલાકાત કરી હતી. તે વખતે મંત્રીમંડળનું વિસ્તરણ થવાનુ છે એવી અફવાએ જોર પકડ્યુ હતું. રાજકીય પંડિતોનું માનવુ છેકે, જે રીતે હાલ ગુજરાતમાં ભૂપેન્દ્ર પટેલ સરકારનું શાસન ચાલી રહ્યુ છે તે જોતાં હવે મંત્રીમંડળમાં બદલાવ કરવો જરુરી બન્યો છે તેમ ખુદ ભાજપના ધારાસભ્યોથી માંડીને બિલ્ડર લોબી-વેપારી આલંમમાં ગણગણાટ ચાલી રહ્યો છે. પણ યુદ્ધની સ્થિતીને પગલે હાલ મંત્રીમંડળની વાત પર પૂર્ણવિરામ મૂકી દેવાયુ છે. મંત્રી બનવા થનગની રહેલાં ધારાસભ્યો પણ પ્રાર્થના રહી રહ્યાં છેકે, સરહદે શાંતિ થાય તો, કંઇક મેળ પડે. પ્રદેશ પ્રમુખ ક્યારે નિમાશે તે અનિશ્ચિત બન્યુંઆ ઉપરાત ભાજપના સંગઠનને નવો ઓપ તો આપી દેવાયો છે. મંડળપ્રમુખથી માંડીને જીલ્લા પ્રમુખની નિયુક્તિ કરી દેવાઇ છે પણ ગુજરાત ભાજપનું સુકાન કોને સોંપવુ તે હજી નક્કી થઇ શક્યુ નથી. ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખની નિમણૂંક માટે દિલ્હીમાં હાઇકમાન્ડની બેઠકો પણ યોજાઇ ગઇ છે. હવે માત્ર લીલીઝંડી મળે એટલી જ વાર છે. હવે સરહદે તણાવભરી સ્થિતી છે ત્યારે પ્રદેશ પ્રમુખ ક્યારે નિમાશે તે અનિશ્ચિત બન્યુ છે. રાહુલ ગાંધીએ ગુજરાત કોંગ્રેસમાં આમૂલ પરિવર્તન લાવવા બીડુ ઝડપ્યુ છે. ગુજરાતનું રાજકારણ જાણે લકવાગ્રસ્ત બન્યુંગુજરાતની બે ત્રણ મુલાકાત લઈને જીલ્લા કોંગ્રેસનુ માળખુ બનાવવા આદેશ આપ્યો હતો. પ્રભારી-નીરીક્ષકોએ જે તે જીલ્લા-શહેર પ્રમુખ માટે કાર્યકરોનો મત સુધ્ધાં જાણી લીધો હતો. પણ ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધ છેડાતાં કોંગ્રેસની આ આખીય કવાયત પર પાણી ફરી વળ્યુ છે. વાત અધવચ્ચે અટકી ગઇ છે.

હવે યુદ્ધની સ્થિતી થાળે પડે પછી જ કંઇક આગળ વધે તેમ છે.આમ, ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધ છેડાતાં ગુજરાતનું રાજકારણ જાણે લકવાગ્રસ્ત બન્યુ છે. કારણ કે,બધાયનું ધ્યાન સરહદે ખેંચાયુ છે. સરકાર અને તંત્ર પણ યુદ્ધની સ્થિતી સર્જાય તો તેની તકેદારીના પગલાં લેવાના કામે લાગી છે. આ કારણોસર રાજકીય ગતિવિધિ શૂન્ય થઇ છે.યુદ્ધને કારણે વિસાવદરની પેટાચૂંટણીના પ્રચારમાં પંચર પડ્યું, ભાજપને આશા જાગીકડી અને વિસાવદરની પેટાચૂંટણી હજુ જાહેર થઇ નથી. જોકે, આમ આદમી પાર્ટીએ તો ગોપાલ ઈટાલિયાને ઉમેદવાર જાહેર કરીને ચૂંટણી પ્રચાર શરૂ કરી દીધો છે. પણ ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધની સ્થિતીને પગલે પેટાચૂંટણીના પ્રચારમાં જાણે પંચર પડ્યુ છે. હાલ બધાનું ધ્યાન યુદ્ધ તરફ આકર્ષિત થયુ છે તે જોતાં પેટાચૂંટણીનો પ્રચાર લગભગ ફિક્કો પડ્યો છે. રાજકીય પક્ષોના કાર્યકરોને પણ પેટાચૂંટણીમાં નહી, યુદ્ધની સ્થિતી જાણવામાં રસ જાગ્યો છે. નિરસ જોકે, ભાજપને એવી આશા જાગી છેકે, વિસાવદર અને કડી પેટાચૂંટણીમાં ભારત-પાકિસ્તાન યુદ્ધનો રાજકીય લાભ મળી શકે છે.

## વડોદરામાં ગુનાહિત પ્રવૃત્તિ બંધ કરાવવા માટે આપેલી અરજીની અદાવત રાખી દંપતિ પર હુમલો




વડોદરાના બાપોદ તળાવ પાસે નાની બાપોદમાં રહેતા કિન્નરીબેન દીપકભાઈ રાઠોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે અમારા વિસ્તારમાં પપ્પુ ધોબી (રહે રાજવન રેસીડેન્સી આજવા વાઘોડિયા રીંગ રોડ) ગુનાહિત પ્રવૃત્તિ કરતો હોય તે બંધ કરાવવા માટે મેં એક મહિના પહેલા બાપોદ પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી. અમે અમારા ઘર નજીક આવેલા મંદિર પર કેમેરો ફીટ કર્યો છે અમે અરજી આપવાની જાણ થતા તેની અદાવત રાખી ગત 11 મી તારીખે રાત્રે 9:30 વાગે હું અને મારા પતિ મંદિરે દર્શન કરવા ગયા હતા. તે સમયે પપ્પુ ધોબીએ અમારી પાસે આવીને કહ્યું હતું કે તમે અહીંયા કેમ કેમેરા લગાવ્યા છે તે હટાવી લો.. જેથી મારા પતિએ કેમેરા નહીં હટે તેવું કહ્યું હતું. મારા પતિની વાત સાંભળીને પપ્પુએ મારા પતિ સાથે ઝઘડો શરૂ કર્યો હતો અને ગાળો બોલી માર માર્યો હતો. ત્યારબાદ રસ્તા પર પડેલો પથ્થર છુટ્ટો મારતા મને માથામાં ઈજા થઈ હતી. મેં બૂમાબૂમ કરતા આજુબાજુના લોકો ભેગા થઈ જતા પપ્પુ ધોબી ત્યાંથી ભાગી ગયો હતો.

## જામનગરમાં ફ્લેટમાં ચાલતા મહિલા સંચાલિત જુગારધામ પર એલસીબી ત્રાટકી, 5 મહિલા સહિત 6 પકડાયા



જામનગરમાં રણજીત સાગર રોડ પર નંદનવન સોસાયટી શેરી નંબર 4 માં એક એપાર્ટમેન્ટના ત્રીજા માળે રહેતા સુશીલાબેન હરીશભાઈ ફલિયા નામના 50 વર્ષના મહિલાના ફ્લેટમાં જુગારધામ ચાલી રહ્યું છે, અને બહારથી સ્ત્રી પુરુષો આવીને ગંજીપાના વડે જુગાર રમી રહ્યા છે, તેવી બાતમીના આધારે એલસીબીની ટુકડીએ દરોડો પાડ્યો હતો. જે દરોડા દરમિયાન પાંચ મહિલા અને એક પુરુષ ગંજીપાના વડે હારજીતનો જુગાર રમી રહેલા રંગે હાથ પકડાયા હતા.

જેથી એલસીબીની ટુકડીએ સુશીલાબેન હરીશભાઈ ફલિયા, ઉપરાંત લતાબેન ચંદ્રકાંતભાઈ ગાંધી, રાબીયાબેન ઝાહિદભાઈ સૈયદ, નયનાબેન રાજેશભાઈ બુધ, મિતલબેન જીતેન્દ્રભાઈ કંસારા, અને દિલીપ ઘેલાભાઈ સાદીયા વગેરેની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રોકડ રકમ, મોબાઈલ ફોન વગેરે સહિત રૂપિયા 49,500 ની માલમતા કબજે કરી છે.

# ગુજરાતની તમામ સરકારી પ્રાથમિક સ્કૂલોની જમીન નામે કરવા આદેશ

ગુજરાતમાં ઘણી સરકારી પ્રાથમિક સ્કૂલોની જમીન શાળાના નામે નથી. તેથી સરકારની પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી દ્વારા તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી (DPEO)ને પરિપત્ર કરીને તાકીદે તમામ સ્કૂલોની જમીન નામે કરાવવા માટે આદેશ કરાયો છે. ઉનાળુ વેકેશન દરમિયાન આ કામગીરી પુરી કરવા માટે સૂચના અપાઈ છે. જો કોઈ પણ સ્કૂલની જમીન નામે નહીં થઈ હોય અને ભવિષ્યમાં કોઈ પણ પ્રશ્ન ઉદભવશે તો જિલ્લાના અધિકારીઓની અંગત જવાબદારી ગણાશે. વેકેશનમાં કામગીરી પૂર્ણ કરવા તમામ ડીપીઈઓને સરકારની સૂચના



રાજ્યના કેટલાક જિલ્લામાં હજુ પણ સરકારી પ્રાથમિક સ્કૂલોની જમીન અન્યોના નામે હોવાથી અને કેટલીક સ્કૂલોમાં ગેરકાયદે દબાણ કર્યા છે. તેથી સરકાર દ્વારા તમામ ડીપીઈઓને ફરીથી પરિપત્ર કરીને તાકીદે શાળાની જમીન નામે કરવાની કામગીરી પૂર્ણ કરવા આદેશ કરાયો છે. પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરીએ તમામ ડીપીઈઓ-શાસનાધિકારીઓને પરિપત્ર કરીને સૂચના આપી છે કે જમીન માલિકીની અદ્યતન સ્થિતિની ડીપીઈઓએ અંગેત રીતે ચકાસણી કરવામાં આવે. જે સ્કૂલોની જમીન શાળાના કે સંબંધિત ગ્રામ પંચાયત કે તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયતના નામે હોય તેની યાદી બનાવી જમીન ફાળવણી હુકમથી માંડી 7-12ના ઉતારા સહિતના તમામ પુરાવા સાથે ફાઈલ બનાવવાની રહેશે.

આ પણ વાંચોઃ એરપોર્ટ તો શરૂ પણ અમદાવાદથી શ્રીનગર, અમૃતસરની મોટાભાગની ફ્લાઈટ ખાલીખમ

સરકારી પ્રાથમિક સ્કૂલની જમીન નામે નથી અને સરકારી પડતર, ગૌચર, ગામતળ કે જંગલ વિભાગ અથવા સરકારના અન્ય કોઈ વિભાગ-સંસ્થાના નામે હોય તે જમીનમાં માલિક-કબ્જેદાર તરીકે સંબંધિત પ્રાથમિક સ્કૂલનું નામ સત્વરેદ દાખલ કરવા અરજી કરવાની રહેશે.

દાનમાં કે બક્ષિસમાં મળેલી જમીનના કેસમાં જમીન મહેસુલી દફતરે તેની યોગ્ય નોંધ થાય અને જમીન શાળાના નામે કરવા અથવા કબ્જેદાર તરીકે પ્રાથમિક સ્કૂલનું નામ દાખલ કરવાની કામગીરી કરવાની રહેશે. જો સરકારી સ્કૂલની જમીન નામે ન હોય તો મુખ્ય શિક્ષક-તાલુકા પ્રા.શિક્ષણાધિકારી દ્વારા ઉનાળુ વેકેશન દરમિયાન અરજી કરી પ્રક્રિયા થઈ છે કે નહીં તેની ખાતરી ડીપીઈઓ કરવાની રહેશે. ભવિષ્યમાં સરકારી સ્કૂલની જમીનમાં કોઈ પણ વિવાદ કે દબાણ ન ઉદભવે તેની કાળજી રાખવા પણ આદેશ કરાયો છે.

જો જમીન નામે કરવાની કાર્યવાહી નહીં થઈ હોય અને ભવિષ્યમાં કોઈ પ્રશ્ન ઉદભવશે તો મુખ્ય શિક્ષક, બીટ કેળવણી નિરીક્ષક, ટીપીઈઓ તથા ડીપીઈઓ સહિતના અધિકારીઓની અંગત જવાબદારી નક્કી કરવામા આવશે.

## જામનગરમાં પીઝા પાર્લરના માલિકને પ્રેમ લગ્ન કરવા ભાડે પડ્યા : છુટાછેડા આપવાની ના પાડતાં પત્ની અને સાળાએ કર્યો હુમલો



જામનગરમાં સાધના કોલોની વિસ્તારમાં પીઝા કિંગ નામનું પીઝા પાર્લર ચલાવતા રાકેશભાઈ છગનભાઈ કણઝારીયા કે જેણે આજથી છ માસ પહેલાં જામનગરમાં વસંત વાટીકામાં રહેતી પ્રીતિબેન વસંતભાઈ દાણીધારિયા સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. પરંતુ તેઓનું લગ્ન જીવન ચાલ્યું ન હતું, અને બંને વચ્ચે ખટરાગ થયા બાદ અલગ રહેવા લાગ્યા હતા, અને પત્ની દ્વારા છૂટાછેડા આપવા માટેની માંગણી કરાઈ હતી. દરમિયાન ગત 10 મી તારીખે પ્રીતિબેન પોતાના ભાઈ અમિતભાઈ દાણીધારીયાને લઈને પિઝા પાર્લરમાં ગયા હતા, અને પતિ સાથે છૂટાછેડાની વાતચીત કરતાં છુટાછેડા આપવાની પતિએ ના પાડી હતી, જેથી બંને વચ્ચે ઝઘડો થયો હતો. જેમાં પ્રીતિબેને ટેબલ પર પડેલું ચાકુ ઉપાડી લઈ રાકેશ ઉપર ઉગામ્યુ હતું, ત્યારબાદ ભાઈ-બહેન બન્નેએ મળીને રાકેશ ઉપર હુમલો કરી દેતાં હોટલના સ્ટાફે વચ્ચે પડીને તેઓને છોડાવ્યા હતા. આખરે આ મામલો સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો હતો, અને રાકેશ કણજારીયા એ પોતાની પ્રેમિકા એવી પત્ની પ્રીતિબેન અને તેના ભાઈ અમિત સામે હુમલા અંગેની ફરિયાદ નોંધાવી છે. આ ઉપરાંત પ્રેમિકા પત્ની પ્રીતિબેન દાણીધારીયાએ પણ પોતાના ઉપર અને પોતાના ભાઈ અમિત ઉપર હુમલો કરી જાનથી મારે નાખવાની ધમકી આપવા અંગે પોતાના પતિ રાકેશ છગનભાઈ કણજારીયા સામે વળતી ફરિયાદ નોંધાવી છે.

## વડોદરા ખાણ ખનીજ વિભાગનો ક્લાર્ક બે લાખની લાંચ લેતા ઝડપાયો : ભૂસ્તરશાસ્ત્રી સહિત ત્રણ ફરાર

વડોદરા ખાણ ખનીજ વિભાગમાંથી તાજેતરમાં બદલી થઈને આણંદની કચેરીમાં હાજર થયેલા ક્લાર્ક યુવરાજસિંહને ગઈ રાત્રે એસીબીએ રૂપિયા બે લાખની લાંચ લેતા વડોદરા ખાતે રંગે હાથ ઝડપી પાડ્યો હતો. તેની સાથે અન્ય એક શખ્સ પણ હોવાની પ્રાથમિક માહિતી બહાર આવી છે.

રેતીનો સ્ટોક કરવા માટે લાંચની માંગણી કરી હોવાનું જાણવા મળ્યું છે. આ કેસમાં અન્યની પણ સંડોવણી બહાર આવી છે. આખી રાત્રી દરમિયાન એસીબીની કાર્યવાહી બાદ આજે સવારે ઘરની સર્ચ શરૂ કરવામાં આવી હતી. નર્મદા જિલ્લાના એસીબીના પીઆઇએ ટ્રેપ કર્યા બાદ તેની વધુ તપાસ વડોદરા એસીબીના પીઆઇને સોંપવામાં આવી છે.




યુવરાજસિંહ દિલીપસિંહ ગોહિલ, સિનિયર ક્લાર્ક વર્ગ-3, ખાણ ખનીજ વિભાગ કુબેર ભવન આઠમો માળ વડોદરા રહે.18 અવધ ઉપવન બીલ રોડ અટલાદરા, વડોદરા જી.વડોદરાની ધરપકડ કરવામાં આવી હતી.

જ્યારે રવિકુમાર કમલેશકુમાર મિસ્ત્રી મદદનીશ ભુસ્તર શાસ્ત્રી આણંદ વર્ગ-2 ખાણ ખનીજ વિભાગ જુના સેવાસદન બોરસદ ચોકડી, જી.આણંદ હાલ ચાર્જ ખાણ ખનીજ વિભાગ કુબેર ભવન આઠમો માળ વડોદરા રહે.બી-14, કૃષ્ણ કુટીર એપાર્ટમેન્ટ ઈન્ડીયા કોલોની પાછળ, સુરજ પાર્ક પાસે. બાપુનગર અમદાવાદ, કીરણભાઈ કાન્તીભાઈ પરમાર, આઈ.ટી. એક્ઝીક્યુટીવ વર્ગ-3 ખાણ ખનીજ વિભાગ કુબેર ભવન આઠમો માળ વડોદરા

અને સંકેતભાઈ પટેલ રોયલ્ટી ઈન્સ્પેક્ટર વર્ગ-3 ખાણ ખનીજ વિભાગ કુબેર ભવન આઠમો માળ વડોદરા રહે.ડાકોર જી.ખેડાને ફરાર જાહેર કરવામાં આવ્યા છે. વડોદરામાં અટલાદરા વિસ્તારમાં આવેલા સ્વામિનારાયણ મંદિર પાસે એસીબીએ લાંચનું છટકું ગોઠવ્યું હતું

## વડોદરાના વિવિધ વિસ્તારમાં તા.16 થી 21 દરમ્યાન વીજ પુરવઠો સવારે 6 થી 10 સુધી બંધ રહેશે



વડોદરા શહેરના વિવિધ વિસ્તારમાં વીજ રીપેરીંગ અંગે વિદ્યુત પુરવઠો તા.16 થી 21 દરમ્યાન સવારે 6 વાગ્યાથી 10 વાગ્યા સુધી બંધ રહેશે. વીજ રીપેરીંગ વહેલુ પૂરું થઈ જશે તો કોઈપણ જાતની જાણ કર્યા વિના વીજ પ્રવાહ ચાલુ કરી દેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે જીઆઈડીસી સબ ડિવિઝન તા.17-મે શનિવારે માણેજા ફીડરના આસપાસનો વિસ્તાર. તા.21-મે સોમવારે આશ્રય ફીડરના આસપાસનો વિસ્તાર. એવી જ રીતે વાળી સબ ડિવિઝન ખાતે તા.17-મે શનિવારે સુવરના ભૂમિ ફીડરના આસપાસનો વિસ્તાર. તરસાલી સબ ડિવિઝન ખાતે તા.16-મે શુક્રવારે તરસાલી ગામ ફીડર સહિત બરાનપુરા સબ ડિવિઝન ખાતે તા.20-મે મંગળવારે મંગળવારે અપ્સરા ફીડરના આસપાસનો વિસ્તાર. એવી જ રીતે માંજલપુર શાબ ડિવિઝન ખાતે તા.15-મે ગુરુવારે અંબે ફીડર શહીદ આસપાસનો વિસ્તાર. તથા તા.17-મે શનિવારે શ્રીકુંજ ફીડરના આસપાસનો વિસ્તાર તેમજ લાલબાગ ડિવિઝન ખાતે તા.16-મે શુક્રવારે લાલબાગ ફીડરના આસપાસનો વિસ્તાર તથા તા.20 મે મંગળવારે દંતેશ્વર ફીડરના આસપાસના વિસ્તારમાં વીજ રીપેરીંગ અંગે પુરવઠો બંધ રહેશે અને રીપેરીંગ પૂરું થવાથી કોઈપણ જાતની જાણ કર્યા.

## જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પર સ્કૂટરની આડે કૂતરું ઉતરતાં યુવાનનો ભોગ : અન્ય એકને ઈજા



જામનગર નજીક હાપા રેલવે સ્ટેશન પાસે જવાહર નગરમાં રહેતા બે મિત્રો જામનગરથી રાજકોટ તરફ માતાજીના માંડવામાં હાજરી આપવા માટે ગયા હતા, અને ત્યાંથી સ્કૂટર પરત ફરી રહ્યા હતા જે દરમિયાન ફલ્લા પાસે કૂતરૂ આડું ઉતરતાં અકસ્માત સર્જાયો હતો, અને સ્લીપ થયેલું બાઈક પિલર સાથે ટકરાતાં ગંભીર ઈજા થવાથી એક યુવાનનું અંતરિયાળ મૃત્યુ નિપજ્યું છે, જ્યારે બીજો મિત્ર ગંભીર સ્વરૂપે ઘાયલ થયો છે. જે મામલે પોલીસ તપાસ ચલાવે છે. આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે જામનગરમાં હાપા રેલવે સ્ટેશન નજીક જવાહર નગરમાં રહેતો અને મજૂરી કામ કરતો મનસુખ નારણભાઈ સીતાપરા નામનો 19 વર્ષનો યુવાન પોતાના જ મિત્ર સંજય ભરતભાઈ રાઠોડ (18) સાથે જામનગરથી પોતાનું જી.જે. 10 ડી.ક્યુ. 8216 નંબરનું એકટીવા લઈને રાજકોટ નજીક ન્યારા ગામ પાસે આવેલા માતાજીના માંડવામાં હાજરી આપવા માટે ગયા હતા, અને જ્યાંથી દર્શન કરીને ગઈકાલે સવારના સમયે તેઓ પરત ફરી રહ્યા હતા. જે દરમિયાન ફલ્લા નજીકથી અકસ્માત નડ્યો હતો. રસ્તામાં અચાનક કૂતરું આડું ઉતારતાં તેને બચાવવા જવાથી સ્કૂટર સ્લીપ થઈ ગયું હતું, અને માર્ગની નજીક આવેલા પિલર સાથે કિશનભાઈનું માથું અથડાઈ પડતાં તેનું ગંભીર ઈજા થવાથી કરુણ મૃત્યુ નિપજ્યું હતુ. જ્યારે પાછળ બેઠેલા મનસુખભાઈ સીતાપરાને ઈજા થવાથી 108 નંબરની એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે જામનગરની સરકારી જી.જી.હોસ્પિટલમાં ખશેડવામાં આવ્યો છે. આ બનાવની જાણ થતાં પંચકોશી એ. ડિવિઝનના એ.એસ.આઈ. ડી.એ.રાઠોડ અને રાઈટર જયસુખભાઈ રાઠોડ બનાવના સ્થળે તેમજ જીજી હોસ્પિટલે દોડી ગયા છે, અને સમગ્ર બનાવ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

## ગુજરાત હાઈકોર્ટ દ્વારા 466 ન્યાયાધીશોની બદલીઃ ડિસ્ટ્રિક્ટ કેડરના 63 જજનો પણ કરાયો સમાવેશ



ગુજરાત હાઈકોર્ટ દ્વારા ઉનાળામાં લોઅર જ્યુડીશરીમાં ટ્રાન્સફરના રૂટીન ઘટનાક્રમના ભાગરૂપે રાજયના 203 સિવિલ જજ, 200 સિનિયર સિવિલ જજની આંતર જિલ્લા બદલી કરવામાં આવી છે. આ સિવાય ડિસ્ટ્રિક્ટ જજની કેડરમાં 63 જજને અન્ય જિલ્લાઓમાં નિયુક્ત કરાયા છે. આમ, લોઅર જ્યુડીશરીમાં કુલ 466 જેટલા ન્યાયાધીશોની બદલી કરવામાં આવી છે. આ પણ વાંચોઃ 16મી સિંહ ગણતરી જેમાં સુરેન્દ્રનગર જિલ્લામાં સાયલા અને ચોટીલાના વિસ્તારનો સમાવેશકેટલાક ન્યાયાધીશોની એ જ કોર્ટ સંકુલમાં ટ્રાન્સફર આ બદલીમાં 96 સિવિલ જજની એ જ કોર્ટ સંકુલમાં અન્યત્ર ટ્રાન્સફર કરવામાં આવી છે. જેમાં અમદાવાદ, મહેસાણા અને ભરૂચના 7, વડોદરાના 10, સુરતના 8, આણંદ અને બનાસકાંઠાના 5, ગાંધીનગર અને કચ્છના 4, બોટાદ અને સાબરકાંઠાના 3, ભાવનગર-જામનગરના 2, ખેડા અને જૂનાગઢના 1નો સમાવેશ થાય છે. આ પણ વાંચોઃ સમય વિત્યા બાદ જિ.પં.ના મહિલા પૂર્વ પ્રમુખના પતિ ગોપાલ ચાવડાનું ટેન્ડર મંજૂર કરાતા વિવાદજોકે.

## વડોદરામાં ગોત્રી પોલીસ સ્ટેશન પાસેના ગેરકાયદે ઝૂંપડા, ઓટલા અને શેડ પર ફરી વળ્યું બુલડોઝર : મકરપુરામાં કાંસ પર બનેલા ઝૂંપડા હટાવાયા




વડોદરા શહેરના દક્ષિણ વિસ્તારમાં આવેલ મકરપુરા જીઆઈડીસીમાં બંધ વરસાદી કાસ પર બનેલા ગેરકાયદે ઝૂંપડા હટાવવાની કાર્યવાહી આજે પણ ચાલુ રહી છે. ગઈકાલે દબાણ શાખાએ આ જગ્યાએથી 10 જેટલા ગેરકાયદે ઝૂંપડા હટાવ્યા હતા. ઉલ્લેખનીય છે કે જીઆઈડીસી વરસાદી કાંસની હાલ સફાઈ કામગીરી ચાલી રહી છે. જેમાં આ ઝૂંપડા નડતરરૂપ બન્યા છે. આવી જ રીતે શહેરના પશ્ચિમ વિસ્તારમાં ગોત્રી પોલીસ સ્ટેશન પાસે કેટલાક ગેરકાયદે ઝૂંપડા સહિત શેડ તથા પાકા ઓટલા પર જેસીબી મશીન ફેરવી દેવાયું હતું. ઉલ્લેખનીય છે કે શહેરના દક્ષિણ વિસ્તારમાં મકરપુરા જીઆઈડીસી ખાતે આવેલી બંધ વરસાદી કાસની સફાઈ કામગીરી પ્રિમોન્સૂન અંતર્ગત ચાલી રહી છે. બંધ કાસ પર કેટલાય ઝૂંપડા ગેરકાયદે બની ગયા છે. પરંતુ વરસાદી કાસની પ્રિ મોનસુન અંતર્ગત ચાલી રહેલી કામગીરીમાં આ ઝૂંપડા નડતરરૂપ હોવાથી પાલિકાની દબાણ શાખાએ 7 જેટલા કાચા ઝૂંપડા તોડી પાડ્યા હતા. પરિણામે વરસાદી કાસની સફાઈ સરળ બની હતી. ઉલ્લેખનીય છે કે ગઈકાલે આ વિસ્તારમાંથી ગેરકાયદે બનેલા 10 જેટલા ઝૂંપડા દબાણ શાખાએ તોડી પાડ્યા હતા. આવી જ રીતે શહેરના પશ્ચિમ વિભાગમાં ગોત્રી પોલીસ સ્ટેશનની તદ્દન નજીક કેટલાક કાચા ઝૂંપડા કેટલાય સમયથી બનેલા હતા. ટીપી અને ટીડીઓ વિભાગમાં આવતા અંગે જાણ થતાં પાલિકાની દબાણ શાખાએ ચારેય કાચા ઝૂંપડા તોડી પાડ્યા હતા. આ ઉપરાંત આ વિસ્તારમાં બનેલો એક શેડ પણ બુલડોઝરના સારે પાલિકાએ તોડી પાડ્યો હતો. તથા વિસ્તારમાં બનેલા મકાનોના રહીશો દ્વારા રહીશો દ્વારા કેટલાક મકાનોની આગળ ગેરકાયદે ઓટલા બનાવી દીધા હતા. આ છ જેટલા ઓટલા પણ જેસીબીના સહારે તોડી પાડવામાં આવ્યા હતા. દબાણ શાખાની કામગીરી વખતે સ્થાનિક લોકોના ટોળા એકત્ર થયા હતા પરંતુ પોલીસે મામલો સંભાળી ટોળાને ખદેડી દેતા પાલિકાની કામગીરી સરળ બની હતી.

## ધ્રોલ નજીક કાર અને પેસેન્જર રિક્ષા વચ્ચેના અકસ્માત, રિક્ષામાં બેઠેલા મુસાફર સહિત પાંચને ઈજા




જામનગર-રાજકોટ ધોરી માર્ગ પર ધ્રોળ નજીક ખારવા રોડ પર કાર અને પેસેન્જર રિક્ષા વચ્ચે અકસ્માત સર્જાયો હતો, જે અકસ્માતમાં રીક્ષા ચાલક સહિત પાંચ મુસાફરોને નાની મોટી ઈજા થઈ છે. જે મામલે ધ્રોળ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાઈ છે. આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે ધ્રોલ તાલુકાના ખારવા ગામમાં રહેતા અને રીક્ષા ડ્રાઈવિંગ કરતા જીગ્નેશભાઈ મેઘજીભાઈ પરમાર કે જે ગત આઠમી તારીખે સવારે 11.00 વાગ્યાના અરસામાં પોતાની જી.જે 10 સી. ઝેડ. 0951 નંબરની રિક્ષામાં પોતાના પિતા મેઘજીભાઈ ઉપરાંત કસ્તુરબેન, ધનજીભાઈ, અને ચીમનભાઈ વગેરેને બેસાડીને જઈ રહ્યા હતા, જે દરમિયાન ખારવા રોડ પર પાછળથી પુરપાટ ઝડપે આવી રહેલી જીજે-3 એન. કે. 8453 નંબરની કારના ચાલકે રીક્ષાને ઠોકર મારતાં રીક્ષા પલટી મારી ગઈ હતી, જે અકસ્માતમાં રીક્ષાની અંદર બેઠેલા રીક્ષા ચાલક સહિત પાંચ વ્યક્તિને નાની મોટી ઈજા થઈ હતી, અને તમામને ધ્રોળની સરકારી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર અપાઈ છે, આ અકસ્માતના બનાવ અંગે રીક્ષા ચાલક જીગ્નેશ પરમાર દ્વારા કારના ચાલક સામે ફરિયાદ નોંધાવતાં ધ્રોલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# એરપોર્ટ તો શરૂ પણ અમદાવાદથી શ્રીનગર, અમૃતસરની મોટાભાગની ફ્લાઈટ ખાલીખમ



સીઝફાયર જાહેર કરવાની સાથે જ શ્રીનગર સહિત દેશના 32 એરપોર્ટમાં પેસેન્જર ફ્લાઈટની અવર-જવર શરૂ થઈ ગઈ છે. જોકે, આતંકી હુમલાને પગલે શ્રીનગર જવા માટે હજુ પણ મુસાફરોમાં ખચકાટ છે. આ પણ વાંચોઃ આ નિયમનો ભંગ કર્યો તો ટ્રસ્ટો અને ધાર્મિક સંસ્થાને નહીં મળે વેરા માફી, ITR-7 નું નવું ફૉર્મ જાહેર શ્રીનગરના એરફેરમાં થયો ઘટાડો અમદાવાદ-શ્રીનગરની વન-વે ફ્લાઈટનો ગુરૂવારથી રાબેતા મુજબ પ્રારંભ થશે. 182 જેટલા મુસાફરોની ક્ષમતા ધરાવતી આ ફ્લાઈટમાં સોમવારે મોડી સાંજ સુધી 12 જેટલી ટિકિટ બુક થઈ છે. આ ઉપરાંત સામાન્ય રીતે ઉનાળાના વેકેશનમાં અમદાવાદ-શ્રીનગરનું વન-વે એરફેર 14 હજારને પાર જતું હોય છે. પરંતુ, પ્રવર્તમાન સ્થિતિને પગલે એરફેર રૂપિયા 7 હજાર છે.

આ પણ વાંચોઃ ગુજરાત હાઈકોર્ટ દ્વારા 466 ન્યાયાધીશોની બદલીઃ ડિસ્ટ્રિક્ટ કેડરના 63 જજનો પણ કરાયો સમાવેશ શ્રીનગર, અમૃતસરના બુકિંગ થયા કેન્સલ આવી જ સ્થિતિ અમદાવાદથી અમૃતસરની ફ્લાઈટમાં છે. જેનું એરફેર હાલમાં રૂપિયા 6500ની આસપાસ છે. સામાન્ય રીતે ઉનાળામાં અમૃતસરની ફ્લાઈટનું ભાડું 9 હજારને પાર જતું હોય છે. જાણકારોના મતે, આ વખતે ઉનાળામાં શ્રીનગર તરફ પ્રવાસીઓ જાય તેની સંભાવના નહિવત્ છે. સ્થિતિ સામાન્ય રહી તો અમૃતસર માટે પ્રવાસીઓ વધી શકે છે. મોટાભાગના લોકો શ્રીનગર, અમૃતસરના બુકિંગ કેન્સલ કરાવીને કેરળ, કર્ણાટક પર વધુ પસંદગી ઉતારી રહ્યા છે.

# અમદાવાદના વેપારીને ડેટિંગ એપ પર ગલગલિયાં ભારે પડ્યા, યુવતિએ ફસાવ્યા, 1.66 કરોડનો ચાંલ્લો



અમદાવાદમાં રહેતા એક વેપારીને ડેટીંગ એપ દ્વારા ફસાવીને મળવા માટે દિલ્હી બોલાવ્યા બાદ હોટલમાં પોલીસ કેસમાં ફસાવવાનું કહીને પ્રથમ દોઢ લાખ રૂપિયા પડાવ્યા બાદ અલગ અલગ સમયે તેને લોકઅપમાં પુરવાની ધમકી આપીને બદનામ કરવાનું કહીને રૂપિયા 1.66 કરોડ જેટલી માતબર રકમ વસુલી હતી. આ અંગે ક્રાઈમ બ્રાંચમાં ગુનો નોંધવામાં આવતા પોલીસે ઔરંગાબાદથી ઝડપી લીધા હતા. આરોપીઓએ ડેટીંગ એપનો ઉપયોગ કરીને અગાઉ પણ અનેક લોકોને ટારગેટ કરીને કરોડો રૂપિયા પડાવ્યાનું પણ પ્રાથમિક પુછપરછમાં સામે આવ્યું છે.

ફોટો વાયરલ કરવાની ધમકી આપીને 1.66 કરોડ રૂપિયા પડાવ્યા

અમદાવાદમાં રહેતા એક 45 વર્ષીય વ્યક્તિએ એક વર્ષ પહેલા તેના મોબાઈલમાં વિવિધ ડેટીંગ એપ ડાઉનલોડ કરી હતી. જેમાં ટીન્ડર એપ દ્વારા દિલ્હીની એક મહિલા સાથે તેમનો સંપર્ક થયો હતો. મહિલા સાથે વોટ્સએપથી વાતચીત બાદ નક્કી થયા મુજબ થોડા મહિના પહેલા તે દિલ્હી મહિલાને મળવા માટે ગયા હતા. પરંતુ, ટીન્ડર એપમાં જે ડીપી હતુ તેના બદલે ત્યાં બીજી મહિલા હતી. જો કે મહિલાએ તેને કહ્યું હતુ કે તેણે ઓળખ છતી ન થાય તે માટે ખોટો ફોટો મુક્યો હતો. ત્યારબાદ વેપારી તે મહિલા સાથે હોટલમાં હતો. ત્યારે મહિલાએ અગાઉથી નક્કી થયા મુજબ તેના પર વેપારી મારઝુડ કરીને ધમકી આપી હોવાનું કહીને બદનામ કરવાનું કહ્યું હતું. આ દરમિયાન એક વ્યક્તિ રૂમમાં આવ્યો હતો. તેણે પોલીસ તરીકે ઓળખ આપીને કેસ કરવાનું કહીને સમાધાન પેટે પહેલા દોઢ લાખ રૂપિયા લીધા હતા. ત્યારબાદ તે અમદાવાદ આવી ગયો હતો. પરંતુ, પોલીસ તરીકે ઓળખ આપનાર વ્યક્તિએ પોલીસ યુનિફોર્મ સાથે વિડીયો કોલ કરીને તેના વાંધાજનક ફોટો વાયરલ કરવાની ધમકી આપીને 1.66 કરોડ રૂપિયા પડાવી લીધા હતા. ત્યારબાદ પણ સતત ધમકી મળતા વેપારીએ છેવટે વેપારીએ આ અંગે તેમના પરિવારને જાણ કરતા ક્રાઈમ બ્રાંચમાં જાણ કરવામાં આવી હતી. જેના આધારે પોલીસે મોબાઈલ લોકેશનના આધારે ઔરંગાબાદથી કૌશલેન્દ્ર સિંઘ અને અરૂણ સિંઘને ઝડપી લીધા હતા. આ અંગે માહિતી આપતા ક્રાઈમ બ્રાંચના એસીપી ભરત પટેલે જણાવ્યું કે કૌશલેન્દ્રસિંઘ તેના પિતા સાથે દિલ્હીમાં રહેતો હતો. તેના પિતા નિવૃત થતા તેને ઔરંગાબાદ પર આવવા પડ્યુ હતુ અને તે દિલ્હીમાં એસ્કોર્ટ સર્વિસમાં કામ કરતો હતો.

જેથી નાણાં કમાવવા માટે તેના ગ્રાહકોના ફોટો ઉપયોગ કરીને ટિન્ડર સહિતના બનાવટી એકાઉન્ટ બનાવીને ગ્રાહકોને ફસાવવાનું શરૂ કર્યું હતું. જેમાં તેણે અમદાવાદના વેપારીને પણ ટારગેટ કર્યો હતો. જ્યારે અરૂણસિંઘ બેંક એકાઉન્ટ પુરા પાડવાનું કામ કરતો હતો. તેણે આપેલા બેંક એકાઉન્ટમાં કરવામાં આવેલા બેંક એકાઉન્ટની તપાસ કરવામાં આવી રહી છે.

# અમદાવાદના 10 અંડરપાસમાં વરસાદી પાણી ભરાશે જ, પાણી ઉલેચવાની ચીલાચાલુ પદ્ધતિ

અમદાવાદમાં આ વર્ષે પણ ચોમાસામાં રસ્તા ઉપરાંત અંડરપાસમાં વરસાદી પાણી ભરાશે જ. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ વર્ષે ફેબ્રુઆરીમાં શહેરમાં આવેલા રેલવે દ્વારા બનાવાતા નવા અંડરપાસ માટે સ્ટ્રોમ વોટર ડ્રેનેજની કામગીરી માટે રૂ. 1.25 કરોડનો કોન્ટ્રાકટ આપ્યો હતો. શહેરમાં આવેલા અખબારનગર સહિતના દસ અંડરપાસમાં ભરાતા વરસાદી પાણી ઉલેચવા રૂ. 75 લાખના ખર્ચે પમ્પ મુકવા પાણી સમિતિએ મંજુરી આપી છે. અખબારનગર અંડરપાસ પાસે એક વર્ષ અગાઉ વરસાદી પાણી સંગ્રહ કરવા પરકોલેટીંગ વેલ બનાવાયો હતો. અખબારનગર અંડરપાસમાં પરકોલેટીંગ વેલ નિષ્ફળ જતા અન્ય કોઈ અંડરપાસમાં પરકોલેટીંગ વેલ બનાવાયો જ નથી. ભૂગર્ભ જળ સ્તર ઉંચા લાવવા તેમજ વરસાદી પાણીનો સંગ્રહ કરવા કેચ ધ રેઈન જેવા સ્લોગન આપવામાં આવે છે.

બીજી તરફ શહેરમાં આવેલા અખબારનગર અંડરપાસ સહીત દસ અંડરપાસમાં ભરાતા વરસાદી પાણી ઉલેચવા મ્યુનિસિપલ કોર્પોરેશન ફરી એક વખત પમ્પ મુકીને ઉલેચશે. આ તમામ અંડરપાસમાં વરસાદના સમયે પાણી ભરાઈ જાય એ સમયે પાણી નિકાલ માટે પમ્પ ઓપરેટ કરવા તેમજ અંડરપાસના બંને સાઈડના ગેટ ખોલવા અને બંધ કરવા બે ગેટ ઓપરેટર ઉપરાંત ફીટર સહીતનો સ્ટાફ તૈનાત કરાશે. રુપિયા 75.16 લાખના ખર્ચથી અંડરપાસમાંથી વરસાદી પાણી ઉલેચવા કોન્ટ્રાકટર આપવા પાણી સમિતિએ મંજુરી આપી છે. ગત સપ્તાહે વરસાદ પડ્યો ત્યારે પશ્ચિમના વિસ્તારોમાં ભારે વરસાદના કારણે મીઠાખળી,




પરિમલ, વસ્ત્રાપુર રેલવે ક્રોસિંગ, મકરબા ગામ અને મકરબા તળાવ ખાતેના અન્ડરપાસ પાણી ભરાઈ જવાથી ટ્રાફિક માટે બંધ કરવા ફરજ પડી હતી. કયા અંડરપાસમાં પાણી ઉલેચવા પમ્પ મુકાશે?

સ્ટેડિયમ,ઉસ્માનપુરા,ઉસ્માનપુરા , અખબારનગર, નિર્ણયનગર, મણિનગર(દક્ષિણી), પરિમલ અંડરપાસ,મહાલક્ષ્મી અને પરિમલ ગાર્ડન તરફ,કુબેરનગર, જી.એસ.ટી., મીઠાખળી અંડરપાસ તેમજ ગાંધીગ્રામ અંડરપાસ 25 પૈકી 19 અંડરપાસના મેઈન્ટેનન્સની કામગીરી માના ટેકનો કોર્પોરેશન પાસે શહેરના વિવિધ વિસ્તારમાં 25 અંડરપાસ આવેલા છે. આ પૈકી 9 રેલવે અંડરપાસ,નિર્ણયનગર, ઉસ્માનપુરા, સ્ટેડિયમ, અખબારનગર, પરિમલ, દક્ષિણી,કુબેરનગર જી.એસ.ટી તથા મીઠાખળી અંડરપાસના ઓપરેશન અને મેઈન્ટેનન્સનો કોન્ટ્રાકટ માના ટેકનો કોર્પોરેશન પાસે છે.

રેલવે અંડરપાસ પૈકી બે અંડરપાસનુ મેઈન્ટેનન્સ સન ટ્રેડીંગ કંપની જયારે એક અંડરપાસનુ મેઈન્ટેનન્સ નીમા એન્ટરપ્રાઈઝ તથા કાળીગામ ગરનાળાનુ મેઈન્ટેનન્સ એ.એ.એન્જિનિયર્સ પાસે છે.

કાળીગામ અંડરપાસમાં ચાર દિવસે પાણી ઉતર્યા હતા અમદાવાદના વિવિધ વોર્ડ વિસ્તારમાં રેલવે અંડરપાસ સહિત કુલ 25 અંડરપાસ આવેલા છે.કાળીગામ અંડરપાસમાં થોડા દિવસ અગાઉ શહેરમાં પડેલા વરસાદના પગલે વરસાદી પાણી ભરાતા ચાર દિવસે મ્યુનિ.તંત્રે પાણી ઉલેચવા પમ્પ મુકયા બાદ પાણી નિકાલ થયો હતો. આ અંડરપાસ ટેક ઓવર કરવા રેલવે ઓથોરીટી દ્વારા અમદાવાદ મ્યુનિ.ને પત્ર લખવામાં આવ્યો છે. પાલડી વિસ્તારમાં આવેલા જલારામ અંડરપાસના ઓપરેશન અને મેઈન્ટેનન્સની કામગીરી ગુજરાત મેટ્રો રેલવે ઓથોરીટી દ્વારા કરવામાં આવે છે.

# નખત્રાણાના સમૂહલગ્નમાં આમંત્રિત મહંત પર હિચકારો હુમલો, સાત લોકો સામે ફરિયાદ



કચ્છના નખત્રાણા નજીક આવેલા નાગલપુર ખાતે ગુરૂ ગરવા સમાજના 18માં સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમૂહલગ્નમાં હજારો લોકોની હાજરીમાં સાત જેટલા લોકોએ સ્ટેજ પર ચડીને આમંત્રિત સંત પર હિચકારો હુમલો કરી હત્યાનો પ્રયાસ કર્યો હતો. જેને લઈને કુકમા આશ્રમના સંતે વકીલ સહિત સાત લોકો સામે ફરિયાદ નોંધાવી છે. આ ઘટનાને પગલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર સોમવારે નખત્રાણાના નાગલપુર ખાતે ગુરૂ ગરવા સમાજના 18મા સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં કુકમા આશ્રમના મહંત રામગિરીને આમંત્રિત કરવામાં આવ્યા હતા અને તેમને સ્ટેજ પર સ્થાન આપવામાં આવ્યું હતું. આ દરમિયાન વકીલ રમણિક ગરવા નામના શખ્સે સ્ટેજ પર ચડીને હજારો લોકોની હાજરીમાં મહંત પર જીવલેણ હુમલો કરતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. સમૂહલગ્નમાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત હોવાછતાં સંત પર હુમલો કરવામાં આવ્યો હતો. આ પણ વાંચોઃ ગુજરાતના રાજકારણમાં માહોલ ઠંડોઃ કમલમ્-કોંગ્રેસ કચેરીઓ સૂમસામ : નેતાઓ નવરાધૂપ આ ઘટનાને લઈને મહંત રામગિરીએ હત્યાના પ્રયાસ બદલ વકીલ રમણિક ગરવા તથા તેના સાગરિતો સામે નખત્રાણા પોલીસ મથકે ફરિયાદ નોંધવામાં આવી છે. ફરિયાદમાં મહંતે જણાવ્યું હતું કે રમણિક ગરવાએ એકાદ વર્ષ પહેલાં આશ્રમ ખાતે આવીને માથાકૂટ કરી હતી, જેને લઈને પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ઉલ્લેખનીય છે કે આરોપીઓએ સમૂહલગ્નમાં અવરોધ ઉભા કરવા માટે વોટ્સએપ ગ્રૂપ બનાવ્યા હતા. જેમાં ભડકાઉ ભાષણ લખીને સમૂહલગ્નમાં આવનાર મહેમાનો અપમાન કરી ઝઘડો કરવાની ધમકી આપવામાં આવી હતી. જેને લઈને પોલીસનો બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો.


# આ નિયમનો ભંગ કર્યો તો ટ્રસ્ટો અને ધાર્મિક સંસ્થાને નહીં મળે વેરા માફી, ITR-7નું નવું ફૉર્મ જાહેર

આવકવેરા ધારાની કલમ 13એમાં કરવામાં આવેલી જોગવાઈનો ભંગ કરાયો છે કે નહીં તે જાણવા માટે અને તેનો ભંગ કર્યો હોય તો વેરા માફીના લાભ ન આપવાનો નિર્ણય લઈ શકાય તે માટે આવકવેરા ધારા હેઠળ ચેરિટેબલ ટ્રસ્ટો અને ધાર્મિક સંસ્થાઓએ ભરવાનું થતું આઈટીઆર 7 ફોર્મ બહાર પડી ગયું છે. નવમી મેએ આ ફોર્મ બહાર પાડવાની જાહેરાત કરી હતી. કાયદાકીય જોગવાઈનું ઉપરછલ્લું પાલન કરીને વેરા માફીની જોગવાઈઓનો લાભ કોઈપણ ન ઊઠાવી જાય તે હેતુથી આ સુધારા કરવામાં આવ્યા છે. વેરા માફી મેળવવા માટે તેમણે કરેલા ખર્ચની વ્યવસ્થિત વિગતો આપવી પડશે. આઈટીઆર-7માં જ રિટર્ન ફાઈલ કરવું પડે છે ચેરિટેબલ ટ્રસ્ટ, ધાર્મિક સંસ્થાઓ, રાજકીય પક્ષો, સંશોધન કરતી સંસ્થાઓએ ભરવાના થતાં આવકવેરા રિટર્નનું ફોર્મ નંબર 7 સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસે નવમી મેએ બહાર પાડી દીધું છે. તેમાં કેટલાક સુધારા પણ દાખલ કર્યા છે. આવકવેરા ધારા 1961માં જુદી જુદી કલમો હેઠળ



માફી મેળવતી તમામ સંસ્થાઓને ફોર્મ 7માં રિટર્ન ફાઈલ કરવાનું આવે છે. આવકવેરા ધારાની કમમ 11, 12, 10 (23 સી) અને 13 એ હેઠળ વિશેષ લાભો આ સંસ્થાઓ મેળવે છે. આકારણી વર્ષ 2025-26નું રિટર્ન ફાઈલ કરવા માટે આ ફોર્મ બહાર પાડવામાં આવ્યું છે. સેબી અને એફસીઆરએ ઓક્ટ હેટળ રજિસ્ટ્રેશન ધરાવતી સંસ્થાઓએ પણ આઈટીઆર-7માં જ રિટર્ન ફાઈલ કરવું પડે છે. આ ફોર્મ ભરીને વેરામાફી માટેની શરતોનું પાલન કરવામાં આવ્યું છે કે નહીં તે સ્પષ્ટ કરવાનું હોય છે. આઈટીઆર-7 ભરનારાઓએ એકત્રિત કરેલી આવક, આવકના ભંડોળનો ઉપયોગ ઉપરાંત વેરા માફીના લાભ મેળવવા માટેની શરતોનું પાલન કર્યું છે કે નહીં તેની સ્પષ્ટતા આ ફોર્મમાં કરવાની હોય છે. આ કેટેગરીમાં આપતા ટેક્સ પ્રોફેશનલ્સ અને સંસ્થાઓએ નવા ફોર્મમાં માગેલી વિગતોનો અભ્યાસ કરીને જ રિટર્ન ફાઈલ કરવું પડશે.

# જામનગર નજીક નેવી વાલસુરામાં રહેતા સરકારી કર્મચારીનું હૃદય રોગનો હુમલો આવી જતાં અપમૃત્યુ



જામનગર જિલ્લામાં હાર્ટ એટેકના કારણે મૃત્યુના બે કિસ્સા પોલીસ મથક સુધી પહોંચ્યા છે. જામનગર નજીક નેવી વાલસૂરામાં રહેતા એક કર્મચારીને એકાએક હૃદય રોગનો હુમલો આવી જતાં અપમૃત્યુ થયું છે. જ્યારે જોડિયા તાલુકાના પીઠડ ગામમાં રહેતા એક ખેડૂત પ્રૌઢનું પણ હાર્ટ એટેકના કારણે મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર થયું છે.જામનગર નજીક આઈ.એન.એસ વાલસૂરામાં એકોમોડેશન એરિયામાં રહેતા કિશોરભાઈ ભોગીલાલભાઈ જોશી (ઉંમર વર્ષ 52 ) કે જેઓ ગઈકાલે પોતાના ઘેર સૂતા હતા, જે દરમિયાન તેઓને ઉઠાડતા ઉઠ્યા ન હતા, અને બેશુદ્ધ હાલતમાં તેઓને નેવીની હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા, ત્યાં ફરજ પરના તબીબે તેઓનું હૃદય બંધ પડી જવાના કારણે મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું છે. જે મામલે પોલીસ વધુ તપાસ ચલાવે છે. જામનગર જિલ્લાના જોડીયામાં રહેતા અને ખેતી કામ કરતા મનસુખભાઈ ભગવાનજીભાઈ ભોજાણી નામના 52 વર્ષના ખેડૂતને પોતાના ઘરે છાતીમાં દુખાવો ઉપડતાં સારવાર માટે ધ્રોળની સરકારી હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું. આ બનાવ અંગે મૃતકના નાના ભાઈ વિનોદભાઈ ભગવાનજીભાઈ ભોજાણીએ પોલીસને જાણ કરતાં જોડિયા પોલીસે બનાવના સ્થળે તેમજ ધ્રોળની સરકારી હોસ્પિટલમાં દોડી જઈ મૃતદેહનો કબજો સંભાળ્યો છે, અને આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# બ્રિટન ભણવા જતાં વિદ્યાર્થીઓ માટે કાયમી ધોરણે સેટલ થવું મુશ્કેલ બનશે, વિઝાના નિયમો ચુસ્ત કરાશે

બ્રિટનની સરકારે વિઝા માટેના નિયમમોમાં ફેરફાર કરવાનું સૂચન વહેતું મૂકતા જાહેર કરેલા મુસદ્દાનો અમલ થાય તો ભારતમાંથી કે વિશ્વના અન્ય કોઈ દેસમાંથી બ્રિટનમાં ભણવા જતાં વિદ્યાર્થીઓને માત્ર 18 મહિના માટેની જ ઓપન વર્ક પરમિટ મળશે. અગાઉ બે વર્ષ માટે ઓપન વર્ક પરમિટ આપવામાં આવતી હતી. પરિણામે ભારતથી બ્રિટન ગયેલા વિદ્યાર્થીઓ માટે યોગ્ય ક્ષેત્રનો જોબ મેળવવો મુશ્કેલ બની જશે. યોગ્ય ક્ષેત્રમાં જોબ મળે તો જ સ્કિલ્ડ વર્કરની કેટેગરીમાં આપવામાં આવતો વિઝાના માધ્યમથી બ્રિટનમાં સરળતાથી સેટલ થઈ શકાતું હતું. હવે બ્રિટનમાં સેટલ થવું મુશ્કેલ બનશે. 25,600 પાઉન્ડનો જોબ ન હોય તો વિઝા માટે જરૂરી પોઈન્ટ નથી મળતા બ્રિટનમાં સ્ટુડન્ટ વિઝા પર




પહોંચી ગયા પછી અભ્યાસ પૂરો થઈ ગયા બાદ વિદ્યાર્થીઓ તેમનો નિભાવ ખર્ચ કાઢવા અને માતાપિતા પરનો ખર્ચ બોજ ઓછો કરવા માટે તેમના અભ્યાસ પ્રમાણે યોગ્ય ન હોય તેવા ક્ષેત્રમાં પણ નોકરી કરી લેતા હતા. તેને પરિણામ તેમને વિઝા મળતા નહોતા. તેથી તેમને લાંબા ગાળાના વિઝા મેળવવા મુશ્કેલ બનશે. હવે તેમાં છ માસનો ઘટાડો કરી દેતા લાંબા ગાળાના વિઝા મેળવવાનું કામ વધુ કઠિન બની જશે. અત્યારે 80થી 90 ટકા વિદ્યાર્થીઓને દોઢથી બે વર્ષ સુધી યોગ્ય જોબ પણ મળતો નથી. તેથી નવા મુસદ્દાની શરત તેમને વિઝા અપાવવામાં મોટો અવરોધ ઊભો કરશે. તદુપરાંત અત્યારે વિદ્યાર્થીઓએ અભ્યાસ કરી લીધો તે પછી તેમના પોતાના ક્ષેત્રનો જોબ ન મળે અને 25600 પાઉન્ડનો પગાર ન મળે તો વિઝા માટેની પોઈન્ટ સિસ્ટમમાં પોઈન્ટ વધતા જ નથી. વિઝા મેળવવા માટે વિદ્યાર્થી પાસે 70 પોઈન્ટ હોવા જરુરી છે. તેમાં 20 પોઈન્ટ જોબ ઓફર લેટરના, 20 પોઈન્ટ આરક્યૂએફના અને 20 પોઈન્ટ એજ્યુકેશન ક્વોલિફિકેશનના ગણાય છે. 10 પોઈન્ટ અંગ્રેજી ભાષા પરના પ્રભુત્વના ગણાય છે. જોકે જોબ થકી થતી આવક 20,480 પાઉન્ડની હોય અને ઓક્યુપેશન શોર્ટેજ લિસ્ટમાં તે જોબ આવતો હોય તો તે વિદ્યાર્થીને વિઝા મળવાની પાત્રતા ગણાય છે, એમ વિઝાના જાણકાર પંકજ પટેલનું કહેવું છે. બીજું, બ્રિટનની સાવાળાઓ પાસેથી યોગ્ય લાઈસન્સ ધરાવતી હોય તેવી કંપનીઓ જ જોબ ઓફર લેટર આપી શકશે. આ સ્થિતિમાં જે કંપની પાસે યોગ્ય લાઈસન્સ નહિ હોય તેમના જોબ ઓફર લેટર માન્ય ગણાશે નહિ. તેથી જેની પાસે સરકારી લાઈસન્સ હશે તે કંપનીઓ જોબ ઓફર લેટરનો ઈલીગલ બિઝનેસ કરવાનું ચાલુ કરી શકે છે.

# 'કપરાં સમયમાં મૌન રહી, હવે પોસ્ટ કરી ઢાંકપિછોડો ન કર':યુદ્ધવિરામ વિશે પોસ્ટ મૂકવી આલિયા ભટ્ટને ભારે પડી, સૈનિકોના વખાણ કર્યાં છતાં ટ્રોલ થઈ

'ઓપરેશન સિંદૂર' અને યુદ્ધવિરામ પછી, હવે એક્ટ્રેસ આલિયા ભટ્ટે શહીદો અને સૈનિકો માટે એક લાંબી પોસ્ટ લખી છે. તેનું કહેવું છે કે, 'જ્યારે લોકો પોતાના ઘરોમાં સૂઈ રહ્યાં હતાં, ત્યારે કેટલાક બહાદુર સૈનિકો તેમની ઊંઘ અને જીવના બદલામાં અમને સુરક્ષા પૂરી પાડી રહ્યાં હતાં.' જોકે, આ મુદ્દા પર આલિયાની પોસ્ટ એટલી મોડી આવી કે, લોકો તેને ફક્ત એક કવર-અપ કહી રહ્યા છે.આલિયા ભટ્ટે તેના ઈન્સ્ટાગ્રામ પર એક ભાવુક પોસ્ટ મૂકી, જેમાં લખ્યું છે કે, 'છેલ્લી કેટલીક રાતો અલગ જ અનુભવી રહી છે. જ્યારે કોઈ દેશ શ્વાસ રોકે છે, ત્યારે હવામાં એક અલગ પ્રકારની શાંતિનો અનુભવ થાય છે. અને છેલ્લા




કેટલાક દિવસોમાં આપણે તે શાંતિ અનુભવી છે. એક શાંત ચિંતા. એક એવો તણાવ જે દરેક વાતચીત, દરેક સમાચારની નોટિફિકેશન અને રાત્રે ડાઈનિંગ ટેબલ પર ગુંજતો રહે છે. બીજી તરફ પર્વતોમાં ક્યાંક આપણા સૈનિકો જાગતા, સતર્ક અને જોખમમાં છે, તે વિચારીને મન પર ભાર લાગે છે.'આલિયા ભટ્ટે ઈન્સ્ટાગ્રામ પર એક ભાવૂક પોસ્ટ લખી.આલિયા ભટ્ટે ઈન્સ્ટાગ્રામ પર એક ભાવૂક પોસ્ટ લખી.આલિયાએ આગળ લખ્યું, 'જ્યારે આપણે આપણા ઘરોમાં હતાં, ત્યારે કેટલીક બહાદુર મહિલાઓ અને પુરુષો અંધારામાં ઉભા રહીને આપણી રક્ષા કરી રહ્યાં હતાં. તેઓ તેમની ઊંઘ અને જીવનના બદલામાં આપણને ઊંઘ આપી રહ્યાં હતાં. આ બહાદુરી નહીં પણ બલિદાન છે. દરેક યુનિફોર્મ પાછળ એક માતા હતી, જે પોતે ઊંઘતી નહોતી. એક માતા જે જાણતી હતી કે, તેનું બાળક એવી રાતનો સામનો કરી રહ્યું હતું જેમાં હાલરડું નહીં પણ અનિશ્ચિતતા, તણાવ અને એક મૌન હતું જે કોઈપણ ક્ષણે તૂટી શકે તેમ છે.'એક્ટ્રેસે લખ્યું, 'જ્યારે આપણે શાંતિથી ઊંઘી રહ્યાં હતાં ત્યારે સૈનિકો આપણી રક્ષા કરી રહ્યાં હતાં.એક્ટ્રેસે લખ્યું, 'જ્યારે આપણે શાંતિથી ઊંઘી રહ્યાં હતાં ત્યારે સૈનિકો આપણી રક્ષા કરી રહ્યાં હતાં.આલિયાએ સૈનિકોની માતાઓ માટે આગળ લખ્યું, 'આપણે રવિવારે મધર્સ ડે ઉજવ્યો. જ્યારે આપણે ફૂલ આપી રહ્યાં હતાં અને ભેટી રહ્યાં હતાં, ત્યારે હું એ માતાઓને યાદ કર્યાં વગર રહી ન શકી, જેમણે હીરોનો ઉછેર કર્યો અને તે ગૌરવને પોતાની કરોડરજ્જુમાં થોડી વધુ શક્તિથી વહન કર્યું.''જે સૈનિકોએ પોતાનો જીવ ગુમાવ્યો, જે સૈનિકો ક્યારેય ઘરે પાછા ન ફરી શક્યા, તેમના પ્રત્યે અમારી સંવેદના. આજે તેમનું નામ દેશની આત્મા સાથે જોડાયેલું છે. મને આશા છે કે તેમના પરિવારોને હિંમત મળશે.'પોતાની પોસ્ટના છેલ્લા પાના પર આલિયાએ લખ્યું, 'તો આજે રાત્રે અને આવનારી દરેક રાત્રે, ચાલો આપણે તણાવમાંથી ઉદભવતી શાંતિ ઓછી થાય અને શાંતિમાંથી ઉદભવતા મૌન માટે પ્રાર્થના કરીએ અને તે દરેક માતા-પિતાને પ્રેમ મોકલીએ જે પોતાના આંસુ રોકીને પ્રાર્થના કરી રહ્યાં છે, કારણકે તમારી તાકાત આ દેશને તમારી કલ્પના કરતાં પણ આગળ લઈ જાય છે. આપણે આપણા રક્ષકો અને ભારત માટે સાથે ઉભા છીએ. જય હિન્દ.'આલિયાએ લખ્યું, 'સૌ સાથે મળીને શાંતિ માટે પ્રાર્થના કરીએ.'આલિયાએ લખ્યું, 'સૌ સાથે મળીને શાંતિ માટે પ્રાર્થના કરીએ.'લોકોએ કહ્યું- 'હવે ઢાંકપિછોડો ન કર'આખો મામલો ઠંડો પડ્યા પછી આલિયાએ આ મામલે પોસ્ટ કરતા કેટલાક યૂઝર્સ લાલઘૂમ થઈ ગયા. કેટલાક લોકોનું કહેવું છે કે, આલિયાએ પોતાની પોસ્ટમાં પાકિસ્તાન વિરૂદ્ધ કંઈ લખ્યું નથી, તો કેટલાક કહે છે કે, આલિયા આ પોસ્ટ દ્વારા કવર-અપ કરવા માગે છે.

## મહારાજે વિરાટને પૂછ્યું- પ્રસન્ન હો; અનુષ્કાને રાધાના નામનો જાપ કરવાનો ઉપદેશ આપ્યો



ગઈકાલે 'કિંગ કોહલી'એ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી, આજે ક્રિકેટર તેની પત્ની અનુષ્કા શર્મા સાથે પ્રેમાનંદજી મહારાજને મળવા વૃંદાવન પહોંચ્યો હતો. વહેલી સવારે તેમણે કેલી કુંજ આશ્રમની મુલાકાત લીધી હતી.વિરાટ અને અનુષ્કાએ પ્રેમાનંદ મહારાજ સાથે લગભગ 15 મિનિટ વાત કરી. બંને કેલી કુંજ આશ્રમમાં 2 કલાક અને 20 મિનિટ રોકાયા. ક્રિકેટર તેની પત્ની સાથે સવારે 7:20 વાગ્યે ઈનોવા કારમાં પહોંચ્યો હતો. વિરાટ-અનુષ્કા માસ્ક પહેરીને કારમાં બેઠાં હતાં. બંનેએ પ્રેમાનંદ મહારાજના આશ્રમનું કામ જોયું અને સમજ્યું. વિરાટ કોહલીની વૃંદાવનની આ ત્રીજી મુલાકાત હતી.પ્રેમાનંદ મહારાજ સાથે વિરાટ-અનુષ્કાનો સંવાદ પ્રેમાનંદ મહારાજે વિરાટ-અનુષ્કાને પૂછ્યું - શું તમે ખુશ છો? આ સાંભળી હસતાં-હસતાં વિરાટે કહ્યું- હા. મહારાજે તેમને આશીર્વાદ આપ્યા અને કહ્યું- ₹ખૂબ ખુશ થાવો અને નામનો જપ કરતા રહો.₹ આના પર અનુષ્કાએ પૂછ્યું - મહારાજજી, શું નામનો જાપ કરવાથી બધું સિદ્ધ થશે? મહારાજાએ કહ્યું- હા, બધું જ સિદ્ધ થશે. જો તમે રાધા-રાધાનો જાપ કરશો, તો તમે આ જ જીવનમાં ભગવાનને પ્રાપ્ત કરશો. એમાં કોઈ શંકાને સ્થાન નથી.અગાઉ તેઓ 4 જાન્યુઆરી 2023 અને 10 જાન્યુઆરી 2025ના રોજ વૃંદાવન આવ્યાં હતાં. વિરાટ કોહલીએ સોમવારે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી. કોહલીએ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું હતું - ટેસ્ટ ક્રિકેટે મારી કસોટી કરી છે, મને આકાર આપ્યો છે.

## એક્ટરની બહેન-ભાણી પણ હાજર હતાં, દોઢ વર્ષથી રિલેશનશિપમાં છે કપલ



બોલિવૂડના મિસ્ટર પરફેક્શનિસ્ટ આમિર ખાને તાજેતરમાં જ તેની ગર્લફ્રેન્ડ ગૌરીનો પરિચય તેની માતા ઝીનત સાથે કરાવ્યો. મધર્સ ડેની ઉજવણી માટે આમિરનો આખો પરિવાર સાથે જોવા મળ્યો હતો. જે તસવીરો સામે આવી છે તેમાં આમિરની માતા ઝીનત કેક કટ કરી રહ્યા છે.સામે આવેલી તસવીરોમાં આમિર ખાનની ગર્લફ્રેન્ડ ગૌરી સ્પ્રેટ તેની માતા ઝીનતની પાછળ ઊભેલી જોવા મળી રહી છે. આ સેલિબ્રેશનમાં આમિર તેની બહેન નિખત અને ભાણી સાથે જોવા મળ્યો હતો. જોકે, આખા સેલિબ્રેશનમાંથી આમિર અને ગૌરીના એકસાથે કોઈ ફોટા સામે આવ્યા નથી.સેલિબ્રેશનની તસવીરો વાઈરલ-આમિર ખાનના પરિવાર સાથે જોવા મળી એક્ટરની ગર્લફ્રેન્ડ ગૌરી સ્પ્રેટઆમિર ખાનના પરિવાર સાથે જોવા મળી એક્ટરની ગર્લફ્રેન્ડ ગૌરી સ્પ્રેટઆમિરની માતા ઝીનત ખાન અને બહેન નિખતઆમિરની માતા ઝીનત ખાન અને બહેન નિખતમાતા, બહેન અને ભાણી સાથે આમિર ખાનમાતા, બહેન અને ભાણી સાથે આમિર ખાનતસવીરો પરથી સ્પષ્ટ થાય છે.

## 'કાંતારા 2' ના એક્ટર રાકેશ પૂજારાનું અવસાન થયું:મહેંદી ફંક્શનમાં મિત્ર સાથે વાત કરતી વખતે હાર્ટ એટેક આવ્યો; 2 દિવસ પહેલા જ શૂટિંગ પૂરું કર્યું હતું

'કાંતારા 2' ના એક્ટર રાકેશ પૂજારાનું તાજેતરમાં નિધન થયું. રાકેશે થોડા દિવસ પહેલા જ 'કાંતારા 2' નું શૂટિંગ પૂર્ણ કર્યું હતું. 11 મેના રોજ, તે તેના નજીકના મિત્રના મહેંદી સેરેમનીમાં હાજર રહ્યો હતો. તે ફંક્શનમાં તેના મિત્ર સાથે વાત કરી રહ્યો હતો ત્યારે અચાનક તે બેભાન થઈને પડી ગયો. તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યો હતો.પીટીઆઈના અહેવાલ મુજબ, 34 વર્ષીય એક્ટર રાકેશ પૂજારાએ કર્ણાટકના કરકલામાં મહેંદી સેરેમનીમાં હાજરી આપી હતી. તે ઉડુપીનો રહેવાસી હતો. તેના અંતિમ સંસ્કાર કરનાલમાં જ કરવામાં આવ્યા હતા. તેણે 11 મેના રોજ 'કાંતારા 2'નું શૂટિંગ પૂર્ણ કર્યું હતું, ત્યારબાદ તેઓ ઘરે પરત ફર્યા હતા. રાકેશ પૂજારાએ તેના મિત્રના ઘરે થઈ રહેલા લગ્ન દરમિયાન ઘણી તસવીરો શેર કરી હતી.નોંધનીય છે કે, રાકેશ 'કાંતારા 1' માં પણ જોવા મળ્યો હતો. તેણે 2020 માં 'કોમેડી ખિલાડીલૂ 3' જીતી હતી, ત્યારબાદ તેને લોકપ્રિયતા મળવા લાગી હતી. આ ઉપરાંત રાકેશે ટીવી શો હિટલર કલ્યાણીમાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ફિલ્મોની વાત કરીએ તો, તે 'પેથાકમ્મી', 'અમ્માર પોલીસ', 'પમ્મન્ના ધ ગ્રેટ', 'ઉમિલ' અને 'એલોકેલ' જેવી સાઉથની ફિલ્મોમાં જોવા મળ્યો છે.'કાંતારા



2' ના એક્ટર એમ.એફ. કપિલનું નદીમાં ડૂબી જવાથી મોત થયું હતુંઆ પહેલા 6 મેના રોજ, 'કાંતારા 2' ના એક્ટર એમએફ કપિલનો મૃતદેહ નદીમાંથી મળી આવ્યો હતો. આર્ટિસ્ટ્સ એસોસિએશનના જણાવ્યા અનુસાર, 6 મેના રોજ, એમએફ કપિલ 'કાંતારા 2' ના શૂટિંગ દરમિયાન લંચ બ્રેક દરમિયાન સૌપર્ણિકા નદીમાં તરવા ગયો હતો. ત્યારબાદ તે ધસમતા પ્રવાહમાં તણાઈ ગયો હતો. ઘટનાની માહિતી મળતાં જ ફાયર વિભાગ અને સ્થાનિક વહીવટીતંત્રે બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી. તે જ સાંજે તેનો મૃતદેહ નદીમાં તરતો મળી આવ્યો હતો. કોલ્લુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયા બાદ આ કેસની તપાસ ચાલી રહી છે.આર્ટિસ્ટ એસોસિએશનનો દાવો- સેટની વચ્ચે નદીમાં ડૂબી જવાથી તેમનું મોત થયુંકપિલના મૃત્યુના સમાચાર પછી, AICWA (ઓલ ઈન્ડિયા સિને વર્કર્સ એસોસિએશન)એ ચિંતા વ્યક્ત કરી છે અને આ મામલાની કડક તપાસની અપીલ કરી છે. ઉપરાંત, તેમની પોસ્ટમાં, ફિલ્મ 'કાંટારા' ના એક્ટર અને નિર્માતા ઋષભ શેટ્ટીને ટાંકીને કહેવામાં આવ્યું હતું કે કપિલનું શૂટિંગ દરમિયાન મૃત્યુ થયું હતું. પોસ્ટમાં લખ્યું હતું- ઓલ ઈન્ડિયા સિને વર્કર્સ એસોસિએશન 33 વર્ષીય જુનિયર કલાકાર એમએફ કપિલના અવસાનથી ખૂબ જ દુઃખી છે.એસોસિએશને પોતાની પોસ્ટમાં ફિલ્મ 'કાંતારા'ના એક્ટર અને નિર્માતા ઋષભ શેટ્ટી, ને ટાંકીને કહ્યું છે કે કપિલનું મૃત્યુ નદીમાં ડૂબી જવાથી થયું છે. આ સાથે, એસોસિએશને આ મામલે કડક કાર્યવાહીની માગ કરી છે, કારણ કે છેલ્લા કેટલાક દિવસોથી સેટ પર અકસ્માતોના સમાચાર સતત પ્રકાશમાં આવી રહ્યા છે.જુનિયર કલાકારોથી ભરેલી બસનો અકસ્માત થયો'કાંતારા 2' ના સેટ પર અકસ્માત થયો હોય તેવી આ પહેલી ઘટના નથી.

## આલિયા ભટ્ટનો રેકોર્ડ તોડ્યો, 'સ્પિરિટ' માટે 20 કરોડ રૂપિયા ફી લીધી

બોલિવૂડ એક્ટ્રેસ દીપિકા પાદુકોણ હાલ માતૃત્વનો આનંદ માણી રહી છે અને મોટા પડદાથી દૂર છે. પરંતુ એક્ટ્રેસ આગામી એક્શન ફિલ્મ 'સ્પિરિટ'માં પ્રભાસ સાથે કમબેક કરવા જઈ રહી છે. ફિલ્મની ખાસ ચર્ચા એટલા માટે થઈ રહી છે કારણ કે આ ફિલ્મ માટે દીપિકાએ 20 કરોડ રૂપિયા ફી લીધી છે.ભારતીય સિનેમાની સૌથી મોંઘી હિરોઈન બની દીપિકા ઈન્ડિયા ટુડેના અહેવાલ મુજબ, 'સ્પિરિટ'ના નિર્માતાઓએ દીપિકા પાદુકોણને સાઈન કરવા માટે 20 કરોડ રૂપિયા ફી ચૂકવવાનું નક્કી કર્યું છે. માતા બન્યા પછી આ ફિલ્મ દીપિકાના કરિયરની સૌથી મોટી ફિલ્મ હશે, જેના માટે તેણે સૌથી વધુ ફી લીધી છે. દીપિકા બોલિવૂડની



સૌથી વધુ કમાણી કરનારી એક્ટ્રેસ છે, પરંતુ અત્યાર સુધી તેણે કોઈ ફિલ્મ માટે 20 કરોડ રૂપિયા ચાર્જ કર્યા નથી. આ ફિલ્મ દીપિકાને મળેલી અત્યાર સુધીની સૌથી મોટી પે-ચેક હશે.દીપિકા પાદુકોણ એક એક્ટિવ એક્ટ્રેસ છે. પોતાની મહેનત અને પ્રતિભાના બળે તેણે દર્શકોના દિલમાં ખાસ સ્થાન બનાવ્યું છે. લગ્ન અને માતૃત્વ પછી પણ દીપિકાની લોકપ્રિયતામાં કોઈ ઘટાડો થયો નથી. ફેન્સ તેને જોવા માટે ખૂબ જ ઉત્સુક છે, જેના કારણે નોર્થથી સાઉથ સુધી ભારતના નિર્માતાઓ તેની સાથે ફિલ્મો સાઈન કરવામાં ખચકાતાં નથી. 'સ્પિરિટ' પછી દીપિકા ઈન્ડસ્ટ્રીની સૌથી મોંઘી એક્ટ્રેસ બની જશે.

## એક્ટ્રેસ શાઈની દોશીએ કહ્યું- 'લોકો મને પ્રોસ્ટિટ્યૂટ કહેતા'; 'સરસ્વતી ચંદ્ર' સિરીયલ બાદ લોકોના મોં સિવાઈ ગયાં



તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં, ટીવી ઈન્ડસ્ટ્રીની જાણીતી એક્ટ્રેસ શાઈની દોશીએ તેના કરિયરના શરૂઆતના સંઘર્ષથી લઈને તેના લગ્ન અને અંગત જીવન સુધીના વિવિધ પાસાઓ વિશે વાત કરી. તેણે જણાવ્યું કે કોઈ પણ ફિલ્મી પૃષ્ઠભૂમિ વિના તેણે આ ઉદ્યોગમાં પોતાને કેવી રીતે સ્થાપિત કરી અને તેણે કેવા-કેવા પડકારોનો સામનો કર્યો.'હું ડૉક્ટર બનવા માગતી હતી' સિદ્ધાર્થ કન્નન સાથેના તાજેતરના ઈન્ટરવ્યૂમાં, શાઈની દોશીએ ખુલાસો કર્યો કે, એક્ટિંગની દુનિયામાં પગ મૂકવો તેના માટે સરળ નહોતો. શાઈનીએ કહ્યું કે તેણે ક્યારેય વિચાર્યું ન હતું કે તે એક્ટ્રેસ બનશે. શાઈનીએ કહ્યું, 'માતા હંમેશા ઈચ્છતી હતી કે હું એક્ટ્રેસ બનું, પણ હું ડૉક્ટર બનવા માગતી હતી.'તેણે આગળ કહ્યું, 'મેં નાની ભૂમિકાઓથી શરૂઆત કરી હતી. 'સરસ્વતીચંદ્ર' અને 'જમાઈ રાજા' જેવા શોથી લોકો મને ઓળખવા લાગ્યા. દરેક પ્રોજેક્ટમાં, મેં મારાં પાત્રને ન્યાય આપવાનો પ્રયાસ કર્યો અને દર્શકોનો પ્રેમ પણ મેળવ્યો. આ મારી ખરી સફળતા છે.'પોતાની કારકિર્દીની સાથે, શાઈનીએ પોતાના અંગત જીવન વિશે પણ ખૂલીને વાત કરી. તેણે કહ્યું, 'હવે મારા લગ્ન થઈ ગયા છે.

## સાથી કેદીએ ચાકૂના 14 ઘા માર્યાં;સિંગર મેગન રૂથને ગોળી મારવાના આરોપમાં જેલમાં હતો રેપર

અમેરિકન સિંગર મેગન રૂથને ગોળી મારવાના આરોપમાં 10 વર્ષની સજા ભોગવી રહેલા ગ્રેમી-નોમિનેટેડ કેનેડિયન રેપર ટોરી લેનેઝ પર તાજેતરમાં હુમલો કરવામાં આવ્યો હતો.



જેલમાં તેની સાથે રહેતા એક વ્યક્તિએ તેના પર છરીથી 14 વાર ઘા કર્યા હતા, જેના કારણે સિંગરની હાલત ગંભીર છે. તાજેતરમાં, તેની ટીમે એક નિવેદન બહાર પાડીને કહ્યું છે કે જીવલેણ હુમલાને કારણે તેના બંને ફેફસાંને નુકસાન થયું છે.ટોરી લેનેઝની ટીમ દ્વારા જાહેર કરાયેલા એક નિવેદનમાં લખવામાં આવ્યું છે કે, ટોરી લેનેઝ પર 14 વખત ચાકૂના ઘા મારવામાં આવ્યા છે, જેમાં પીઠ પર 7 વખત, ધડ પર 4 વખત, માથાના પાછળના ભાગમાં 2 વખત અને ચહેરા પર એક વાર ચાકૂથી ઘા મારવામાં આવ્યા હતા. તેમના બંને ફેફસાં ખરાબ થઈ ગયા છે અને તેમને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા છે. હાલમાં, તે પોતાની મેળે શ્વાસ લઈ શકે છે. પીડા થતી હોવા છતાં, તે સામાન્ય રીતે વાત કરી શકે છે. તે ભગવાન અને તેના માટે પ્રાર્થના કરી રહેલા ચાહકોનો આભારી છે.

T M Z ના અહેવાલ મુજબ, સોમવારે સવારે 7 વાગ્યે કેલિફોર્નિયા કરેક્શનલ ઈન્સ્ટિટ્યૂટમાં કેદ કરાયેલા એક વ્યક્તિ દ્વારા ટોરી લેનેઝ પર હુમલો કરવામાં આવ્યો હતો. હુમલાના સમાચાર મળતાં જ, 911 ને તાત્કાલિક મદદ માટે બોલાવવામાં આવ્યું અને ટોરીને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો.નોંધનીય છે કે, કેનેડિયન રેપર ટોરી લેનેઝે વર્ષ 2020 માં અમેરિકન સિંગર અને લેખિકા મેગન રૂથ ઉર્ફે મેગન થી સ્ટેલિયનને ગોળી મારી હતી. 2020 માં, ગાયિકા મેગને ન્યૂ યોર્ક ટાઈમ્સ સાથેની એક મુલાકાતમાં આરોપ લગાવ્યો હતો કે ટોરીએ એક પાર્ટી પછી તેના પગમાં બે ગોળી મારી હતી.

## વડાપ્રધાન મોદીના સંબોધન પર બોલિવૂડ આફરીન:કંગનાએ PMને દરેક રીતે મહાન ગણાવ્યા, વિક્રાંત, સુનિલ શેટ્ટીએ મોદીની પંક્તિઓ દોહરાવી

'ઓપરેશન સિંદૂર' પર રાષ્ટ્રને સંબોધન કરવા બદલ ઘણા બોલિવૂડ સ્ટાર્સે પીએમ મોદીની ખુલ્લેઆમ પ્રશંસા કરી છે. એક્ટ્રેસ અને ભાજપ સાંસદ કંગના રનૌતે પ્રધાનમંત્રીને અદ્ભુત હિંમત અને શાણપણ ધરાવતા મહાન નેતા ગણાવ્યા. તે જ સમયે, આમિર ખાનના પ્રોડક્શન હાઉસે ભારતીય સેનાને સલામ કરી અને મોદીના નેતૃત્ત્વનો આભાર માન્યો. અભિનેતા વિક્રાંત મેસી અને સુનીલ શેટ્ટીએ પણ આ અંગે પ્રતિક્રિયા આપી છે.કંગના રનૌતે પીએમ મોદીની પ્રશંસા કરી એક્ટ્રેસ અને સાંસદ કંગના રનૌતે પીએમ મોદીની પ્રશંસા કરી. તેણે પીએમ મોદીને 'અદ્ભુત હિંમત અને શાણપણ ધરાવતા નેતા' ગણાવ્યા અને તેમને 'એક મહાન નેતા' કહ્યા. કંગનાએ પોસ્ટ પર લખ્યું, 'પ્રિય પ્રધાનમંત્રી, તમે અમને અપ્રતિમ હિંમત, શાણપણ અને દેશ પ્રત્યે સમર્પણ સાથે નેતૃત્વ આપ્યું છે. તમે શબ્દના દરેક અર્થમાં એક મહાન નેતા છો. »મોદી'તે જ સમયે, આમિર ખાનના 'આમિર ખાન પ્રોડક્શન'એ સેનાનો આભાર માન્યો. પીએમ મોદીના ભાષણ પછી, આમિરના પ્રોડક્શન હાઉસે સોશિયલ મીડિયા પર ભારતીય સેનાને સલામ કરી. તેણે લખ્યું, 'ઓપરેશન



સિંદૂર'ના નાયકોને સલામ. દેશની સુરક્ષા માટે સેનાની હિંમત અને બલિદાનને સલામ. વડા પ્રધાનનો તેમના નેતૃત્વ માટે આભાર. જય હિંદ.'એક્ટર વિક્રાંત મેસીએ સંદેશ શેર કર્યો એક્ટર વિક્રાંત મેસીએ ઈન્સ્ટાગ્રામ પર એક સ્ટોરી પોસ્ટ કરી, જેમાં પીએમ મોદીનો ફોટો અને તેમના નિવેદનનો સમાવેશ થાય છે. જેમાં લખ્યું હતું, 'આતંક અને વાતો એકસાથે ન થઈ શકે!' આતંકવાદ અને વેપાર સાથે ન ચાલી શકે! પાણી અને લોહી એકસાથે ન વહી શકે!'તે જ સમયે, એક્ટર સુનીલ શેટ્ટીએ પણ આવી જ એક વાત શેર કરી, જેમાં તેણે લખ્યું, પાણી અને લોહી - એકસાથે નહીં વહે.નોંધનીય છે કે, પાકિસ્તાન સાથે યુદ્ધવિરામના 51 કલાક પછી, પીએમ મોદીએ સોમવારે રાત્રે 8 વાગ્યે રાષ્ટ્રને સંબોધન કર્યું હતું. પોતાના 22 મિનિટના ભાષણમાં, પ્રધાનમંત્રીએ પહેલગામ હુમલો, ઓપરેશન સિંદૂર, યુદ્ધવિરામ, આતંકવાદ, સિંધુ જળ સંધિ અને પીઓકે વિશે વાત કરી. પ્રધાનમંત્રીએ કહ્યું કે અમે તે આતંકવાદીઓને ખતમ કરી દીધા છે જેમણે આપણી માતાઓ અને બહેનોના સિંદૂર ભૂંસી નાખ્યા હતા. અમારા ઓપરેશનમાં 100 થી વધુ ખતરનાક આતંકવાદીઓ માર્યા ગયા છે.' પીએમ મોદીએ પાકિસ્તાનને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી.

# શા માટે કોહલીએ લીધી નિવૃત્તિ, 5 કારણ:યુવાઓને તક આપવાનો વિચાર, કોચ ગંભીરના કડક નિયમો; 10,000 રન બનાવી શક્યો નહીં

36 વર્ષીય વિરાટ કોહલીએ 12 મેના રોજ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી. જો તે 1-2 વર્ષ વધુ રમ્યો હોત તો તે 10 હજાર રન બનાવીને આ ફોર્મેટમાં ભારતનો ત્રીજો ટોપ સ્કોરર બની ગયો હોત, પરંતુ વિરાટને રેકોર્ડની કોઈ પરવા નહોતી.વિરાટ ભારત માટે ચોથો ટોપ સ્કોરર રહ્યો. દેશના ટોપ 5 ટેસ્ટ સ્કોરર્સમાં કોહલીએ સૌથી વહેલા નિવૃત્તિ લીધી. 36 વર્ષની ઉંમર પછી સચિન તેંડુલકરે વધુ 9 ટેસ્ટ સદી ફટકારી. તે 40 વર્ષ સુધી રમ્યો, પરંતુ વિરાટે આ ફોર્મેટમાં પોતાની કારકિર્દીને લાંબો સમય ટકાવી નહીં.ચાલો સ્ટોરીમાં 4 વાત જાણીએ...વિરાટની નિવૃત્તિનાં 5 મોટાં કારણટોપ 5 ભારતીયોમાં સૌથી વહેલા નિવૃત્તિત્રણ ભારતીય પણ નાની ઉંમરે નિવૃત્ત થયા છે5 રેકોર્ડ, જે વિરાટ તોડવાનું ચૂકી ગયો1. વિરાટની નિવૃત્તિનાં 5 કારણો1. ટેસ્ટમાં પોતાનું પીક ફોર્મ ગુમાવ્યુંવિરાટ કોહલીએ 2019માં તેની 27મી ટેસ્ટ સદી ફટકારી હતી. બીજા જ વર્ષે કોરોના વાઈરસ આવ્યો, મેચો ઓછી થવા લાગી અને કોહલીએ તેનું પીક ફોર્મ ગુમાવ્યું. 2019 સુધીમાં તેણે લગભગ 55ની એવરેજથી 7202 રન બનાવ્યા હતા. આગામી 5 વર્ષમાં તે 39 ટેસ્ટમાં ફક્ત 31ની એવરેજથી ફક્ત 2028 રન બનાવી શક્યો. આ દરમિયાન તેના બેટથી ફક્ત 3 સદી જ નીકળી.કોરોના પછી બોલિંગ



માટે અનુકૂળ પીચોએ પણ કોહલીના ખરાબ ફોર્મમાં મોટી ભૂમિકા ભજવી હતી. મહામારી પછી કોહલીએ 37 ટેસ્ટમાં 32.09ની એવરેજથી રન બનાવ્યા છે, જે તેનાં ધોરણો પ્રમાણે ખૂબ જ સામાન્ય રહ્યા, જોકે આ દરમિયાન વિશ્વભરના ટોપ 7 બેટ્સમેનોની એવરેજ ફક્ત 29.87 હતી. કોહલી ઉપરાંત ટીમ ઈન્ડિયાના અન્ય ટોપ 7 બેટર્સની સરેરાશ પણ 31.15 હતી. એનો અર્થ એ થયો કે કોહલી છેલ્લાં 5 વર્ષમાં વિશ્વના ટોપ બેટર્સ સાથે સ્પર્ધા કરતો રહ્યો.કોહલી બાંગ્લાદેશ, ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા સામેની છેલ્લી 3 સિરીઝમ ખરાબ ફોર્મમાં જોવા મળ્યો હતો. તે ફક્ત એક ફિફ્ટી અને એક સદી જ ફટકારી શક્યો. તેમણે 3થી 5 જાન્યુઆરી દરમિયાન સિડનીમાં ઓસ્ટ્રેલિયા સામે પોતાની છેલ્લી ટેસ્ટ રમી હતી અને મે મહિનામાં નિવૃત્તિ લીધી.2. હેડ કોચ ગંભીરની કડક પોલિસીગૌતમ ગંભીરને ઓગસ્ટ 2024માં ટીમ ઈન્ડિયાના નવા મુખ્ય કોચ બનાવવામાં આવ્યો. કોચ બનતાંની સાથે જ તેમણે નિવેદન આપ્યું હતું કે તેઓ ટીમ ઈન્ડિયાના સ્ટાર કલ્ચરને ખતમ કરવા માગે છે. તેમનું માનવું હતું કે ફેન્સ અને મેનેજમેન્ટનું ધ્યાન ખેલાડીના રેકોર્ડ કરતાં ટીમની જીત પર હોવું જોઈએ.ગંભીરની એન્ટ્રી પછી BCCIએ લાંબા પ્રવાસ પર પરિવારો સાથે વધુ સમય સુધી સાથે રહેવા પર પ્રતિબંધો લગાવી દીધા. પૂર્વ કેપ્ટન રોહિત શર્મા અને ટીમના કેટલાક સિનિયર ખેલાડીઓ આ નિર્ણયથી નારાજ જણાતા હતા. ગંભીર કોચ બન્યા પછી ટીમે ઘરઆંગણે ન્યૂઝીલેન્ડ સામે અને ઓસ્ટ્રેલિયા સામે તેમના જ મેદાન પર સિરીઝ હારી ગઈ. એ બાદ રવિચંદ્રન અશ્વિન, રોહિત શર્મા અને વિરાટ કોહલીને નિવૃત્તિ લેવી પડી.ગૌતમ ગંભીરના કોચિંગ હેઠળ રવિચંદ્રન અશ્વિન, રોહિત શર્મા અને વિરાટ કોહલી ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી.ગૌતમ ગંભીરના કોચિંગ હેઠળ રવિચંદ્રન અશ્વિન, રોહિત શર્મા અને વિરાટ કોહલી ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી.3. રોહિત શર્માનો પ્રભાવટીમ ઈન્ડિયાના ODI કેપ્ટન રોહિત શર્માએ 7 મેના રોજ ટેસ્ટમાંથી નિવૃત્તિ લીધી. તેના 5 દિવસમાં જ વિરાટ કોહલીએ ફરીથી રેડ બોલ ક્રિકેટને અલવિદા કહ્યું. આ પહેલીવાર નથી જ્યારે બંને ખેલાડીએ એકસાથે કોઈ ફોર્મેટમાંથી નિવૃત્તિ લીધી હોય.29 જૂન 2024ના રોજ જ્યારે ભારતે T20 વર્લ્ડ કપ જીત્યો ત્યારે પ્લેયર ઓફ ધ ફાઈનલ વિરાટ કોહલીએ પ્રેઝન્ટેશન સેરેમનીમાં T20માંથી નિવૃત્તિની જાહેરાત કરી. તેના થોડા સમય પછી રોહિત શર્માએ પણ જીતની ઉજવણી કરી અને ટૂંકા ફોર્મેટને અલવિદા કહ્યું. આનો અર્થ એ થયો કે રોહિતની ટેસ્ટ નિવૃત્તિએ કોઈક રીતે કોહલી પર પણ નિવૃત્તિ લેવાનું દબાણ બનાવ્યું.વિરાટ કોહલી અને રોહિત શર્માએ એક જ દિવસે T20માંથી નિવૃત્તિ લીધી હતી.વિરાટ કોહલી અને રોહિત શર્માએ એક જ દિવસે T20માંથી નિવૃત્તિ લીધી હતી.રોહિત શર્મા અને વિરાટ કોહલીએ 5 દિવસની અંદર ટેસ્ટ નિવૃત્તિ લીધી.રોહિત શર્મા અને વિરાટ કોહલીએ 5 દિવસની અંદર ટેસ્ટ નિવૃત્તિ લીધી.4. ઓસ્ટ્રેલિયામાં સંકેત આપી દીધા હતાનવેમ્બર અને જાન્યુઆરી વચ્ચે ભારતે ટેસ્ટ સિરીઝ માટે ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ કર્યો હતો, જ્યાં તેઓ 3-1થી હારી ગયા હતા. કોહલીએ પહેલી જ મેચમાં સદી ફટકારી હતી, જેના પછી તેને લાગ્યું કે તેણે પોતાનું ફોર્મ પાછું મેળવી લીધું છે, જોકે 4 ટેસ્ટની આગામી 7 ઈનિંગ્સમાં તે દર વખતે ઓફ સ્ટમ્પની બહાર બોલ પર સ્લિપમાં કેચ થઈ ગયો. તે એકપણ ફિફ્ટી ફટકારી શક્યો નહીં અને 190 રન સાથે સિરીઝ પૂરી કરી.ઓસ્ટ્રેલિયામાં બોર્ડર ગાવસ્કર ટ્રોફી પછી કોહલીએ કહ્યું હતું કે તે આ ફોર્મેટમાં પોતાનું ફોર્મ ગુમાવવા લાગ્યો છે. TOIના અહેવાલ મુજબ, તેણે પછી તેના સાથી ખેલાડીને કહ્યું કે તે આ ફોર્મેટમાં પોતાને વધુ પ્રગતિ કરતા જોતો નથી. એ પછી કોહલીએ મે મહિનામાં નિવૃત્તિ લીધી.ગ્રાફિક્સમાં BGT 2024-25 માં કોહલીનું પ્રદર્શન જુઓ...5. યુવા ખેલાડીઓને તક આપવાનું વિચારી રહ્યા છીએ2019માં શરૂ થયેલી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) પણ કોહલીની નિવૃત્તિનું એક મોટું કારણ છે, કારણ કે ટીમ ઈન્ડિયાની 5 ટેસ્ટ મેચોની સિરીઝ 20 જૂનથી ઈંગ્લેન્ડમાં શરૂ થશે. 2027ની WTCમાં આ ભારતની પહેલી સિરીઝ છે, અહીંથી ટીમ ઈન્ડિયાનું ફાઈનલમાં પહોંચવું એ નક્કી થશે.કોહલીએ ઘણા ઈન્ટરવ્યૂમાં કહ્યું છે કે જો તેને લાગે કે તે ટીમમાં યોગદાન આપી શકતો નથી, તો તે નિવૃત્તિ લેશે. તેને ખ્યાલ આવ્યો હશે કે યુવા ટીમ તૈયાર કરવા માટે WTCમાં ફક્ત નવી ટીમને જ તક મળે એ મહત્ત્વપૂર્ણ છે.

# 11 જૂનથી લોર્ડ્સમાં મેચ રમાશે, પેટ કમિન્સ અને ટેમ્બા બાવુમા કેપ્ટનશીપ કરશે




વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) 2023-25ની ફાઈનલ મેચ માટે ઓસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકાની ટીમની જાહેરાત કરવામાં આવી છે. આ મેચ 11 થી 15 જૂન દરમિયાન ઈંગ્લેન્ડના લોર્ડ્સ મેદાન પર રમાશે. ઓસ્ટ્રેલિયન ટીમનું નેતૃત્વ પેટ કમિન્સ કરશે, જ્યારે ટેમ્બા બાવુમા સાઉથ આફ્રિકાની ટીમની કેપ્ટનશીપ કરશે. ઓસ્ટ્રેલિયાએ WTC ફાઈનલ પછી વેસ્ટ ઈન્ડિઝનો પ્રવાસ કરવાનો છે, જેમાં તેઓ સમાન ટીમ હશે. આ પ્રવાસ 25 જૂનથી શરૂ થશે.મંગળવારે ક્રિકેટ ઓસ્ટ્રેલિયા (CA)એ જાહેર કરેલી ટીમમાં ઓલરાઉન્ડર કેમરૂન ગ્રીન ટીમમાં પરત ફર્યો છે. ગ્રીને છેલ્લે માર્ચ 2024માં પીઠની ઈજાનો ભોગ બનતા પહેલા ટેસ્ટ રમી હતી. તે જ સમયે, સાઉથ આફ્રિકામાં ડોપિંગને કારણે પ્રતિબંધનો સામનો કરી રહેલા કાગીસો રબાડાને પણ સામેલ કર્યો છે.2 પોસ્ટ જેનાથી ટીમની જાહેરાત થઈ હતીC A એ આ પોસ્ટથી ઓસ્ટ્રેલિયન ટીમની જાહેરાત કરી.C A એ આ પોસ્ટથી ઓસ્ટ્રેલિયન ટીમની જાહેરાત કરી.ક્રિકેટ સાઉથ આફ્રિકાએ આ પોસ્ટથી ટીમની જાહેરાત કરી.ક્રિકેટ સાઉથ આફ્રિકાએ આ પોસ્ટથી ટીમની જાહેરાત કરી.સેમ કોન્સ્ટાસ અને જોશ હેઝલવુડને પણ સ્થાન મળ્યું બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં ભારત સામે ડેબ્યૂ કરનાર યુવા સેમ કોન્સ્ટાસને પણ ફાઈનલ ટીમમાં સ્થાન મળ્યું છે. આ ઉપરાંત, બ્રેન્ડન ડોગેટને ટ્રાવેલિંગ રિઝર્વ તરીકે ટીમમાં સ્થાન મળ્યું છે. શેફિલ્ડ શીલ્ડ ફાઈનલમાં બ્રેન્ડન પ્લેયર ઓફ ધ મેચ હતો.ICC રેન્કિંગમાં ઓસ્ટ્રેલિયા નંબર-1 ટેસ્ટ ટીમ છે.I C C રેન્કિંગમાં ઓસ્ટ્રેલિયા નંબર-1 ટેસ્ટ ટીમ છે.કમિન્સ-હેઝલવુડે IPLમાંથી વાપસી કરી કેપ્ટન પેટ કમિન્સ અને સાથી ઝડપી બોલર જોશ હેઝલવુડ પણ ટેસ્ટ ટીમમાં પાછા ફર્યા છે. બંને ખેલાડીઓ ઈજાને કારણે ચેમ્પિયન્સ ટ્રોફી ચૂકી ગયા હતા અને બાદમાં IPL 2025માં પાછા ફર્યા હતા. જોકે, હેઝલવુડ ખભાની ઈજાને કારણે તેની ફ્રેન્ચાઇઝી રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ માટે છેલ્લી મેચ રમી શક્યો ન હતો. બાદમાં ભારત-પાકિસ્તાન તણાવને કારણે લીગ સ્થગિત કરવામાં આવી હતી. હવે તેના માટે આગામી મેચમાં રમવું મુશ્કેલ છે.2023ની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ઓસ્ટ્રેલિયાએ ભારતને હરાવ્યું હતું.2023ની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ઓસ્ટ્રેલિયાએ ભારતને હરાવ્યું હતું.WTC અને વેસ્ટ ઈન્ડિઝ પ્રવાસ માટે ઓસ્ટ્રેલિયાની ટીમપેટ કમિન્સ (કેપ્ટન), ટ્રેવિસ હેડ, ઉસ્માન ખ્વાજા, સેમ કોન્સ્ટાસ, માર્નસ લાબુશેન, સ્ટીવ સ્મિથ, એલેક્સ કેરી (વિકેટકીપર), કેમરૂન ગ્રીન, જોશ ઈંગ્લિસ, મિચેલ સ્ટાર્ક, બ્યુ વેબસ્ટર, જોશ હેઝલવુડ, મેટ કુહનેમેન, નાથન લાયન અને સ્કોટ બોલેન્ડ.ટ્રાવેલિંગ રિઝર્વ-બ્રેન્ડન ડોગેટ.WCT ફાઈનલ માટે સાઉથ આફ્રિકા ટીમ ટેમ્બા બાવુમા (કેપ્ટન), ડેવિડ બેડિંગહામ, કોર્બિન બોસ, ટોની ડી જોરી, માર્કો યાન્સેન, કેશવ મહારાજ, એડન માર્કરમ, વિયાન મુલ્ડર, સેનુરન મુથુસામી, લુંગી એન્ગિડી, ડેન પીટરસન, કાગીસો રબાડા, રેયાન રિકલ્ટન, ટ્રીસ્ટન સ્ટબ્સ અને કાયલ વેરી. સેમ કોન્સ્ટાસ અને જોશ હેઝલવુડને પણ સ્થાન મળ્યું બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં ભારત સામે ડેબ્યૂ કરનાર યુવા સેમ કોન્સ્ટાસને પણ ફાઈનલ ટીમમાં સ્થાન મળ્યું છે. આ ઉપરાંત, બ્રેન્ડન ડોગેટને ટ્રાવેલિંગ રિઝર્વ તરીકે ટીમમાં સ્થાન મળ્યું છે.

## દેશ - વિદેશ

# એરપોર્ટ પર ક્રાઉન પ્રિન્સ સલમાને ટ્રમ્પનું સ્વાગત કર્યુ, અમેરિકાના રાષ્ટ્રપતિને કોફી પીવડાવી



અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તેમના મિડલ ઈસ્ટ પ્રવાસના પહેલા દિવસે સાઉદી અરેબિયા પહોંચી ગયા છે. આ દરમિયાન, સાઉદી વાયુસેનાએ તેમને એરસ્પેસમાં એસ્કોર્ટ કર્યા.એરપોર્ટ પર ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને ટ્રમ્પનું સ્વાગત કર્યું. આ દરમિયાન, અમેરિકન રાષ્ટ્રપતિને પરંપરાગત સાઉદી કોફી પીવડાવવામાં આવી હતી.બીજી વખત રાષ્ટ્રપતિ બન્યા પછી ટ્રમ્પની આ પહેલી વિદેશ મુલાકાત છે. આ પહેલા, તેઓ પોપ ફ્રાન્સિસના અંતિમ સંસ્કારમાં હાજરી આપવા માટે 26 એપ્રિલે વેટિકન ગયા હતા.ટ્રમ્પ આવતીકાલે એટલે કે 14 મેના રોજ ગલ્ફ નેતાઓના શિખર સંમેલનમાં હાજરી આપશે અને પછી કતાર જશે. ટ્રમ્પ તેમના પ્રવાસના છેલ્લા દિવસે 15 મેના રોજ U A E પહોંચશે.ટ્રમ્પની સાઉદી મુલાકાતના 6 ફોટા....ટ્રમ્પનું વિમાન એર સ્પેસમાં પ્રવેશ્યા પછી સાઉદી ફાઈટર જેટ્સ દ્વારા તેને એસ્કોર્ટ કરવામાં આવ્યું.ટ્રમ્પનું વિમાન એર સ્પેસમાં પ્રવેશ્યા પછી સાઉદી ફાઈટર જેટ્સ દ્વારા તેને એસ્કોર્ટ કરવામાં આવ્યું.રિયાધ એરપોર્ટ પર ટ્રમ્પનું વિમાન એરફોર્સ વન લેન્ડ થયું.રિયાધ એરપોર્ટ પર ટ્રમ્પનું વિમાન એરફોર્સ વન લેન્ડ થયું.ટ્રમ્પનું સ્વાગત કરવા માટે ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન પહોંચ્યા હતા.ટ્રમ્પનું સ્વાગત કરવા માટે ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન પહોંચ્યા હતા.ટ્રમ્પ પોતાના ખાસ વિમાન એરફોર્સ વનમાંથી બહાર આવ્યા.ટ્રમ્પ પોતાના ખાસ વિમાન એરફોર્સ વનમાંથી બહાર આવ્યા.ટ્રમ્પને પરંપરાગત સાઉદી કોફી પીવડાવવામાં આવી હતી.ટ્રમ્પને પરંપરાગત સાઉદી કોફી પીવડાવવામાં આવી હતી.ડોનાલ્ડ ટ્રમ્પ અને ક્રાઉન પ્રિન્સ વચ્ચે વાતચીત થઈ હતી.ડોનાલ્ડ ટ્રમ્પ અને ક્રાઉન પ્રિન્સ વચ્ચે વાતચીત થઈ હતી.ટ્રમ્પે 2017માં સાઉદીની મુલાકાત કરીને પરંપરા તોડી હતીઅમેરિકામાં રાષ્ટ્રપતિ બન્યા પછી કેનેડા-મેક્સિકો કે યુરોપિયન દેશની મુલાકાત લેવાની પરંપરા છે. બરાક ઓબામાએ તેમના પહેલા વિદેશ પ્રવાસમાં કેનેડાની મુલાકાત લીધી. તેમના પહેલા, જ્યોર્જ ડબલ્યુ. બુશે તેમની પહેલી વિદેશ યાત્રામાં મેક્સિકોની મુલાકાત લીધી હતી.ટ્રમ્પે 2017માં રાષ્ટ્રપતિ બન્યા પછી સૌપ્રથમ સાઉદી અરેબિયા પહોંચીને આ પરંપરા તોડી હતી. અગાઉના રાષ્ટ્રપતિ જો બાઈડન તેમની પહેલી મુલાકાતમાં બ્રિટનની મુલાકાતે ગયા હતા.બીજી વખત રાષ્ટ્રપતિ બન્યા પછી ટ્રમ્પે પહેલી વાર MBSને ફોન કર્યો હતોબીજી વખત રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા પછી, ટ્રમ્પે સૌપ્રથમ સાઉદી પ્રિન્સ સલમાનને ફોન કર્યો. શપથ ગ્રહણના થોડા દિવસો પછી, મીડિયા દ્વારા ટ્રમ્પને તેમના પહેલા વિદેશ પ્રવાસ વિશે સવાલ કરવામાં આવ્યા.આ સવાલના જવાબમાં તેમણે કહ્યું હતું કે તેઓ પહેલા તે દેશની મુલાકાત લેશે જે અમેરિકામાં સૌથી વધુ રોકાણ કરે છે.આ પછી, સાઉદી સરકારે એક નિવેદન આપીને કહ્યું કે તેમનો દેશ આગામી ચાર વર્ષમાં અમેરિકામાં 600 અબજ ડોલર (રૂ. 50 લાખ કરોડ)નું રોકાણ કરવા તૈયાર છે.જોકે, ટ્રમ્પે કહ્યું છે કે તેઓ તેને વધારીને 1 ટ્રિલિયન ડોલર સુધી જોવા માંગે છે, જેમાં વધુ યુએસ લશ્કરી સાધનોની ખરીદીનો પણ સમાવેશ થાય છે.સાઉદી અરેબના સોવરેન વેલ્થ ફંડ અને પબ્લિક ઈન્વેસ્ટમેન્ટ ફંડ (PIF) પાસે 925 અબજ ડોલરનું જંગી ભંડોળ છે. સાઉદી આ દ્વારા અમેરિકામાં પહેલાથી જ ઘણા રોકાણ કરી ચૂક્યું છે. તેમજ, UAE એ આગામી 10 વર્ષમાં અમેરિકાના AI, સેમિકન્ડક્ટર, ઊર્જા અને માળખાગત ક્ષેત્રોમાં 1.4 ટ્રિલિયન ડોલરનું રોકાણ કરવાની ઈચ્છા પણ વ્યક્ત કરી છે.ટ્રમ્પના સાઉદી અરેબિયા સાથે સારા સંબંધો છેટ્રમ્પે તેમના પહેલા કાર્યકાળ દરમિયાન સાઉદી અરેબિયા સહિત ગલ્ફ દેશો સાથે વધુ સારા સંબંધો સ્થાપિત કર્યા હતા. ટ્રમ્પના પદ છોડ્યા પછી પણ, સાઉદી અરેબિયાએ ટ્રમ્પના જમાઈ અને ભૂતપૂર્વ સહાયક જેરેડ કુશનરની એક કંપનીમાં 2 અબજ ડોલર (રૂ. 17 હજાર કરોડ)નું રોકાણ કર્યું.

# પાકિસ્તાને PM મોદીના ભાષણને ઉશ્કેરણીજનક ગણાવ્યું:કહ્યું- રાજકીય લાભ લેવાનો પ્રયાસ; ઝરદારીએ કહ્યું- ભારતના હુમલાથી દેશ એકજૂથ થયો

આદમપુર એરબેઝ પર પીએમ મોદીના ભાષણ પર પાકિસ્તાને ટિપ્પણી કરી છે. પાકિસ્તાનના વિદેશ કાર્યાલય (FO)એ એક નિવેદન જારી કરીને કહ્યું કે મોદીની ટિપ્પણી સ્પષ્ટપણે ખોટી માહિતી, રાજકીય લાભ મેળવવાનો પ્રયાસ અને આંતરરાષ્ટ્રીય નિયમોની અવગણના દર્શાવે છે.વિદેશ મંત્રાલયે કહ્યું કે, મોદીની ટિપ્પણીઓ દર્શાવે છે કે તેમણે પોતાના હુમલાઓને ન્યાયી ઠેરવવા માટે કહાનીઓ બનાવી હતી. નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે પાકિસ્તાન યુદ્ધવિરામ સમજૂતીનું પાલન કરી રહ્યું છે અને તણાવ ઘટાડવા અને પ્રદેશમાં શાંતિ જાળવવા માટે જરૂરી પગલાં લઈ રહ્યું છે.પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ કહ્યું છે કે, ભારતના હુમલાએ પાકિસ્તાની લોકોને એક કર્યા છે. દરમિયાન, પાકિસ્તાની સેનાએ પહેલીવાર સ્વીકાર્યું કે ભારતીય હુમલામાં તેના 11 સૈનિકો માર્યા ગયા હતા. રિપોર્ટ અનુસાર, 78 સૈનિકો પણ ઘાયલ થયા છે.ભારતીય હુમલામાં 11 પાકિસ્તાની સૈનિક માર્યા ગયા. પાકિસ્તાની સેનાએ મંગળવારે તેમની તસવીરો જાહેર કરી હતી.ભારતીય હુમલામાં 11 પાકિસ્તાની સૈનિક માર્યા ગયા. પાકિસ્તાની સેનાએ મંગળવારે તેમની તસવીરો જાહેર કરી હતી.પાકિસ્તાન સંબંધિત અપડેટ્સ જાણવા માટે નીચે બ્લોગ વાંચો...લાઈવ અપડેટ્સ05:54 P M 1 3 મે 2025પાકિસ્તાને કહ્યું- પીએમ મોદીનું નિવેદન ઉશ્કેરણીજનક



હતુંપાકિસ્તાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા શફકત અલી ખાને પીએમ મોદીના ભાષણને ઉશ્કેરણીજનક ગણાવીને તેને નકારી કાઢ્યું છે. તેમણે કહ્યું કે આવા નિવેદનો પહેલાથી જ તણાવપૂર્ણ વાતાવરણને વધુ અસ્થિર બનાવી શકે છે.04:57 PM13 મે 2025બંને દેશો વચ્ચે પહેલુ સીઝફાયર 1949માં થયું હતું04:56 P M 1 3 મે 2025રાષ્ટ્રપતિ ઝરદારીએ કહ્યું- ભારતીય હુમલાએ પાકિસ્તાનીઓને એક કર્યાપાકિસ્તાનના રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ કહ્યું છે કે, ભારતના હુમલાએ પાકિસ્તાની લોકોને એક કર્યા છે. ડોનના અહેવાલ મુજબ, રાષ્ટ્રપતિએ મંગળવારે કહ્યું કે પાકિસ્તાન હંમેશા ભારતની દુશ્મનાવટનો જવાબ આપવા તૈયાર છે.રાષ્ટ્રપતિએ કહ્યું કે, પાકિસ્તાની સેના કોઈપણ હુમલાને નિષ્ફળ બનાવવા માટે હંમેશા તૈયાર છે. તેઓ તેમની રાષ્ટ્રીય સુરક્ષા અને સાર્વભૌમત્વ પરના દરેક હુમલાનો યોગ્ય જવાબ આપશે.04:36 PM13 મે 2025હિના રબ્બારી ખારે કહ્યું- મોદીએ પાકિસ્તાન વિશેની માન્યતા તોડીપાકિસ્તાનમાં સંસદ સત્ર દરમિયાન, ભૂતપૂર્વ વિદેશ રાજ્યમંત્રી હિના રબ્બારી ખારે કહ્યું કે, પાડોશીને હરાવવાનો દાવો કરવો એ ગર્વની વાત નથી. તેમણે કહ્યું કે બે પરમાણુ દેશો સામસામે છે. આ ખુશીની વાત નથી, પણ ચિંતાની વાત છે.ખારે કહ્યું કે લાંબા સમયથી આંતરરાષ્ટ્રીય સ્તરે એક ગેરસમજ છે કે ભારત પાકિસ્તાનથી આગળ છે, પરંતુ હવે મોદીએ પોતે આ ભ્રમ તોડી નાખ્યો છે.04:26 PM13 મે 2025પાકિસ્તાનના મંત્રીએ કહ્યું- ભારત આતંકવાદ સામે લડવા માટે ગંભીર નથીપાકિસ્તાનના ભૂતપૂર્વ મંત્રી અને સાંસદ હિના રબ્બાની ખારે રાષ્ટ્રીય સભા (સંસદ)માં કહ્યું કે, જો ભારત આતંકવાદનો સામનો કરવા માટે ગંભીર હોય, તો તે વાતચીતથી ભાગશે નહીં.

બોલીવુડમાં યુદ્ધ લડવું એક વાત છે અને વાસ્તવિકતામાં તે કરવું બીજી વાત છે.ખારે કહ્યું- આતંકવાદ એક વૈશ્વિક સમસ્યા છે, તે ફક્ત એક દેશ કે એક ક્ષેત્રની સમસ્યા નથી. આપણે ક્યારેય યુદ્ધખોરોના પક્ષમાં નહીં રહીએ કારણ કે આપણે ઘણું સહન કર્યું છે.03:46 PM13 મે 2025શાહબાઝે કહ્યું- પાકિસ્તાન જાણે છે કે હુમલાઓનો જવાબ કેવી રીતે આપવોપીએમ શાહબાઝ શરીફે કહ્યું કે પાકિસ્તાન જાણે છે કે હુમલાનો જવાબ કેવી રીતે આપવો. ઓપરેશન બનિયન-ઉમ-મર્સૂસ આનો પુરાવો છે.તેમણે કહ્યું- QuoteImageભારતને હવે સમજાયું છે કે તેણે તેના પડોશી દેશોની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું સન્માન કરવું
જોઈએ.QuoteImageડોનના અહેવાલ મુજબ, પીએમ શાહબાઝે ભારત સાથેના સંઘર્ષ દરમિયાન માર્યા ગયેલા સૈનિકો અને નાગરિકોને શ્રદ્ધાંજલિ આપી.તેમણે પાકિસ્તાન વાયુસેનાના પાંચ અને પાકિસ્તાન આર્મીના 6 જવાનોને પણ શ્રદ્ધાંજલિ આપી. તેમણે કહ્યું, ₹અમે દેશના શહીદોને ભૂલ્યા નથી, અને ન તો ભૂલીશું.02:23 P M 1 3 મે 2025પાકિસ્તાની મહિલા સેનેટરને સનેપાત, કહ્યું - ભારતે યુદ્ધ કર્યું, અમે થોડા કલાકોમાં જીતી લીધુંબિલાવલ ભુટ્ટોની પાર્ટીની મહિલા સેનેટર શેરી રહેમાને દાવો કર્યો છે કે ભારતે પાકિસ્તાન પર યુદ્ધ શરૂ કર્યું હતું જે તેણે થોડા કલાકોમાં જીતી લીધું હતું. એક પ્રેસ કોન્ફરન્સમાં શેરીએ કહ્યું કે આ યુદ્ધથી પાકિસ્તાનની વિશ્વસનીયતા વધી છે. સરહદ પારના પાકિસ્તાનને હવે લાગે છે કે તેમની સાથે દગો થયો છે.

શેરીએ ભારત પર આરોપ લગાવ્યો અને કહ્યું કે પાડોશી દેશે યુદ્ધ શરૂ કરવા માટે પહેલગામ હુમલાનો ઉપયોગ કર્યો. તેમણે કહ્યું કે નક્કર તપાસ વિના, તમે કોઈપણ આતંકવાદી ઘટનાને યુદ્ધ સાથે સરખાવી શકો નહીં. તેમણે કહ્યું કે પાકિસ્તાને ભારતને 'રેડ લાઈન' પાર કરવા દીધી નથી.શેરીએ ભારત-પાકિસ્તાન સંઘર્ષના કવરેજમાં પરિપક્વ અને જવાબદાર રહેવા બદલ પાકિસ્તાની મીડિયાની પણ પ્રશંસા કરી.શેરી રહેમાન 2015 થી સેનેટર છે. તેમણે 2011-2013 સુધી યુનાઈટેડ સ્ટેટ્સમાં પાકિસ્તાનના રાજદૂત તરીકે પણ સેવા આપી હતી.શેરી રહેમાન 2015 થી સેનેટર છે. તેમણે 2011-2013 સુધી યુનાઈટેડ સ્ટેટ્સમાં પાકિસ્તાનના રાજદૂત તરીકે પણ સેવા આપી હતી.01:47 P M 1 3 મે 2025પાકિસ્તાનના
વિદેશમંત્રીની ટંગડી ઊંચી, કહ્યું- ભારતને અમારી તાકાતનો અંદાજો આવી ગયો હતોપાકિસ્તાનના વિદેશ મંત્રી ઈશાક ડારે કહ્યું કે ભારતે પાકિસ્તાનની તાકાતનો ખોટો અંદાજ લગાવ્યો છે.

# જિલ્લા ભાજપ પૂર્વ પ્રમુખનાં ગેરકાયદે બિલ્ડિંગ સામે માજી મંત્રી મેદાને




જૂનાગઢ શહેરમાં ઝાંઝરડા રોડ પર જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ કિરીટ પટેલ દ્વારા ક્રિષ્ના આર્કેડ નામનું ગેરકાયદેસર કોમ્પ્લેક્સ ખડકી દેવામાં આવ્યું હોવા અંગે પૂર્વ કેબિનેટ મંત્રી જવાહર ચાવડાએ તા. 24-10-2024 મનપાના કમિશનરને પુરાવા સહિત ફરિયાદ કરી હોવા છતાં આજ દિન સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી અને તેનો કોઈ પ્રત્યુત્તર પણ ન આપ્યો ! આ બિલ્ડિંગ અંગે લોગ પાર્ટીના પ્રમુખે પણ ફરિયાદ કરી છે. પૂર્વ મંત્રી જવાહર ચાવડાએ જીલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ અને હાલ જીલ્લા સહકારી બેંકના ચેરમેન કિરીટ પટેલના ક્રિષ્ના આર્કેડ મુદ્દે 6 માસ પહેલા ફરિયાદ કરી હતી કે, તેઓએ વોકળો તથા સરકારી ખરાબાને માલિકીનો દર્શાવી બાંધકામની મંજુરી મેળવી લીધી છે અને બાંધકામ કરી બી.યુ. સર્ટી મેળવી લીધુ છે. હકીકતે તેના પ્લોટમાં એક કે બે માળની જ મંજુરી મળે તેમ હતી. આઠ માળનું હાઈરાઈઝ બિલ્ડીંગ બનાવવા કિરીટ પટેલે તેને લાગુ ખરાબો તથા વોકળો માલિકીનો દર્શાવી બિલ્ડીંગ ખડકી દીધુ છે. તેની ફરિયાદ ભાજપના જ અગ્રણી અને પૂર્વ મંત્રીએ કરી છે. આ ઉપરાંત લોગ પાર્ટીના પ્રમુખ અલ્પેશ ત્રાંબડીયાએ પણ તેની ફરિયાદ કરી છે. અલ્પેશ ત્રાંબડીયા અવાર-નવાર કમિશનર પાસે ક્રિષ્ના આર્કેડ અંગે શું કાર્યવાહી થઈ તેની માહિતી મેળવવા માટે અપીલ કરી રહ્યા છે. મનપા દ્વારા ક્રિષ્ના આર્કેડના ગેરકાયદેસર બાંધકામ સામે શું કાર્યવાહી થઈ તેની માહિતી આપવામાં આવતી નથી. તેને બદલે પૂર્વ મંત્રી જવાહર ચાવડાએ ફરીવાર તા. 15-4-2025ના જે રજુઆત કરી તેની નકલ આપી દેવામાં આવી છે. જવાહર ચાવડાએ મનપાના કમિશનરને જે ફરિયાદ કરી તે મુજબ ક્રિષ્ના આર્કેડ મુદ્દે રજુઆત કરી હતી.

તેમાં ઈમ્પેક્ટ ફી અનુસંધાને અરજી થયેલી છે. ખોટી મંજુરી, ખોટું બાંધકામ તેમજ શહેરને પૂર જેવી પરિસ્થિતિમાં ફેરવી દે તેવું વોકળાનું દબાણ ઈમ્પેક્ટ ફી હેઠળ આવરી શકાય ? તેવો સવાલ પૂછ્યો છે. ક્રિષ્ના આર્કેડની બાંધકામ મંજુરી માટે રજુ કરાયેલા નકશાઓમાં છેડછાડ થયેલી છે. તેમજ ખોટી માહિતી માટેનું સોગંદનામું રજુ કરેલ છે. ખોટું સોગંદનામું રજુ કરવું તે કાયદાકીય ગુનો ગણાય છે જેથી નિયમ મુજબ કાર્યવાહી કરવા માંગ કરી છે. જો આવું બને તો સામાન્ય માણસનો સરકાર અને સરકારી નિયમો માટે વિશ્વાસ ડગી જાય. સરકાર સાથે છેતરપિંડી કરી હોય તેની સામે દાખલારૂપ કામગીરી થવી જોઈએ. આ ઉપરાંત તા. 24-10-2024ના જે રજુઆત કરી છે તેનો હજુ સુધી કોઈ પ્રત્યુત્તર મળ્યો નથી જેથી બંને રજુઆતનો પ્રત્યુત્તરની અપેક્ષા સાથે મુખ્યમંત્રીને પણ રજૂઆત કરી છે.

# રાજકોટમાં નર્સની છરીના ઘા ઝીંકી હત્યા, પોલીસે પાડોશમાં રહેતા શખસની ધરપકડ કરી



રાજકોટમાં નર્સની હત્યાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. ઋષિકેશ સોસાયટીમાં રહેતી 52 વર્ષીય ચૌલાબેન પટેલની તેના પાડોશમાં રહેતા કાનજી વાંજા નામના શખસે છરીના ઘા ઝીંકી હત્યા કરી નાખી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરીને પૂછપરછ શરૂ કરી છે. નોંધનીય છે કે, મૃતક મહિલા મૂળ અમદાવાદના વતની છે અને હાલ રાજકોટની કેન્સર હોસ્પિટલમાં નર્સ તરીકે નોકરી કરતી હતી. જાણો શું છે મામલો

મળતી માહિતી અનુસાર, મૃતક ચૌલાબેન પટેલની પાછળની શેરીમાં રહેતા 34 વર્ષીય કાનજી વાંજા રાત્રે મહિલાના મકાને આવ્યો હતો. બાદમાં તેણે મહિલા સાથે બળજબરી કરી કરી હતી. પરંતુ મહિલાએ પ્રતિકાર કરતા આરોપીએ તેને છરીના ઘા ઝીંકી દીધા હતા. આ બનાવ અંગે મહિલાના પરિવારજનની ફરિયાદ પરથી યુનિવર્સિટી પોલીસે આરોપી સામે ગુનો નોંધી તજવીજ હાથ ધરી છે. આ બનાવના પગલે યુનિવર્સિટી પોલીસ મથકના PI સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. હાલ પોલીસે આરોપીની ધરપકડ કરીને પૂછપરછ શરૂ કરી છે. આ પણ વાંચોઃ નખત્રાણાના સમૂહલગ્નમાં આમંત્રિત મહંત પર હિચકારો હુમલો, સાત લોકો સામે ફરિયાદ

ઉલ્લેખનીય છે કે, મૂળ અમદાવાદના વતની ચૌલાબેન ઋષિકેશ સોસાયટીમાં તેમના ઘરની પાછળ જ રહેતા શખસે હત્યા કરી નાખી હતી. આ મહિલા અગાઉ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં નર્સ તરીકે નોકરી કરતા હતા અને ચારેક માસથી તેમની અહીં રાજકોટ બદલી થઈ હતી. પરંતુ પરિવારજનોએ અમદાવાદ રહેવાની વાત કરતા તેમણે બદલી અંગેની વાત કરી હતી.


# 5 દિવસથી બંધ ગુજરાતનાં 8, દેશનાં 32 એરપોર્ટ ફરી ધમધમતાં




પાકિસ્તાનના સરહદી વિસ્તારોમાં ઉશ્કેરણીજનક હવાઈ હુમલાઓના પગલે ગત તા. 7થી આગામી તા. 15 મેની સવારના 5.29 સુધી ઉત્તર અને પશ્ચિમ ભારતના સરહદી વિસ્તારોમાં એરપોર્ટ નાગરિક ઉડ્ડયન માટે બંધ કરવામાં આવ્યા હતા પરંતુ, હાલ બન્ને દેશ વચ્ચે યુધ્ધ વિરામના નિર્ણયના પગલે અને ગઈકાલે રાત્રે કોઈ તણાવ નહીં સર્જાતા ગુજરાતના રાજકોટ સહિત 8 એરપોર્ટ સહિત દેશના 32 એરપોર્ટ આજથી તાત્કાલિક અસરથી શરૂ કરવામાં આવ્યા છે.

સિવિલ એવીએશન મંત્રાલય અનુસાર 32 એરપોર્ટ ઉપર નાગરિક વિમાન સંચાલન ઉપર કામચલાઉ પ્રતિબંધને આજે ઉઠાવી લેવામાં આવ્યો છે અને આ એરપોર્ટ હવે તાત્કાલિક અસરથી નાગરિકો માટે ઉપલબ્ધ થશે. કામચલાઉ બંધ કરાયેલા વિમાનમથકોમાં ગુજરાતના ભૂજ, જામનગર, કંડલા, કેશોદ, મુંદ્રા, નલિયા, પોરબંદર અને રાજકોટ સમાવિષ્ટ છે જેમાં રાજકોટ એરપોર્ટ સૌથી ધમધમતું છે જ્યાં રોજ સરેરાશ 3000થી વધુ હવાઈયાત્રિકો મુસાફરી કરે છે. આ ઉપરાંત દેશના રાજસ્થાન, પંજાબ, જમ્મુ કાશ્મીર વગેરે રાજ્યોના અમૃતસર, આદમપુર, અંબાલા, અવંતિપુર, ભટીંડા, બીકાનેર, ચંદીગઢ, હલવારા, હિન્ડોન, જેસલમેર, જમ્મુ, જોધપુર, કિશનગઢ, કુલ્લુ મનાલી, લેહ, લુધિયાણા, પઠાણકોટ, પતિયાલા, સરસવા, શીમલા, શ્રીનગર, થોઈસે, ઉત્તરલઈ વગેરે તમામ 32 એરપોર્ટ આજથી શરૂ કરી દેવાયા છે. મંત્રાલય દ્વારા મુસાફરોને એવી સલાહ અપાઈ છે કે એરલાઈન્સ સાથે સંપર્કમાં રહીને તેઓ સીધા ફ્લાઈટનું સ્ટેટસ તપાસે અને નિયમિત અપડેટ માટે એરલાઈન્સની વેબસાઈટ પર નજર રાખતા રહે. ઉલ્લેખનીય છે કે પાંચ દિવસથી આ એરપોર્ટ પરની તમામ ફ્લાઈટ બંધ થઈ હતી અને હજારો ટિકીટ્સ કેન્સલ થઈ હતી અને હવે એરપોર્ટ શરૂ થઈ રહ્યા છે ત્યારે સમયમાં ફેરફાર સહિતની બાબતો સંભવ છે. ઈન્ડીગોએ જણાવ્યું છે કે બધી ફ્લાઈટ પૂર્વવત્ થતા સમય લાગી શકે છે, મોડુ થઈ શકે છે અને છેલ્લી મિનિટોના એડજસ્ટમેન્ટ થઈ શકે તેથી ફ્લાઈટ્સનું સ્ટેટસ ચેક કરતા રહેવું. તા.૨૨ મે સુધી પ્રવાસની તારીખ બદલવાથી એટલે કે રિશિડયુલ કરવા માટે ચાર્જમાંથી મુક્તિ તેમજ કેન્સેલેશન ફીમાંથી મુક્તિની સુવિધા માત્ર જે એરપોર્ટ બંધ રહ્યા હતા તે માટે અપાશે. એર ઈન્ડીયાએ પણ રાજકોટ,ભૂજ,જામનગર, જમ્મુ, શ્રીનગર, અમૃતસર, ચંડીગઢ, જોધપુર વગેરેથી આવતી-જતી ફ્લાઈટ શરૂ કરી છે.

# માણાવદરમાં પૈસા માટેના ઝઘડામાં મિત્રોના હાથે યુવકની કરપીણ હત્યા




માણાવદરમાં રહેતા અને મજૂરી કામ કરતા યુવક સાથે રૂા. 2,000ની લેતી દેતી બાબતે ઝઘડો થતાં તેના ત્રણ મિત્રોએ લાકડાનો ઘા ઝીંકી હત્યા નિપજાવી હતી. હત્યા બાદ યુવકની લાશને ઢસડી રસાલા ડેમ નદીમાં નાખી દીધી હતી. માણાવદર પોલીસે યુવકના મૃતદેહને જામનગર પેનલ પોસ્ટમોર્ટમ માટે મોકલી છે. પોલીસે હત્યા નીપજાવનાર ત્રણ પૈકી બે યુવકોને ઝડપી લીધા છે. પ્રાપ્ત વિગત મુજબ, માણાવદરના રાવલપરા વિસ્તારમાં રહેતો અને મજૂરી કરતો રોહિત ભુપતભાઈ સોલંકી છેલ્લા આઠ દસ દિવસથી માણાવદર ખાતે તેના મિત્ર રમેશ ઉર્ફે દિનેશ બચુભાઈ સોલંકી સાથે જ ફરતો અને તેના ઘરે જ રહેતો હતો. રમેશભાઈના ઘરે તેના મહેમાનના બે દીકરા દિલિપભાઈ કિશોરભાઈ અને અજય ધીરૂભાઈ બંને(રહે. જાંબુડી વિસાવદર) પણ હતા. તા. 10ના સવારે રોહિત, દિલીપ અને અજયભાઈ સાથે ચા પાણી પીવા ગયા બાદ રસાલા ડેમે થઈ રમેશભાઈના ઘરે પરત ફર્યા હતા. રોહિત સોલંકી પાસે રૂા.૨ હજાર હતા. જેથી સાથે રહેલા દિલીપભાઈ, અજયભાઈ તથા રમેશભાઈ ત્રણેય મિત્રોએ રોહિત પાસે રૂપિયા માગ્યા હતા. રૂપિયા આપવાની ના પાડતા લેતી દેતી બાબતે ઝઘડો ઉગ્ર થયો હતો અને રોહિતના કાન ઉપર તથા માથામાં ધારદાર લાકડાનો ઘા ઝીંકતા ગંભીર ઈજા થવાથી રોહીતનું મોત થયું હતું. ત્યારબાદ ત્રણેય મિત્રોએ પુરાવાનો નાશ કરવા રોહિતની લાશને ઢસડી માણાવદર બાટવા રોડ પર રસાલા ડેમ નદીમાં નાખી દીધી હતી અને ત્યાંથી નાસી ગયા હતા. બનાવ અંગે રોહિત સોલંકીના ભાઈ રવિભાઈ સોલંકીએ રમેશ ઉર્ફે દિનેશ બચુ સોલંકી, દિલીપ કિશોરભાઈ અને અજય ધીરૂભાઈ સામે પૈસાની લેતી દેતી બાબતે ઝઘડો કરી રોહિતની હત્યા નિપજાવ્યા અંગે ફરિયાદ નોંધાવી હતી. માણાવદર પોલીસે આસપાસના વિસ્તારમાં તપાસ કરી રમેશ ઉર્ફે દિનેશ બચુ સોલંકી અને જાંબુડી સામે રહેતા દિલીપ કિશોરભાઈને માણાવદરથી ઝડપી લીધા છે અને ફરાર જાંબુડીના યુવક અજય ધીરૂભાઈને ઝડપી લેવા વિવિધ દિશાઓમાં તપાસ હાથ ધરી છે. પોલીસે હત્યાનું મૂળ કારણ શોધવા ઝડપાયેલ બંને શખ્સોની ઊંડાણપૂર્વકની પૂછપરછ હાથ ધરી છે અને રોહિત સોલંકીના મૃતદેહને જામનગર પેનલ પીએમ માટે મોકલવામાં આવ્યો છે.

# પોરબંદરમાં માતાની મૈયતમાં જતા પુત્રનું અકસ્માતમાં મોત




ગ્રીન લેન્ડ ચોકડીથી આજી ડેમ ચોકડી તરફ જતાં રસ્તા પર આજે સવારે પેસેન્જરોથી ભરેલી રીક્ષાને પાછળથી ધસી આવેલી કારે હડફેટે લેતા પોરબંદરમાં રહેતા અને માતાની મૈયતમાં જતાં યુસુફભાઈ અનવરભાઈ મુકાદમ (ઉ.વ.૫૦)નું મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે ચારેક પેસેન્જરોને ઈજા થઇ હતી. અકસ્માત સર્જ્યા બાદ કાર ચાલક ભાગી ગયો હતો. આજી ડેમ પોલીસે ઘાયલ પેસેન્જર ગોપાલભાઈ કરશનભાઈ પઢારિયા (ઉ.વ. 38, રહે. રામપાર્ક શેરી નં. 2, કુવાડવા રોડ)ની ફરિયાદ પરથી હિટ એન્ડ રનનો કેસ નોંધી કાર ચાલકની શોધખોળ શરૂ કરી છે. આજે વહેલી સવારે ગ્રીન લેન્ડ ચોકડીથી સીએનજી રિક્ષામાં બેસી સાતેક પેસેન્જરો રવાના થયા હતાં. યુવરાજનગર મફતિયાપરા સામેના રોડ પર રિક્ષા પહોંચતાં પાછળથી પૂરપાટ વેગે ધસી આવેલી કારે રિક્ષાને હડફેટે લેતાં રિક્ષા પલ્ટી ખાઇ ગઇ હતી. એટલું જ નહીં તેનો બૂકડો બોલી ગયો હતો. રિક્ષામાં બેઠેલા મૂળ પોરબંદરના અને હાલ અમદાવાદ રહેતાં યુસુફભાઈનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. જ્યારે ચારેક પેસેન્જરોને ઈજા થતાં સિવિલમાં ખસેડાયા હતાં. જાણ થતાં આજી ડેમ પોલીસ સ્થળ પર પહોંચી ગઇ હતી અને જરૂરી કાર્યવાહી કરી હતી. પોલીસે જણાવ્યંય કે મૃતક યુસુફભાઈ અમદાવાદમાં મચ્છીનો વેપાર કરતાં હતાં. તેના માતાનું અવસાન થતાં મૈયતમાં સામેલ થવા અમદાવાદથી રાજકોટ આવ્યા હતાં. ગ્રીન લેન્ડ ચોકડીથી રિક્ષામાં બેસી બીજા વાહનમાં પોરબંદર જવા માટે ગોંડલ ચોકડીએ જતા હતા ત્યારે આ અકસ્માત નડયો હતો. તેને સંતાનમાં બે પુત્રી અને એક પુત્ર છે. અકસ્માતને પગલે રિક્ષાનો બૂકડો બોલી ગયો હતો. રિક્ષા પલ્ટી ખાઇ જતાં તેમાં બેઠેલા તમામ મુસાફરો રોડ પર પટાકાયા હતાં. ઘવાયેલાઓમાં ગોંડલના વિવેક શુક્લા, અમદાવાદના જેઠાભાઈ ચૌહાણ, ફરિયાદી ગોપાલભાઈ સહિત કુલ ચારનો સમાવેશ થાય છે.

# સૌરાષ્ટ્રમાં વાદળછાયા વાતાવરણમાં વધુ ત્રણ ઇંચ સુધી કમોસમી વરસાદ

## વર્ષ 2000માં વરસાદના કારણે ગણના બંધ રહી હતી : તમામ સિંહોનો ગણતરીમાં સમાવેશ થઈ શકે એ માટે પાણીનાં કૃત્રિમ પોઈન્ટનો ઉદ્દેશ મુખ્ય હોય છે પરંતુ તે જ ન જળવાયો




આજથી શરૂ થયેલો સિંહોની ગણતરીનો આખરી તબક્કો આવતીકાલે બપોરે 2 વાગ્યે પૂર્ણ થઈ જશે. 25 વર્ષ પહેલા સિંહ ગણતરી સમયે જ કમોસમી વરસાદ થતા એક વર્ષ ગણતરી પાછી ધકેલાઈ હતી. આ વખતે ગણતરીના ચાર-પાંચ દિવસ પૂર્વેથી કમોસમી વરસાદ શરૂ થઈ ગયો છે. નિષ્ણાંતોના મત મુજબ ખરા અર્થમાં આવી સ્થિતિ વચ્ચે ગણતરી મોકૂફ રાખવી જોઈએ પરંતુ એમ થયું નથી ત્યારે ધોધમાર વરસાદ વચ્ચે થયેલી ગણતરીમાં સામે આવનારા સિંહોની સંખ્યાના આંકડા પર સવાલો ઉભા થતા રહેશે.દર પાંચ વર્ષે યોજાતી ગણતરીમાં છેલ્લા બે વખતથી કંઈક ને કંઈક વિઘ્ન આવ્યે રાખે છે. વર્ષ 2020માં કોરોના આવ્યો, વર્ષ 2025માં ભર ઉનાળે યોજાયેલી ગણતરીમાં ધોધમાર વરસાદ આવ્યો છે. કોરોના સમયે ગણતરી બંધ રાખી પૂનમ અવલોકનના આધારે આંકડા જાહેર કરવામાં આવ્યા હતા. આ વખતે સિંહોના વસવાટવાળા તમામ વિસ્તારમાં ભારેથી અતિ ભારે વરસાદ વરસવાના કારણે ગણતરી કરવી પડકારજનક અને મુશ્કેલ બની ગઈ છે. સિંહોની ગણતરી દરમ્યાન સાચી સંખ્યા બહાર આવે તે ઉનાળો જ પસંદગીનો મુખ્ય સમય છે એટલા માટે જ શિયાળામાં કે ચોમાસામાં ગણતરી થતી નથી. ઉનાળામાં ગણતરી કરવાનું મુખ્ય કારણ એ છે કે, સિંહોને કુદરતી પાણીને બદલે પાણીના કૃત્રિમ પોઈન્ટ પર નિર્ભર રહેવું પડે છે અને ગણતરીકારો પાણીના તમામ સ્ત્રોત પર નજર રાખે એટલે મોટાભાગના સિંહોનો ગણતરીમાં સમાવેશ થઈ જાય છે. વરસાદના કારણે સમગ્ર ગીર ઉપરાંત સિંહોના વસવાટવાળા બહારના વિસ્તારમાં પણ ચોમાસુ માહોલ થઈ ગયો છે, જેના કારણે અનેક સિંહો ગણતરીની બહાર રહી જાય તેવી પુરેપુરી શક્યતાઓ નિષ્ણાંતો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.5વર્ષ 2000માં આવી જ સ્થિતિ થઈ હતી જેના કારણે સિંહોની ગણતરી બંધ રાખી વર્ષ 2001માં ઉનાળાના સમયે ગણતરી કરવામાં આવી હતી. આ વખતે પ્રથમ તબક્કાની ગણતરી શરૂ થઈ ત્યારે અને તે પહેલા સમગ્ર વિસ્તારમાં વરસાદી માહોલ હતો જેના કારણે નિષ્ણાંતોને હતું કે કદાચ ગણતરી મોકૂફ રાખવામાં આવે પરંતુ તેવું ન થયું. આજે બીજા તબક્કાની ગણતરી શરૂ થઈ ત્યારે પણ અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે છતાં પણ વનતંત્રએ ગણતરી ચાલુ જ રાખી છે. અનેક એવા વિસ્તારો છે કે જ્યાં વરસાદના કારણે પ્રથમ તબક્કાની ગણતરીમાં પહોંચવું અશક્ય જેવું હતું, તેવું જ આખરી તબક્કામાં પણ અનેક સ્થળો પર થયું છે. આવી સ્થિતિના કારણે જે આંકડા જાહેર થાય તેના પર કાયમી માટે સવાલો ઉભા થતા રહેશે કે, અનેક સિંહો ગણતરીમાં આવી શક્યા નથી, ગણતરી પર જ સવાલો ઉભા થાય તેમ વન વિભાગના કેટલાક

નિવૃત્ત ઉચ્ચ અધિકારીઓ પણ માની રહ્યા છે.સરકાર માટે ગૌરવની સાથે ચિંતાનો પણ વિષય નાનકડાં ગીરમાંથી સિંહોનો વ્યાપ હવે સૌરાષ્ટ્રભરમાં : વર્ષ 1990માં સિંહો માત્ર 6600 ચોરસ કિ.મી. વિસ્તારમાં હતા, હવે 35,000 ચોરસ કિ.મી.માંજૂનાગઢ, સિંહોની વસ્તી ગણતરી ચાલી રહી છે. અગાઉની ગણતરીઓના આંકડા મુજબ સિંહોની સંખ્યા અને તેના વિસ્તારમાં સતત વધારો નોંધાયો છે. આ વખતે ગણતરીમાં સિંહોનો વિસ્તાર વધારવામાં આવ્યો છે.

હવે સંખ્યામાં કેટલો વધારો દર્શાવે છે તે અંગે અનેક અટકળો ચાલી રહી છે. છેલ્લી 7 ગણતરીના ડેટા પર નજર કરીએ તો સિંહોના વિસ્તારમાં ખુબ મોટો વધારો થયો છે. 6600 ચોરસ કિલોમીટરમાંથી 35,000 ચોરસ કિલોમીટરે સિંહોનો વ્યાપ પહોંચ્યો છે. જેમ જેમ સિંહોની સંખ્યા વધતી જાય છે તેમ તેનો વિસ્તાર પણ વધે છે.જંગલ સિવાય બહારનો વિસ્તાર સિંહો માટે જોખમી પણ છે. જેમાં વીજ કરંટ, ખુલ્લા કુવા, રોડ અકસ્માત, ટ્રેન અકસ્માત, ફાંસલા સહિતના અનેક જોખમ મંડરાયેલા છે. વન વિભાગ સિંહોની વસ્તીની સાથે વિસ્તાર વધી રહ્યો છે તે વન વિભાગ માટે ગૌરવ સાથે ચિંતાનો વિષય પણ તેટલો જ છે.

રેવન્યુ વિસ્તારમાં અનેક સિંહો કમોતે મરી રહ્યા છે. બહારના વિસ્તારમાં સિંહોના કમોત અટકાવવા વન વિભાગ માટે એક પડકાર બની ગયો છે. હાલમાં ચાલી રહેલી સિંહોની ગણતરીમાં વન વિભાગ સિંહોની સંખ્યાનો આંક ક્યાં પહોંચાડશે તે અંગે અનેક ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

Editor : **KANTILAL AMBARAMBHAI PATEL** Publisher, Printer & Owner : **DILIP NANJIBHAI PATEL**
Place of Publication : **C-255, WEST GATE COMPLEX, 150 FEET RING ROAD, NEAR RAIYA CHOWK, RAJKOT-360007 GUJARAT**
Printed At : **RP PUBLICATION, 31 A, JALARAM INDUSTRIAL ESTATE, NH 8/B, RUDA TRANSPORT NAGAR, POST: SOKHADA, RAJKOT-360003 GUJARAT**
**Editor : Responsible for selection of news under PRB Act. Mumbai Tarang (Estd 2023)**